Hasya No Highway (Gujarati)

Sairam Dave

મસ્તીનાપુરના ખડખડાટ
હાસ્યલેખોનો સંગ્રહ

હાસ્યનો Highway

સાંઈરામ દવે

નવી સદીનો શ્રેષ્ઠ હાસ્યકલાકાર





આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

‘હાસ્યમલકનો હસાળવો માનવી’ એટલે હાસ્યકાર સાંઈરામ દવે!

વિશ્વવિખ્યાત હાસ્યકાર ચાર્લી ચૅપ્લિને પોતાની આત્મકથામાં લખ્યું છે કે મારા જીવનમાં હાસ્ય ન હોત તો હું જીવી જ ન શક્યો હોત!

જીવવા માટે અનાજ-પાણી અને શ્વાસનું જેટલું મહત્ત્વ છે એટલું મહત્ત્વ હાસ્યનું પણ છે, તેમ છતાં આજે મોટાભાગના માણસો કોણ જાણે કેમ હસવાનું ભૂલી ગયા છે. હાસ્ય તો ‘સબ દુ:ખોં કી એક દવા’ જેવું છે, એટલે તો ડૉક્ટરો પણ કહેતા થઈ ગયા છે કે Laughter is the best Medicine **!**

રોજબરોજના જીવનમાં આવતી મુશ્કેલીઓ, વિટંબણાઓ અને હાડમારીઓ-માંથી પેદા થતી હતાશા અને નિરાશાએ આજના માણસને હસવાનું ભૂલાવી દીધું છે. મુશ્કેલીઓ અને વિટંબણાઓ તો પેલા ચાર્લી ચૅપ્લિનના જીવનમાંય હતી પણ એ ટકી ગયો, માત્ર હાસ્યના જોરે જ!

મિત્રો, તમારા હાથમાં જે પુસ્તક છે એનાં પાને પાને રહેલું હાસ્યનું ટૉનિક નિરાશાઓથી તમને દૂર રાખશે અને જિંદગીનો સહજ આનંદ માણવા માટે તમને પ્રસન્ન અને હળવા કરી દેશે!

આ પુસ્તક તમને એક નવા જ હાસ્યમલકમાં લઈ જશે!

હાસ્યનો Highway

નવી સદીના શ્રેષ્ઠ હાસ્ય કલાકાર

સાંઈરામ દવે



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

110, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ 400 002
ટેલિ. (022) 22013441

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ 380 001
ટેલિ. (079) 25506573
Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

HASYANO HIGHWAY
Humorous Articles
Written by Sairam Dave
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai ☐ Ahmedabad

પ્રથમ આવૃત્તિ: મે, 2016

પ્રકાશક
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ 400 002 ☐ અમદાવાદ 380 001

Cataloging-in-Publication (CIP)

Dave, Sairam
Hasyano Highway / Sairam Dave
Ahmedabad: R. R. Sheth & Co. Pvt. Ltd., 2016
144 p ., 22 cm.
EISBN : 978-93-5122-416-7
(1) Humorous Articles I. Sairam Dave II. Title

અર્પણ

મારા જીવનમાં મિત્રતાના અવતાર સમા,
મારા શ્વાસની લિપિને ઓળખનારા,
મારા ભવોભવના મરદ ભાઈબંધ
મનીષ મહેતા
(ચીફ કમિશનર, ભારત સ્કાઉટ ઍન્ડ ગાઇડ, રાજકોટ)
ને
મોજથી
અર્પણ.....!!!

પ્રસ્તાવના

લોકસાહિત્યનો એક પ્રસિદ્ધ દૂહો છે કે -

**"વાતડિયું વિગતાળીયું અને જણ જણ જુજવીયું;
હકડી તળ ન પોગીયું ત્યાં તો દુજી ઊપડીયું."**

હાસ્યની મારી લેખમાળાનો ત્રીજો ભાગ વાંચકોના કરકમલોમાં મૂકતા આનંદની લાગણી અનુભવું છું. જનરલી દૂધમાંથી પૂળા નીકળતા હોય છે પરંતુ સર્જકો પૂળામાંથી દૂધ કાઢનારા હોય છે. કવિ કલાપીના ગમતા શબ્દો છે ને કે -

**"અમે જોગી બધા વરવા સ્મશાનો ઢૂંઢનારાઓ,
તંહી ના ભૂતને ગાઈ નચાવી ખેલનારાઓ,
જગત જેને કરી મુર્દા કબરમાં મોકલી દેતી,
અમે એ કાનમાં જાદુ અમારું ફૂંકનારાઓ."**

તમે જ્યારે આ પુસ્તકમાં લુંગીની આત્મકથા, ગાંઠિયા કે ભજિયાના લેખ વાંચશો ત્યારે ઈ ફીલ કરશો કે મેં પરકાયા પ્રવેશ કરવાની કોશિશ કરી છે. મારા વિષય અલગ હોય શકે પણ મારો હેતુ એકમાત્ર છે કે મારા વાંચકોનું સ્મિત અખંડ રહે.

મસ્તીનાપુરનો 'રાજકોટ શહેર'નો લેખ અને ભીમ અને હિડિંબાનો વૉટ્સઅપ ચેટ કે રાધા અને રુક્મિણીનો વૉટ્સઅપ ચેટવાળો લેખ લગભગ દરેક્ના મોબાઇલ પર વાયરલની જેમ મારા નામ વગર ફરે છે તોય રાજી થાઉં છું. પણ અમુક અભાગિયા મને જ મારો લેખ મોક્લે છે અને નીચે વળી દોઢા થઈને લખે છે કે "સાંઈરામભાઈ કો'ક જબરજસ્ત લેખકે આ લખ્યું લાગે છે. તમને કામ લાગશે એટલે મોક્લું છું. માર્કેટ મેં નયા આયા હૈ!"

આ નીચેનાં વાક્યો વાંચીને સાલ્લુ સમાધિ લઈ લેવાનું મન થાય. ટૅકનૉલૉજીની આ ટ્રેજેડી ઘણા સર્જકોને સહન કરવી પડે છે.

ખેર, નામ મેં ક્યાં રખ્ખા હૈ? આ વાક્યની નીચે પાછું શેક્સપિયરનું નામ આવે છે. મસ્તીનાપુરના અડધા પાનાથી તમારું આખું મોઢું જ્યારે હસે છે ત્યારે મને રાષ્ટ્રપતિ ઍવૉર્ડ મળ્યા જેટલો રાજીપો વરતાય છે.

આભાર માનવાના નામ તો જૂના જ છે પણ એનો ભાર ઘણો વધ્યો છે. સંદેશ દૈનિકના 'મસ્તીનાપુર' કૉલમ માટે તંત્રી શ્રી કૃષ્ણકાન્ત ઉનડકટ, તથા મેહુલભાઈ મક્વાણા, જીગર મિત્ર શ્રી અતુલ પંડ્યા, પ્રથમ શ્રોતા અશોક શેખડા અને મારા ત્રણેય ભાઈઓ મનીષ મહેતા, કિશન, અમિત અને મને ચીંટિયા ભરી ભરીને ઘણા વિષયો આપનાર મિત્ર ગુણવંત ચુડાસમાનો હૃદયથી આભાર.

મનીષ કામદાર અને પરિવારની પલાંઠી વાળીને કરેલી મહેનત પણ આ પુસ્તક પ્રકાશન માટે આભારી છે. આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. ના ચિંતનભાઈ જેને મારા પ્રયોગો યોગ્ય લાગે છે. એટલે થેંક્સ અગેઇન...!

મિત્ર જય વસાવડા અને કવિ અંકિત ત્રિવેદી અમે ત્રણેય એકબીજાને લેસન

આપીને નવું નવું કાંઈક કરવા સતત મથ્યા કરીએ છીએ તેનો પણ આભાર.

અંતે આભાર મસ્તીનાપુરના સર્વે વાંચકોનો અને તમારા સૌનો જેણે આ ખર્ચો કર્યો...!

નહીંતર અમારો ખર્ચો નીકળત કેમ?

સાંઈના રામ

અનુક્રમણિકા

ભજિયાંની ભૂખ

'ભજ' નામની ધાતુ પરથી 'ભજિયાં' શબ્દ ભૂમંડળ પર ઊતરી આવ્યો છે. ભજિયાંના અસ્તિત્વને અનાદિકાળથી કોઈ વિદેશી શત્રુઓ અને આક્રમણો પણ નામશેષ કરી શક્યાં નથી. મુઘલ, શક, હૂણ, પોર્ટુગીઝ, ફિરંગી કે અંગ્રેજ...! ભજિયાં ખાધા વગર કોઈએ આ ધરતી પર શાસન પૂર્ણ નથી જ કર્યું. (આવું કોઈ ઐતિહાસિક તવારીખમાં લખ્યું નથી. હું જસ્ટ ફોર ફન ફેંકી રહ્યો છું.)

મને એવું લાગે છે કે, 'ભજન' શબ્દની પાછળ જ માતૃભાષામાં 'ભજિયાં' શબ્દ ઊતરી આવ્યો હશે. એટલે જ તો અત્યારે પણ એ પરંપરાની રખેવાળી કરતાં ક્લાકારો 'ભજન'ના પ્રોગ્રામો પછી ભજિયાં આરોગે છે. આમ, ભજન અને ભજિયાં બંને એકબીજાના પર્યાય થઈ ચૂક્યાં છે. આપણાં અનેક સંત કવિઓએ ભજનમાં 'હરિને ભજિયાં' 'સદ્‌ગુરુને ભજિયાં' 'પ્રભુને ભજિયાં' નામોલ્લેખ કરી ભજિયાંનો મહિમા ગાયો છે.

સમ્રાટ અશોકનો શિલાલેખ ગિરનારની તળેટીમાં જેમ કોઈ વાંચી ન શકે એટલે તેનું મૂલ્ય ઘટી નથી જાતું. સેમ ટુ સેમ ભજિયાંની ઉત્પત્તિની કથાઓ કોઈ શાસ્ત્રો કે પુરાણોમાં મળતી નથી એટલે ભજિયાંનું મૂલ્ય સહેજ પણ ઘટી નથી જાતું. મને લાગે છે કે ઈશ્વરે પહેલાં બટાટાં બનાવ્યાં, ટામેટાં બનાવ્યાં, મેથી બનાવી, મરચાં બનાવ્યાં પછી આ બધાનો દ્વિતીય ઉપયોગ કેવો થઈ શકે એ વિચાર ઈશ્વરને આવ્યો હશે! આ બધાને કપડાં પહેરાવું તો? એ કલ્પનાએ ઈશ્વરે બટાટાં ને મરચાં ને ચણાના લોટનું ટીશર્ટ ડિઝાઇન કર્યું હશે. બસ, આવી જ રીતે આ ધરતી ઉપર અનેક નિશાચર ક્ષુધાતુર જીવાત્માઓની ક્ષુધાને સંતોષવા પ્રગટ ભૂખભંજક સ્વરૂપ 'ભજિયાં'નું અવતરણ થયું હશે.

ભજિયાં મહત્તમ વર્તુળાકારે જ અસ્તિત્વમાં આવે છે. ભજિયાં ગોળાકારે જ શા માટે હોય છે? આ પ્રશ્ન પૃથ્વી ગોળ છે કે લંબગોળ જેટલો જ પેચીદો છે. મારા મતે તો પૃથ્વી ગોળ છે, બંગડી ગોળ છે, તેલનો તાવડો ગોળ છે, બટાટાં અને ટામેટાં ગોળ છે, ગોળપાપડી અને લાડુ ગોળ છે, ચૂંટણી ટાણે પ્રજાની કોણીએ ગોળ છે. બસ તેથી જ ભજિયાં પણ ગોળ છે.

સમગ્ર સૃષ્ટિમાં ભજિયાંની થાળી મરચાં વગર ન શોભે. રસપાત્રાં એ ભજિયાંના જીગરજાન મિત્રોમાંનો એક છે. છાશ, કોલ્ડ્રિંક્સ અને ચટણી ભાય ડાછાપ ભજિયાંની ત્રણ ખટ્ટમીઠી સ્ત્રીમિત્રો છે. ભજિયાં સંગઠનનાં સૂત્રધાર છે. ગામડાંમાં વાડીઓમાં થતી અનેક મજેદાર ભજિયાંની પાર્ટીઓએ કેટલાંય ચૂંટણીનાં પરિણામો ફેરવ્યાનાં પરચા છે. આમ, સરપંચો-ધારાસભ્ય, સંસદ સભ્યોને જિતાડવા અનેક ભજિયાંઓએ શહાદત વહોરી છે. આ રીતે રાષ્ટ્ર ઘડતરમાં પણ ભજિયાંનો ફાળો અનન્ય છે. ઘણા બધાં શહેરોમાં ભજિયાં બનાવનારની આબરૂ એના ગામના પદાધિકારીઓ કરતાં વધુ હોય છે. આવું આ આધારભૂત વર્તુળમાંથી નહીં, પરંતુ ભૂખડી બારશ વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

ભજિયાંની વિશેષતા એ છે કે એ સદાય એના ધારકને ભૂખ્યો જ રાખે છે. આજીવન અને અખંડ ભજિયાં ભૂખ્યા ભેખધારીઓને પંજાબી, ચાઇનીઝ, મેકિસકન કે ઇટાલિયન ફૂડ ભજિયાં સામે કચરાના ડૂચા જેવું ભાસે છે. ભજિયાં એ વર્લ્ડ રોમિંગ ફૂડ છે. જ્યાં જ્યાં ગુજરાતીઓ વસ્યા છે ત્યાં ત્યાં વગર વિઝા, વગર ટિકિટ, વગર ઇમિગ્રેશને ભજિયાંએ પણ વસવાટ કર્યો છે.

ગુજરાતી ભાષાના સ્વાદપ્રેમી કવિ સાંઈરામે પોતાનો ભજિયાંપ્રેમ મંદાક્રાન્તા છંદમાં વર્ણવતાં લખ્યું છે કે –

લોટ ચણાનો પાણીમાં પલાળો,
તાવડો મૂકો તેલ ઉકાળો
બટાટાં ને મેથી મરચાંનાં ભજિયાં
રાતે તો સારા સવારે દેકારો!

જેમ ભજિયાં ખાતાં કોઈનું મન ધરાતું નથી એમ આ સુજ્ઞ કવિનો જીવ પણ ભજિયાંની કવિતા લખતાં ધરાતો નથી. અન્ય ચાર છપ્પયમાં કવિનો ભજિયાંપ્રેમ તેલની માફક નીતરતો સ્પષ્ટ દેખાય છે.

ભજિયાંના છપ્પય

ભજિયાં તારી ભૂખ – અમોને રાત જગાડે,
ભજિયાં તારી ભૂખ – દલમાં લાય લગાડે,
ભજિયાં તારી ભૂખ – જાગતી હરેક રૂંવાડે,
ભજિયાં તારી ભૂખ – ભલેને પેટ બગાડે,
ગોટાં, કેળાં, ફૂલવડાં અને મેથી-વાટીદાળ
મરચાંનાં ભજિયાં ખાવાથી આવે ન આંગણ કાળ

ભજિયાંનંદ

હું છું ભજિયાંનંદ – નિત્ય ભજિયાંનો ભોગી
હું છું ભજિયાંનંદ – સતત મરચાંનો યોગી
હું છું ભજિયાંનંદ – ભલે ચટણી વિયોગી
હું છું ભજિયાંનંદ – ખાઉધરો અણનમ જોગી
ભજિયાં મારા ભજન, સમાધિ, ભજિયાં મારો નાથ
મેં ભજિયાંમાં દીઠા ‘સાંઈ’ જીવતાં દીનાનાથ,

ભજિયાં ભ્રમણ

અમરેલી ‘જય હિન્દ’ નાં ગોટાં જે કોઈ ખાવે
સુરનગર ‘ભાભીનાં’ ભજિયાં મન લલચાવે
ગોધરિયે ‘પેટ્રોલ પંપ’ નાં મન ડોલાવે
ડાકોરિયા ગોટાં જીભડિયે સ્વાદ ચખાવે
જેતપુરમાં ‘વજુગીરી’ ને જામનગરમાં ‘ઊમિયા’
ગોંડલમાં દરબાર-દયાળજીનાં ભજિયાં ઠારે કજિયા.

હાઉક્લી

ભજિયાં ખાવ

ભજિયાં ખાવાં હોય તો એક વાર રાયપુર આવો
મણિનગર ને ચાંગોદર, 'ભઠ્ઠી'નાં ખાઓ
રાજકોટમાં 'મયૂર' 'મનોહર' નો લ્યો લહાવો
મેટોડાથી 'બાલાજી' નાં તરત મંગાવો
વડોદરે 'લાલા કાકા'ના, સુરતે 'કુંભણિયા' નાં
ગાંધીનગરે 'બટુકનાં ગોટાં' 'સાંઈ' કહે શં હા-ના?

અબ કી બાર ગાંઠિયા-સંભાર

ભજિયાંનો રસાસ્વાદ તમે મસ્તીનાં પૂરમાં માણ્યો. રાત્રે પ્રોગ્રામ પૂરો કરી હું રોડે ચડ્યો. અમારા કલાકારો માટે 'ચા અમારી કુળદેવી અને ગાંઠિયા અમારા સૂરાપૂરા' સમાં આદરણીય અને સન્માનીય હોય છે. મેં પણ અઢીસો વણેલાનો ઑર્ડર આપ્યો. જોકે, જે પસ્તી પર ગાંઠિયા આવ્યા તે જોઈ હું સાવ ઠરી જ ગયો. ચૂંટણી ટાણે જેમ બે પક્ષ ભેગા થઈ ત્રીજા પક્ષનો વારો કાઢી નાંખે એમ એક જ પળે એક જ થાળીમાં મને ગાંઠિયા ને ભજિયાં બંને સાથે મળ્યાં. તમામ પક્ષોનો પ્રચાર અને ચૂંટણી ઢંઢેરો સાંભળીને જેમ અટાણે જનતા મૌન થઈ ગઈ છે એવી જ દશા મારી પણ થઈ.

મને મૌન ભાળીને ગાંઠિયાને વાચા ફૂટી કે કાં કલાકાર કેમ છો? મેં કહ્યું કે અરે, ગાંઠિયા મહારાજ સમગ્ર કલાકારોની નાતવતી તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે, કારણ કે અમને નબળું પાતળું પેમેન્ટ આપીને આયોજકો જ્યારે પ્રોગ્રામ સ્થળેથી રજા આપી દ્યે છે.ત્રણ ત્રણ કલાક નોનસ્ટોપ તાળીઓ પાડનારા શ્રોતાઓ કોરેકોરી પીઠ થાબડીને જ્યારે ઘર ભેગા થઈ જાય છે. કલાકારની વાહવાહ બધા કરે છે પણ કલાકારે 'કાંઈ ખાધું છે કે નહીં?' આવી ચિંતા ભાગ્યે જ કોક કરે છે આમેય

'જો સાઝ સે નીકલી હૈ, વો ધૂન સબને સૂની હૈ,
ક્યા સાઝ પે ગુજરી હૈ, યે કિસ દિલ કો પતા હૈ.'

અડધી રાતનો ગજર ભાંગ્યો હોય ત્યારે અમારા ખિસ્સામાં જુવાનીની એક રાત વેચીને મેળવેલો પુરસ્કાર હોય, ખભા ઉપર ચાહકોની તાળીઓ, વાહ વાહ અને પડકારાનું પોટલું હોય અને નસેનસમાં એક થાકોડો, એક ખાલીપો વરતાતો હોય છે ત્યારે હે ગાંઠિયાદેવ જગત ભરનાં રસોડાંમાં ખીચડીઓ સૂઈ ગઈ હોય છે. શાક એંઠવાડ થઈ ગયાં હોય છે.રોટલા રોટલી, ભાખરી, પરોઠા એના બેડરૂમમાં ઘોંટાઈ ગ્યા હોય છે ત્યારે 'ભાંગ્યાનો ભેરુ ગોપીચંદને ગેરુ' જેવો એક પારકી છઠ્ઠીનો જાણતલ, એક ગાંઠિયો જ હાઈવેની કોક રેંકડીએ જાગતો પડ્યો હોય છે. એક જ આશાથી કે કોક થાકેલો પાકેલો કલાકાર આવે અને મને પ્રેમથી પોકારે તો હું એની આંતરડી ઠારું.

કલાકારોના પ્રજ્વલિત જઠરાગ્નિના અડધી રાતના યજ્ઞમાં એક ગાંઠિયા નામનું સમિધ જ ગ્રાહ્ય છે.

'ઈદ્‌મ ન મમ: ગાંઠિયાય સ્વાહા!' 'ૐ ફ્ટ્ટ ફ્ટ્ટ કુરુ ફ્ટ્ટ, ગાંઠિયા ફ્ટ્ટ ફાફડા વણેલા સ્વાહા કે પછી 'ૐ હ્રીં શ્રીં', સંભારાય ગાંઠિયાય મરચે નમ:

આવા મનોમન ભૂખવેદના શ્લોકો સાથે કલાકારો અને કલાકારોની જેમ જ શહેરની ગલીઓમાં ઘૂમનારા અસંખ્ય નિશાચરોની ક્ષુધાને તૃપ્ત કરનારા હે ગાંઠિયા મહારાજ તું મહાન છો... તું જ મહાન છો!

મારી આટલી વાત સાંભળી ગાંઠિયો ભીની આંખે બોલ્યો કે થૅન્ક્યુ દોસ્ત! તમને

મારી આટલી કિંમત છે એટલે આજ દિલ ખોલું છું કે આ તો મારો જન્મ કળિયુગમાં થયો એટલે સમગ્ર પ્રજાને મારી કિંમત નથી. બાકી જો હું સતયુગમાં જન્મ્યો હોત તો અમૃત માટે નહીં ગાંઠિયા માટે સમુદ્રમંથન થાત. મને માત્ર નાસ્તો ગણનારા લોકોને યાદ અપાવું કે હું કેટલાય ગરીબોના ભોજનની થાળી છું, જ્યારે કોઈને ACDT કે પેટની બીમારી થાય છે કે ગામના સુઘરીને ઘુઈડ થઈ ગયેલા ચોખલિયા ડૉક્ટર તરત દર્દીને કહી દે છે કે બહારના ગાંઠિયા ખાવાનું બંધ કરો. ત્યારે મને દુ:ખ થાય છે વળી અડધી રાતે ઈ જ ડૉક્ટર પોતાના મિત્રો સાથે પોતાની નવી મર્સિડીઝ રેંકડીથી દૂર રાખીને મારા ગાંઠિયા ખાવા આવે છે. અહો આશ્ચર્યમ્!

ગાંઠિયો એક હીબકું ભરી પોતાના હૈયાની વાત મારી સામે ઠાલવે છે કે સાંઈરામ, ઓલ ઇન્ડિયા ગાંઠિયા સમાજ વતી આપ મારી લાગણીને સમજો અને માંગણીનો સ્વીકાર કરો અને લોકોમાં 'ગાંઠિયા અને ગઠિયા' નો ભેદ સ્પષ્ટ કરો. ચૂંટણીની મોસમ છે અને લોકો ગઠિયાઓને ગાંઠિયાનાં જ સંતાનો માની રહ્યા છે જે વાત તદ્દન સત્યથી વેગળી અને તથ્યવિહોણી છે. સમગ્ર ગાંઠિયા સમાજ લાલઘૂમ થઈ રાષ્ટ્રના તમામ ગઠિયાઓ ઉપર માનહાની અને બદનક્ષીનો દાવો માંડે એ પહેલાં તમે આ વાત લોકહૃદયમાં કિસયર કરી દો. ભજિયાંમાં 'ભજ' જેવું કશું થાતું નથી છતાં એને 'ભજિયાં' કહેવાય છે. જ્યારે અમારામાં તો 'ગાંઠ' બને છે એટલે અમે 'ગાંઠિયા' કહેવાઈએ છીએ. ભજિયાં સાથે અમારે આકાર બાબતે સૈદ્ધાંતિક મતભેદ વરસોથી ચાલુ છે પણ, કિન્તુ પરંતુ, બીકોઝ અમે ભજિયાં કરતાં સમાજમાં વધુ આબરૂદાર છીએ.

બે મિત્રોના ઝઘડાને ઓગાળવાની તાકાત અમે ધરાવીએ છીએ. અરે, અમે તો એમ કહીએ છીએ કે અમેરિકા અને અફઘાનિસ્તાનને સાગમટે ગાંઠિયા ખવડાવી દો ઓલ પ્રૉબ્લેમ સૉલ્વ, ભારત-પાકિસ્તાનને ગાંઠિયા ખવડાવો પ્રૉબ્લેમ સૉલ્વ, સલમાન-શાહરૂખને ગાંઠિયા ખવડાવો પ્રૉબ્લેમ સૉલ્વ, ભાજપ-કોંગ્રેસને એક પંગતે ગાંઠિયા જમાડી દો ટોટલ પ્રૉબ્લેમ સૉલ્વ. સાંઈ, તમે દરેક જિલ્લામાં 'ગાંઠિયોત્સવ' ની ઉજવણી શરૂ કરાવો. ગુજરાતના એક ગાંઠિયાપ્રેમી ભૂતપૂર્વ મુખ્યપ્રધાન વખતે તો અમે સચિવાલયમાં સોંસરવા મુખ્યમંત્રીના બંગલે રોજ પહોંચતા હતા. ગાંઠિયાનો વિકાસ એ જ રાષ્ટ્રનો વિકાસ છે. હર હાથ ગાંઠિયા હર હાથ સંભારા, શ્રેષ્ઠ ગાંઠિયો. શ્રેષ્ઠ સમાજ. મૈં નહીં હમ, ગાંઠિયા મેં હૈ દમ, એક દો તીન ચાર, અબ કી બાર ગાંઠિયા સંભાર. ગાંઠિયાનાં આ સનાતન સૂત્રો સાંભળી દિગ્મૂઢ બનીને અઢીસો ગાંઠિયા હું એકલો ખાઈ ગ્યો હોં!

હાઉકલી

મિત્ર અમર સોલંકી(ડેની)એ કહ્યું કે
કલાકારો-સર્જકોને આજીવન આચારસંહિતા
નહીં 'વિચારસંહિતા' લાગુ પડે છે.

ક્રિકેટની કોમેડી કોમેન્ટ્રી

સચીન તેંડુલકરે એના ક્રિકેટજીવનને અલવિદા કહ્યું ત્યારે આખા દેશે કન્યા વિદાય (સૉરી કુમાર વિદાય) જેવી લાગણી અનુભવી. ક્રિકેટપ્રેમીઓ જ નહીં ખુદ બૅટ-સ્ટમ્પ-પીચ અને સીઝનના બૉલ પણ સચીનને આજીવન યાદ કરશે. ક્રિકેટ ઉપર હસાવવું કઠણ છે, પણ આ મહારથીના માનમાં હું વિચારતો હતો કે રાજકોટના ખંઢેરી સ્ટેડિયમની ભારત-ઓસ્ટ્રેલિયાની મેચની કોમેન્ટ્રી તળપદી કાઠિયાવાડી ભાષામાં પદ્મશ્રી વિજેતા લોક્વાર્તાકાર કાનજી ભુટા બારોટ કરે તો? લ્યો સાંભળો તંઈ લોકશૈલીમાં ક્રિકેટની (રાજકોટ મૅચની બીજી ઇનિંગની) કોમેડી કોમેન્ટ્રી.

હે... આણંદા ક્યે પરમાણંદા,
ઈ મૅચે મૅચે ફેર,
ટ્વેન્ટી ટ્વેન્ટીમાં જામો પડે
અને ટેસ્ટ મૅચે ચડે ફેર હોં!

ખોબો ખોબો ગુલાબ આકાશની માલીકોર ઉડાડી દીધું હોય એવા સૂરજનારાયણ રાજકોટના પાદરમાં આથમી રહ્યા સે. અજવાળાના હાથે બનાવેલા થાંભલા ઝળાંઝળાં થઈ રિયા સે. સત્તર-અઢાર વરહની નમણી નવોઢાએ ધોઈ ધફોઈને લીલુડો સાડલો પહેર્યો હોય એવું રાજકોટ શેરનું ખંઢેરી ટેડિયમ શોભી રહ્યું સે. માળુ બેટુ નામ ખંઢેરી પણ ખંઢેર જેવું નથી હોં, આ તો રાજાના મેલ જેવું ઝગારા મારી રિયું સે!

મેદાનની બરોબર વસોવસ ત્રઈણ દંડિકા આની પા અને ત્રઈણ દાંડિયા ઓની પા ખોડેલા સે. ઈ શું કામ ખોડ્યા ઈ તો મારો રામ જાણે. આખુંય ખંઢેરી ટેડિયમ જુવાન છોરાવ અને છોડીયુથી હકડેઠઠ ભર્યું સે. કોક વગાડવાના પપુડા લઈને બેઠું સે તો કોક વળી મોર ખોખાં ગળે એમ પપુડા ખાઈ રિયું સે. કોકની કાયા ક્રિકેટના રંગે રંગાણી સે તો રાડ્યું પાડી પાડીને કોકની પત્તર ઘમાણી સે! કોકને મગન (જગ્યા) નથી મળ્યો એની ઘાણી સે તો કોક તો પાડોશમાં રૂપના રંભા જોઈને પાણી પાણી સે હોં!

પણ ભગવાનને વાત રાખવી સે. વાત કે'તા વાર લાગે ઈ ટૂંકામાં વાત કરું તો ટેડિયમના એક ખૂણામાંથી ગોળ ટોપી પહેરેલા બે ભાભલા હાલ્યા આવે સે. એક દાંડિકા પાહે ખોડાઈ ગ્યો સે અને બીજો જરીક આઘો જઈને ઊભો સે. મારી પાહે બેઠેલો એક લવર મૂછિયો મને કહે છે કે આને એમ્પાયર કે'વાય આ લે લે!

સારું ગગા, આજ લગી અમે જીવતા વાયર ને ટાયર જોયાં'તા. આ હાલતા ચાલતા એમ્પાયર આજ જોયા હોં! ટેડિયમના ઈ જ ગોખલામાંથી અગિયાર ગધેડાં જેવાં ધોળિયા મેદાન તરફ હાલી નીકળ્યા સે. આ એકય કાંગારું જેવા લાગતા તો નથી, પણ બાજુમાં બેઠેલો જુવાન એમ કયે સે કે આને કાંગારું કે'વાય! બહુ સારું બાપ માતાજી એને નરવાં રાખે! ઈ કાંગારું હોય તો આપણી પાંહે પણ એના કાંગરા ખેરવી નાંખે એવા

ખેલાડી સેને!

હવે ઈ જ ગોખલેથી આપણા બે ભડભાદર ખેલાડી બારા નીકળ્યા ઈ ભેગી મેદાનમાં ચિચિયારિયું થાવા મંડાણી સે. રામોપીર જેમ ભેરવા રાક્ષસને મારવા હાથમાં ભાલો લઈને સમરાંગણમાં ઊતરે એમ આ ભાયડાના હાથમાં દૂધી જેવું ઝાડું કાંઈક સે. રાજરાણી જેમ ઓજલ રાખે એમ બેયે પગથી માથા સુધી ટોપા અને પૂંઠાં બાંધ્યાં સે. તોળી મરજાદા પર ખૂબ વધાયું બાપ! એકાદ ગધેડા જેવાના હાથમાં ડુંગળી જેવું ઝાડું કાંઈક સે. આ બાજુવાળો જુવાન ક્યે સે કે એને સીઝનનો દડો કેવાય આ લે લે! ઓ હો હો... ઈ ધોળિયો ઘડીક ડુંગળી ઉલાળે સે ઘડીક પકડે સે. એલા ધીમે ઉલાળ્ય ડુંગળી એંશી રૂ.ની કિલો સે!

નભની માલીપા તારલા વેરાય ને ગોઠવાય જાય એમ અગિયારે અગિયાર ધોળિયાવ આખા મેદાનમાં છૂટાછવાયા કૂદકા મારતા ગોઠવાય ગ્યા સે. આપણો એક દૂધીવાળો ભાયડો દંડિકાની આગળ ઊભો ર્યો સે ને બીજો ઓલ્યા ટોપીવાળા પાંહે ખોડાયો સે હોં! અડધી રાતનો ગજર ભાઈગો ને ભગવાનને વાત રાખવી સે એમ એક ધોળિયો ઈ ડુંગળીનો દડો ચોયણા માથે ઘહતો ઘહતો હફ ને ડફ ધોડવા મંડાણો સે. એને સૌ ધમણે દેવાય ગ્યો સે. ડાકલાનું પડ ધ્રૂજે એમ થડાક ઉથડાક એના ટાંટિયા ઉલળવા મંડ્યા સે અને ઘણી ખમ્મા બાપ આપણા ભાયડાએ ઝાટકીને દૂધીને ફેરવીને ફટકારી સે. પણ આ ડુંગળી તો સીધી મારી માથે જ ખાબકવાની લાગે સે. ઓ હો હો ભગવાનને વાત રાખવી સે ડુંગળીએ મારી પાંહે બેઠેલા જુવાનનો તોલો તોડી નાખ્યો સે! પણ માતાજીએ મારો વાળ નથી વાંકો થાવા દીધો. નખ્ખોદ જાય ઓલા ટોપીવાળા ભાભલાનું કે એ મને બે આંગળિયું ઉસી કરીને બંઈધ થાવાનું ક્યે સે! તો આપણેય ક્યાં નવરા સી! લ્યો તંઈ જે માતાજી.

સૌરાષ્ટ્રની લોકવારતાના કબીરવડ સમાન સમર્થ વાર્તાકાર કાનજી ભુટા બારોટ (વતન. ચલાળા, જિ. અમરેલી) જેમને ઈ.સ. ૧૯૮૮ રાષ્ટ્રપતિ આર. વેંકટરામને પદ્મશ્રી ઍવૉર્ડથી 'સોમનાથની સખાતે' લોકવાર્તા બદલ સન્માન્યા. તો વળી દિલ્હીના ચાંદની ચોકમાં 'જીથરાભાભા'ની લોક્વાર્તાનો વન મેન શો કરનાર એકમાત્ર ગુજરાતી કલાકાર છે. 'જસમા ઓડણ'ની એમની લોક્વાર્તા વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ દોઢ કલાકની પોતાની તમામ ઍપોઈન્ટમૅન્ટ કેન્સલ કરીને માણી'તી. આવા કાનજીબાપાની આજ સુધી ગુજરાતમાં કોઈ નકલ નથી કરી શક્યું. એની શૈલીને વંદન અને સચીન તેંડુલકરની પણ ડુપ્લિકેટ નહીં જ થાય એને પણ વંદન અભિનંદન.

હાઉક્લી

ઉસ શખ્સ કો બિછડને કા સલીકા ભી નહીં આયા,
જાતે જાતે ખુદ કો મેરે પાસ છોડ ગયા.

રાવણનો પત્ર

પ્રતિશ્રી, ભારતના તમામ પ્રજાજનો

મારું નામ રાવણ છે. તમે લંકાપતિ, દશાનન કે લંકેશ જેવાં નામથી પણ મને ઓળખો છો. શિવના અનન્ય ઉપાસક કરતાં રામના શત્રુ તરીકે લોકો મને વધારે ઓળખે છે. એક ભયંકર રાક્ષસ તરીકે મને ચીતરી દેવામાં આવ્યો છે, પરંતુ મારી વ્યથા અને વેદનામાં રસ લેવાની કોઈએ તસ્દી સુધ્ધાં નથી લીધી.

લાડકડી બહેનના અપમાન ખાતર એક ભાઈ તરીકે મેં આખી લંકા દાવ ઉપર લગાડી દીધી એની કોઈએ નોંધ પણ ન લીધી! હું ધારત તો પેલા જટાયુનું મસ્તક જ કાપી નાખત, પરંતુ જટાયુ જીવે અને રામને આ સમાચાર મળે એટલે મેં એની માત્ર પાંખો કાપી તોય કોઈએ નોંધ ન લીધી!

જેમ કોઈ દીકરો એની જનેતાને લઈ જાય એમ ભગવતી જાનકીને ખભા ઉપર બેસાડીને હું લઈ ગયો છું. એ પણ સીધા રાજમહેલમાં નહીં, સંપૂર્ણ સુરક્ષિત રીતે અશોકવાટિકામાં. રામના એક પણ દૂતને જાનહાનિ પહોંચાડવાનો મેં પ્રયત્ન નથી કર્યો. અરે, હું ધારત તો ઘડીના છઠ્ઠા ભાગમાં સેતુબંધના ફુરચા ઉડાડી દેત, પણ મેં સમાધાનની કોઈ વાટાઘાટને ડહોળી નથી. ઊલટાનું જ્યારે વાનરો દિવસે સેતુબંધ બનાવીને થાકી જતા હતા ત્યારે અડધી રીતે વાનરનું રૂપ લઈને હું રામનું નામ લખીને ઘટતા પાણા ગોઠવતો...! કોઈએ નોંધ પણ ન લીધી!

આ ડાલામથ્થો દશ માથાળો લંકેશ ભગવાન રાઘવ સામે આજીવંન શત્રુ થવાનું નાટક કરતો રહ્યો...! કોઈએ નોંધ પણ ન લીધી! જે રાતે લક્ષ્મણને મૂર્છા આવી'તી એ રાતે મને પણ ક્યાં નીંદર આવી'તી! મારી આજ્ઞા વગર સુષેણ લખનનો ઇલાજ કરી શકે ભલા! રામ-લખનની જોડી ન તૂટે એટલે મેં જ તો સુષેણને રાઘવ પાસે મોકલ્યો'તો! અને આખી રાત લક્ષ્મણના જીવતદાન માટે મારા ભોળાનાથ સામે અહર્નિશ મંત્રોચ્ચાર કર્યા'તા અને અંતે મારા પુત્ર ઇન્દ્રજિતનું બાકી રહેલું આયુષ્ય લક્ષ્મણજીને શિવાર્પણ કર્યું... કોઈએ નોંધ પણ ન લીધી!

અરે, ભગવાન રાઘવેન્દ્ર સરકારના હાથે મારું મોત થાય એ જ તો મારી અભિલાષા, એ જ તો મારો મોક્ષ હતો. યુદ્ધમાં મારા એક-એક બાણને પ્રત્યંચા ઉપર ચડાવીને એને હું સમ આપતો હતો કે ખબરદાર જો મારા રાઘવની આજુબાજુમાં ફરક્યાં છો તો! અને લોકો એમ સમજતા'તા કે હું નિશાન ચૂકી જાતો'તો!

હવે દર વર્ષે દશેરાના દિવસે મારા નામના દરેક શહેરમાં પૂતળાંદહન થાય છે. મને સહેજ પણ રંજ નથી, કારણ કે ઇતિહાસ હંમેશાં સફળ રાજાઓના જ લખાય છે. નિષ્ફળતા કે પ્રયત્નોના ઇતિહાસ નથી લખાતા. રાઘવના શત્રુ તરીકે આપ સૌ મારાં પૂતળાં બાળો એ યથાયોગ્ય છે, પરંતુ મારું હૃદય જીવનના છેલ્લા શ્વાસ સુધી રાઘવનું નામ રટતું

હતું. એનું પ્રમાણ એ કે શ્રીરામે પણ મારી નાભિમાં જ બાણ માર્યું, કારણ મારા હૃદયમાં તો ઈ ખુદ બેઠા'તા અને રામ રામને કઈ રીતે મારે?

અરે, પૂતળાં બાળવાં સિવાય બીજું તમે કરી પણ શું શકો છો! બાળો પણ એટલું યાદ રાખજો કે, માત્ર પૂતળાં બાળવાથી આ દેશમાંથી ભ્રષ્ટ નીતિ અને ભ્રષ્ટ લોકો દૂર નથી થવાના. 'કોઈ આવીને આપણું કલ્યાણ કરે' એવી આશા રાખનાર પ્રજાની પેઢીઓ નિર્માલ્ય પાકે છે.

અને અંતિમ વાત, મેં જેટલી શત્રુ તરીકે ખાનદાની દાખવી છે એટલી તમે મિત્ર તરીકે તો દાખવી જુઓ...! આ રાવણ તમારો ગુલામ બની જશે! ને હા, મને સાચી રીતે ઓળખશો પછી મારું પૂતળું નહીં સળગાવી શકો, પરંતુ પશ્ચાત્તાપની આગમાં તમારે બળવું પડશે!

આ વાત તમારા સુધી આજ પહેલી વાર પહોંચાડું છું. જોકે, તોય ઊંડે ઊંડે શંકા છે કે આ પત્રની પણ કોઈ નોંધ નહીં જ લ્યે! નસીબ તમારાં!

ભગવાન રામનો પડદા પાછળનો ભક્ત લંકાપતિ રાવણના જય જય શ્રીરામ.

હાઉકલી

લાલુને સજા થઇ એની ઉજાણીના ભાગરૂપે બિહારમાં તમામ ગાયુ-ભેંસુએ બબ્બે લિટર વધુ દૂધ આપવાનું શરૂ કર્યું છે. આ લે લે!

શુભકામનાઓની તડાફડી

દિવાળીની સૌએ રંગેચંગે ઉજવણી કરી. અતુલે ચોપડા પૂજનના દિવસે એનાં અને મારાં બેયનાં કુટુંબને ધંધે લગાડ્યા. સવારમાં મોટા ઉપાડે મને કહી ગયો કે સાંઈ આ વર્ષે મારા ઘરે જ તારે તારા ચોપડા(?) લઈને આવવાનું છે અને આપણે સાથે ચોપડા પૂજન કરશું. હું તો મારી બે બૅંકની નબળા બૅલેન્સવાળી પાસબુક ને હપ્તા ચાલુ છે એવા એકાદા મકાનની દસ્તાવેજની ફાઇલ લઈ પરિવાર સાથે સાંજે અતુલના ઘરે પહોંચ્યો પણ અતુલ કલાક પછી આવ્યો. એક કાળાં ડિબાંગ ક્રૂડનાં ટીપણાં જેવા સફારી પહેરેલા ફાંદાળા ભાઈને સાથે લાવ્યો. ઘરમાં આવી એ સાહેબને પાટલા પર બેસાડી કંકુ ચોખા કરી પૂજા કરી. મારા મગજનો બાટલો હલ્યો. મેં કહ્યું, અતુલ આ કોણ છે? અતુલે હસીને કહ્યું સાંઈ, આ ઇન્કમટેક્સમાં નોકરી કરતાં ચોપડા સાહેબ છે. આનાથી મોટું ચોપડા પૂજન બીજું કયું હોઈ શકે? આલે લે!

મસ્તીના પૂરના સર્વે વાચકોને નવા વર્ષની મંગલ અભ્યર્થના સાથે લ્યો કેટલીક હળવીફૂલ શુભકામના અને સંકલ્પો સ્વીકારજો.

◈ ઇન્કમટેક્સવાળા તમને ગોતે ઈ પહેલાં તમે એને ગોતી લેજો.
◈ આવતા વર્ષે કોઈ બાબાનાં સપનાંઓ દેશને ગોટે ન ચડાવે.
◈ તમારા ત્રણ દી' જૂનાં ફાટેલાં મોજાંની ખુશ્બૂ આખા વર્ષમાં ગામને હેરાન ન કરે.
◈ જનરલી દિવાળી પર જ ઘરનાં બાવા-જાળાં ઉતારવાનાં હોય છે. પણ આપણા દેશમાં ગત આખું વર્ષ અમુક લંપટ બાવાઓનાં જાળાં જ ચર્ચામાં રહ્યાં. આવતા વર્ષે આ બેચાર લંપટોને લીધે સાચા સંતો પ્રત્યેની તમારી શ્રદ્ધા ડગી ન જાય એવી શુભકામના.
◈ તમે માથે સાબુ ઘો ત્યારે બાથરૂમમાં કદી પાણી ખૂટે નહીં.
◈ તમારા ખિસ્સામાં નવી બૉલપેનનું ઢાંકણું ઉભરાય નહીં.
◈ તમારી સગી વાઇફ તમારી બાજુમાં બેઠી હોય ત્યારે કોઈ મિસનો કોલ તમારા મોબાઇલમાં રણકે નહીં.
◈ વૉટ્સએપ કે ફેસબુકમાં મૅસેજ ફોરવર્ડ કર્યા કરવાથી રાષ્ટ્રનો કે જીવનનો ઉદ્ધાર નહીં થાય. આ સત્ય તમને ઝટ સમજાઈ જાય.
◈ તમારાં કપડાં જેવી આધુનિકતા તમારા વિચારોમાં આવે.
◈ અઠવાડિયામાં ત્રણ વાર હોટેલનું ખાવ છતાં તમને કબજિયાત ન થાય.
◈ તમારી તરબૂચ જેવી ટાલથી તમારો ભાલપ્રદેશ ઉઘાડો ન થાય.
◈ તમારો સડી ગયેલો મનોરંજનનો ટેસ્ટ અપગ્રેડ થઈને સુધરે. પારિવારિક આનંદ મેળવવા માટે તમારે 'વલ્ગર' ફિલ્મો કે આઇટમ સોંગની જરૂર ન પડે.
◈ તમારા ઘરે મે'માન પગ મૂકતાં જ મોબાઇલનું ચાર્જર ન માગે.
◈ તમને ઐશ્વર્યાની બેબીના ડાઇપરની ચિંતા કરતાં તમારી ગાડીના બગડેલા વાઇપરની અને તમારી લાડીની ચિંતા થાય.

- મચ્છર તમને કરડતાં પહેલાં લેખિત પરમિશન માંગે.
- રજનીકાંતની કોઈ નવી જોક કે ફિલ્મ આ વર્ષે તમને હેરાન ન કરે.
- તમારા સસરાના ગામમાં તમારી ગાડીમાં પંક્ચર ન પડે.
- તમારી વાઇફ સાથેના તમારા સંબંધો ભારત-પાકિસ્તાન જેવા ન રહેતા અમેરિકા અને પાકિસ્તાન જેવા સુમેળભર્યા બની રહે.
- તમારા ડાચામાં કંઈ ન હોય તો ગામના જુવાનિયાવને ગોટે ચડાવવા તમે મોં પર આતકંવાદીની જેમ ચૂંદડી વીંટવાનું મૂલતવી રાખો.
- ટાલિયાઓના ખિસ્સામાં અનધિકૃત રીતે દાંતિયા રાખવાનો રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ આવે.
- માત્ર ચંપલ બદલાવવા માટે ધાર્મિક જગ્યાઓમાં જમવા જવાનું તમારા પરિવારને મન ન જ થાય.
- કોઈ બાબાને સપનું આવે એના પરથી જ ભારત દેશના વડાપ્રધાન ફાઇનલ કરી રાષ્ટ્રના તમામ પક્ષોનો ચૂંટણી ખર્ચ દેશના વિકાસમાં વાપરવામાં આવે.
- તમારી આંખ એ કોઈ ઉકરડો નથી અને તમારા કાન એ કોઈ થૂંકદાની નથી કે ગમે તે ન્યૂઝ ચૅનલ કે ન્યૂઝ પેપર ગમ્મે તેવા ન્યૂઝ પીરસી જાય. તમારામાં 'ન્યૂઝ વિવેક' પ્રગટે.
- તમારા બટકી ગયેલા સાળાની છીનવાઈ ગયેલી નોકરી અને ન મળતી છોકરી માટે તમારે ગામનાં ઝાઝાં લોદર તોડવાં ન પડે.
- હું આજે કેવી લાગું છું? પત્નીના આ સરકારી સવાલનો તમે સદાય એને ખબર ન પડી જાય એવો સારો ઉત્તર આપતા શીખી જાઓ.
- આવતા વર્ષે બોલિવૂડનો કોઈ પણ ફિલ્મ પ્રોડ્યુસર દેશની દરેક જ્ઞાતિ પાસેથી નો ઓબ્જેક્શન સર્ટિ. (N.O.C) લીધા પછી જ ફિલ્મ બનાવે જેથી પબ્લિકનો ફિલ્મ પહેલાંના તમાશામાં ટાઇમ ન બગડે.
- જમતી વખતે ધરતી પરથી લુપ્ત થતી અમૂલ્ય ડુંગળીની તમને યાદ ન સતાવે.
- પબ્લિકના કોલસામાં પણ જલસા કરી લ્યે એવા નેતાઓ દેશમાં સાગમટે સુકાઈ જાય.
- ગમે તેવા ટૅન્શનમાં, લેશનમાં કે પેન્શનમાં આજીવન તમારું સ્મિત બરકરાર રહે. જીવતા રહો ત્યાં સુધી હસતા રહો. ના...ના... હસતા રહો ત્યાં સુધી જીવતા રહો એવી સૌ બહેન-ભાઈને સાંઈની શુભકામના.

હાઉકલી

આ વર્ષે જો ફટાકડા ફોડતા તમે કે છોકરાઓ
સહેજ પણ દાઝ્યા હો તો આવતા વર્ષે
ફટાકડા પાણીમાં પલાળીને ફોડજો!

ગરબાના ગોળ ગોળ સવાલો

નવરાત્રિ ગઈ પણ અમારા અક્કલમઠ્ઠા ભાઈબંધ ચકાના મગજમાં આ ડિસ્કો ડાંડિયાએ ઘોબા પાડી દીધા છે. ક્યારેક તો છકડો હંકારતાં હંકારતાં એને ટિટોડો લેવાનું મન થાય છે ને પેસેન્જરો મોતને ઘાટ ઊતરતા બચી જાય છે.

પરંતુ આ વખતે ચકાએ બધા જ ગરબાના શબ્દો સાંભળ્યા. બસ, ઈ પછી ચકાના ભેજામાં પ્રશ્નોના અણુબૉંબ ફૂટ્યા છે. ચકાએ મારું ને અતુલના ભેજાનું દહીં કરી નાંખ્યું છે. ચકાના આ બિનજરૂરી અગત્યના સવાલોના કોઈને જવાબ મળે તો પ્લીઝ મને મેઇલ કરશો.

સવાલ-૧: ‘જય આદ્યશક્તિ’ની આરતી જો ‘ભણે શિવાનંદ સ્વામી’ એટલે કે શિવાનંદ સ્વામીએ જ લખી હોય તો પછી એની છેલ્લી કડીઓમાં માર્કંડ મુનિ અને વશિષ્ઠ દેવ અને વલ્લભ ભટ્ટ શા માટે આવે છે! કે પછી સોળ અંતરાની આરતી છે એટલે સંધાયે ચાર ચાર અંતરા મળીને લખ્યા હશે? કવિતામાં જોઇન્ટ એકાઉન્ટ હોય?

સવાલ-૨: ‘હો રાજ રે અમે વાવડીમાં પાણી ભરવા ગ્યા’તા ને કેડ કાંટો વાગ્યો.’ આ બેન કેવી રીતે પાણી ભરતા’તા તે ઠેઠ કેડે કાંટો વાગ્યો!

સવાલ-૩: ‘માનો ગરબો રમતો ભમતો’ સોનીડાને, દરજીડાને, પીંજારાને, ઘાંચીડાને ઠેઠ ઢોલીડાને દ્વાર જાય ઇટ્સ ઓકે, પણ ગરબો એની નારને જ શું કામ જગાડે છે! અલ્યા, આ પતિદેવોને કે પુરુષોને કેમ કોઈ જગાડતું નથી!

સવાલ-૪: ‘મથુરામાં ખેલ ખેલી આવ્યા હો કાન ક્યાં રમી આવ્યા’ અલી કહે છે તો ખરા કે ‘મથુરામાં ખેલી આવ્યા તોય પાછી ક્યાં રમી આવ્યા વાંહોવાંહ શું કામ પુછાય છે!’

સવાલ-૫: ‘નદીકિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે’ વ્હાલા સાંઈ, આ નદીકાંઠે કોઈ’દી નાળિયેરી હોય! નાળિયેરી હંમેશાં દરિયાકાંઠે જ હોય. નાળિયેરી કેન્સલ કરી ગરબામાં ટમેટી કે તરબૂચડી ન મુકાય! ફરી વાર ગાઓ તો નદીકિનારે ટમેટી રે ભાઈ ટમેટી રે અથવા તો નદી કિનારે તરબૂચડી રે ભાઈ તરબૂચડી રે...! આમ ન ગવાય? કાં તો વાઇબ્રન્ટમાં વિદેશથી આવેલા ધોળિયાવને હિપ્નોટાઇઝ કરવા આ જ ગરબો અંગ્રેજીમાં ગાવ તો, ‘રિવર બૅન્ક કોકોનેટડી રે બ્રધર કોકોનેટડી રે, ફર્સ્ટ ફર્સ્ટ કોકોનેટ કલરફુલ કોકોનેટ, ફોર માય અંબા મધર, રે બ્રધર કોકોનેટડી રે...!’

સવાલ-૬: ‘મારે ટોડલે બેઠો રે મોર ક્યાં બોલે!’ હવે યાર કહે છે કે ટોડલે બેઠો છે તો પછી પૂછે છે શું કામ?

સવાલ-૭: ‘ઈંધણાં’ વીણવાં ગઈ’તી મોરી સૈયર, વેળા બપોરની થઈ’તી મોરી સૈયર!’ અરે બેન, ખરે તડકે ઈંધણાં સાટું શું કામ રખડશ! આખા મહિનાનાં ઈંધણાંનો એક સાથે ઑર્ડર ન દેવાય?

સવાલ-૮: 'આ મહિસાગરને આરે ઢોલ વાગે સે' તો પછી શરણાઈ શું શેતલને કે ભાદરને કાંઠે વાગે સે?

સવાલ-૯: 'ઢોલીડા ઢોલ રે વગાડ, મારે હીંચ લેવી સે' હવે મને આ ગરબો ખૂબ ગમે છે પણ એક નાનકડો પ્રૉબ્લેમ ઈ છે કે ઢોલીડાની સામે ફરજિયાત હીંચ શું કામ લેવાની યાર! ઢોલીડો શું ટિટોડાની ના પાડે છે? કે હૂડો લ્યો તો શું ઢોલીડો ઢોલ ન વગાડે?

સવાલ-૧૦: 'ઘોર અંધારી રે રાતલડી એમાં નીસર્યા ચાર અસવાર' આ તો સહેજ પણ સમજાતું નથી કે જો રાત ઘોર અંધારી હતી તો એમાં ચાર અસવાર કોઈને દેખાય કેવી રીતે? અને વળી પાછો એમાં કાળો ઘોડો તો કેવી રીતે દેખાય?

સવાલ-૧૧: 'મેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે' જોયું આને કે'વાય વિકાસ. મેંદી ગમે ત્યાં વાવો પણ રંગ તો ગુજરાત જ જાય! આલ્લેલે!

સવાલ-૧૨: 'છેલાજી રે મારા સાટું પાટણથી પટોળાં લેતા આવજો' યાર, આપણી ગુજરાતણો કેવી હોશિયાર છે. આપણને ઠેઠ પાટણ સુધી ધક્કો ખવડાવે ને પાછા મોંઘાં પટોળાં જ મંગાવે. આ લેડિઝ લોકોને એમ પણ ન થાય કે એમ કહે કે સેલમાંથી સસ્તાં સેલાં લેતા આવે. આપણે પુરુષની જાતે કોઈ દી બહાર જાતી પત્નીને કહ્યું કે મારા માટે ચટ્ટાપટ્ટાવાળા લેંઘા લેતા આવજો! આને કે'વાય અન્યાય...! લેડિઝ લોકોનો જેન્ટ્સ લોકો પર હળહળતો અન્યાય... સટ્ટાક!

સવાલ-૧૩: 'શોભે છે શણગાર, કંઠે મોતીડાંની માળ, કાને કુંડળ ચાર, પગમાં ઝાંઝરનો ઝમકાર!' આ ગરબો ખૂબ સરસ છે પણ માના કામ તો બે જ હોય ને તો ચાર કુંડળ કેવી રીતે?

સવાલ-૧૪: 'છાનું રે છપનું કાંઈ થાય નહીં' આ ગીત ગાતી વખતે ગાયકે કહેવું ન જોઈએ કે આ ગીત કોઈ આસારામ-ફાસારામ માટે નથી.

સવાલ-૧૫: 'ચપટી ભરી ચોખા અને ઘીનો છે દીવડો' મને કોઈ કહેશો કે દીવો કરવા માટે ચોખાની શું જરૂર?

સવાલ-૧૬: 'ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ ના, રઢિયાળી રાતડીનો રંગ જોને જાય ના' રાતનો રંગ તો કાળો હોય છે અને ઢોલ વાગવાથી રાતનો રંગ જાય? શું ઢોલ વૉશિંગ મશીન છે?

સવાલ-૧૭: 'પાવલી' સરકારે ચલણમાંથી કાઢી નાખી છે તોય ગરબામાં હજી પાવલી લઈને જ પાવાગઢ કેમ જવાય છે?

હાઉક્લી

રાજકારણમાં સાહેબ કહે તે સાચું,
પણ જીવનમાં સાચું કહે તે જ સાહેબ!

શોલેની ઢોલીવુડ આવૃત્તિ

બોલિવૂડની અજોડ અને અણનમ ફિલ્મ 'શોલે' હતી, છે ને સદા રહેશે. થ્રીડી 'શોલે' જોઈને હું તો ફરી જૂની યાદો તાજી કરી આવ્યો. સાલ્લુ રામગઢ નામના ગામમાં આજની તારીખે બસ દિ'માં એક જ વાર આવે ને જાય છે. તો પિસ્તાળીસ વર્ષ પહેલાં રમેશ સિપ્પીએ રામગઢમાં ટ્રેન કેવી રીતે બતાવી હશે ઈ હવે સમજાયું. ઇલેક્ટ્રિસિટી રામગઢમાં નહોતી તો પાણીના ટાંકીની જરૂર શું? સફેદ સાડીમાં ફાનસ અજવાળતી ગંગાસ્વરૂપ જયા બચ્ચનને બદલે બચ્ચનની પ્રિય સખી રેખાને રાખી હોત તો 'શોલે'માં ભડકા થાત પણ બચ્ચનના જીવનમાં અંધારું જ રહેત હોં!

ઈ.સ. ૨૦૩૦માં આ 'શોલે' ૪ડીમાં બને તો એનું નામ રાખવામાં આવે '૧૦૦લે – ભડકા' (૪ડી) 'આપ' પાર્ટીની અસરથી બનેલું છેલ્લું રંગીન ગુજરાતી ચલચિત્ર.

સીન નં. ૧

ઠાકુરને રામગઢમાં સાવરણાની ફૅક્ટરી છે. ગબ્બરિયો નામનો મવાલી વારેઘડીયે સાવરણાની સળીઓ લૂંટી જાય છે.

ગબ્બરિયો: શું વાવડ છે કાળિયા ઝટ ફાઇટને?

કાળિયો: એ ગબ્બરબાપુ, રામગઢની રૈયતે સાવરણાની સળિયું આપવાની ઘહીને ના પાડી દીધી સે. સંધાય વાઇડાયે સડી ગ્યા સે.

ગબ્બરિયો: નક્કી દાળમાં કાંઈક કાળું સે કાળિયા.

કાળિયો: કાંઈક નહીં બાપુ, આખી દાળ કાળી સે. રામગઢમાં બે ચાયનાના સાવરણા આવ્યા સે, એકનું નામ સે જય અને બીજાનું નામ સે વીરું.

ગબ્બરિયો: હ હા... હા હા હા. વાહ! સાવરણા આવ્યા સે તો કાળિયા ક્યાંક એની વાંહે સાવરણી પણ હઈસે!

કાળિયો: છેને બાપુ, સાવરણીનું નામ સે બસંતી.

ગબ્બરિયો: જામો પડશે લે. કાળિયા, આંયાથી પાંચ-પાંચ ખેતરવા છેટે જંઈ રાતે માંયુ રોવે સે તંઈ એનાં સોકરાં એને ક્યે સે કે રો મા, છાનો રહી જા. નહીંતર ગબ્બર તારા સાવરણા લઈ જાહે, હા હા હા...

સીન નં. ૨

ઠાકુર: જય, વીરુ તમે મારા ભાંગ્યાના ભેરુ સો, મારા અડધી રાતના હોંકારા સો બાપ. મારી સાવરણાની ફૅક્ટરીની આ ગબ્બરિયે દઈ નાઈખી સે. હવે તમે બેય આ ગબ્બરને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દ્યો બાપ.

વીરુ: ઠાકુર, પેલા સોખવટ કરો કે તમારે સાવરણા જોઈસી કે ગબ્બર?

ઠાકુર: ઘેલસાગરા, ખાલી સાવરણાને મારે ક્યાં ગુડવા? જય, તું મને સાવરણા સોતો ગબ્બર પકડી દે તો હું તને K.B.C. માં ચાનસ દઈશ.

જય: પણ ઠાકુર, સાવરણા અને ગબ્બર બેયને તમારે ન્યાં લાવવા ઈ થોડું લોટકું કામ સે હોં!

ઠાકુર: જાણું સુ મરદ! સોળે સરાવીને બેઠો સું. સંધુય જાણું સું એટલે તો મલક આખાયમાંથી તમને બેયને ગોઈતા સે બાપ, કારણ સાવરણો જ સાવરણાને મારે સે.

સીન નં. ૩

ગબ્બર: અરે ઓ શંભુડા, જરાક મોઢામાંથી ફાઇટ તો કે સરકારે આપણાં નામ માથે કેટલું ઇનામ રાખ્યું સે?

શંભુડો: સરદાર, તમારા નામ માથે અટાણે એક ખટારો ભરીને ડુંગળીનું ઇનામ સે બાપલા, ઘણી ખમ્મા.

ગબ્બર: કાળિયા, કેટલા માણાહ હતા રામગઢમાં?

કાળિયો: સરકાર, હું થોડો ભણેલગણેલ સું તંઈ મને ગણતરિયું પુસો સો? ભણેલ હોત તો ક્યાંક નિશાળમાં પટાવાળો નો થાત, તમારી હારે ગોળિયું ખાવા થોડો આવત? હં.

ગબ્બર: ગોલકીના! તારી લલુડી બોવ બોઇલી હોં, હવે તારું શું થાહે કાળિયા?

કાળિયો: શું થાય બાપુ? તમે છૂટો કરો તો હમણાં બીજા ટોળામાં, અટાણે તો ગામેગામ ગબ્બર જ સેને.

ગબ્બર: બોવ બોઇલો કાળિયા, બંઈધ થા હવે ને ફાઇટ આ સાવરણામાં કેટલી સળિયું સે?

કાળિયો: સરદાર, સાત.

ગબ્બર: લે ઈ સાતેય સળિયું તું એકલો ખા. ઘડામ! ઘડામ! ઘડામ!

હાઉકલી

મારા સિવાય કોઈને ખબર નથી કે ગબ્બર સિંગે હવામાં જે ત્રણ ગોળિયું મારી એ ગોળિયું સુપરમેન, સ્પાઇડરમેન અને શક્તિમાનને હવામાં છાતી સોંસરવી લાગી ગઈ છે અને ઈ ત્રણેય ગુજરી ગ્યા છે.

પતિદેવોના ઇન્ટરનેશનલ પ્રકારો

'પતિ-પત્નીના હોય એક મતા, તો એની સ્વાર્ગાપરમાં થાય સત્તા'.

'પતિ' એ પુરુષના જીવનનું એવું સિંહાસન છે જ્યાં બેઠા પછી જ તમને ખ્યાલ આવે છે કે, સિંહાસનમાં ક્યાં ક્યાં અને કેટલી ખીલીઓ છે. ઇન્ટરનેશનલ લેવલે મેં પતિદેવોના કુલ છ પ્રકારો પાડ્યા છે.

યુરોપિયન પતિદેવો

આ પ્રકારના પતિદેવોએ એક વાઇફ અને એક ગર્લફ્રેન્ડ સ્પેર વ્હિલમાં હોય છે, પરંતુ આ પતિદેવો એની પત્નીને ખૂબ પ્રેમ કરતાં નજરે ચડે છે. તેઓ ચિક્કાર દારૂ પીતા હોવા છતાં પત્નીને રાજી રાખવાનો કસબ આ પતિદેવોને હસ્તગત હોય છે. આવા પતિઓના જીવનમાં પારિવારિક પ્રશ્નોના સુનામી ગોરંભાય છે, પરંતુ પતિઓની કુનેહથી સાઇડમાં ફંટાઈ જાય છે. પરિણામે આવા પતિદેવોની પત્નીઓ ખૂબ ગુસ્સાવાળી અને ગમે એને ઘઘલાવતી નજરે ચડે છે.

અમેરિકન પતિદેવો

આ પ્રકારના પતિદેવો સ્વભાવના થોડા 'ટઇડક' (વાયડા) હોય છે. પોતે યુ.એસ. માં સેટલ હોવાથી તાજમહાલ ભાડે રાખ્યો હોય એવો આમને ફાંકો હોય છે. આવા પતિદેવોને એક વાઇફ (જેની સાથે એને પરાણે પઈણવું પડ્યું હોય છે) અને ચાર ગર્લફ્રેન્ડ હોય છે, પરંતુ અમેરિકન પતિદેવો એની ગર્લફ્રેન્ડને વધુ પ્રેમ કરતા હોય છે. પાંચ સ્ત્રીઓના મૅનેજમૅન્ટ અને સેટલમેન્ટની વચ્ચે આ પતિદેવો એવા તો કુટાઈને અધમૂઆ થઈ જાય છે કે એની હાલત ધોબીના કૂતરા કરતાં પણ બદતર થઈ જાય છે. દાખલો આપું તો અમેરિકામાં બાર વર્ષનો દીકરો એના પપ્પાને એની ગર્લફ્રેન્ડની ઓળખાણ કરાવે છે. ત્યારે બાપાએ કહ્યું, "બેટા, તારી હજી ગર્લફ્રેન્ડની ઉંમર નથી." તો છોકરો તરત બોલ્યો, "કે પપ્પા રહેવા દો સલાહ ન આપો." આપણા ઘરે જે મમ્મી મને લંચ જમાડે છે એ બીજે દિ બ્રેકફાસ્ટમાં બદલી જાય છે અને તમે મને સલાહ આપો છો. બાપા શોક્સ! છોકરા રોકસ! અમેરિકન પતિએ 'ચલ્લક ચલાણું ક્યા ઘરે ભાણું'ની રમતમાં જિંદગી જીવતા નજરે ચડે છે. અમેરિકામાં લગ્ન પછી ડિવોર્સ નથી થાતા પણ ડિવોર્સની વચ્ચે વચ્ચે લગ્ન થાય છે.

અરેબિયન પતિદેવો

અઢળક સંપત્તિના માલિક હોવાથી આ પતિદેવો એના મોટા દીકરા જેવડી ઉંમરની કન્યાઓ સાથે પરણ્યા કરે છે. આ પતિદેવોના જીવનમાં તેર જેટલી પત્નીઓ અને બાર જેટલી ગર્લફ્રેન્ડો હોવા છતાં અરેબિયન પતિઓ સૌથી વધુ પ્રેમ એના ઊંટ, ઘોડા અને ગાડીને કરે છે. સંપત્તિ-શરાબ અને શબાબના કાદવમાં આ પતિદેવો એવા ફસાયા હોય છે કે એમાંથી કેમ નીકળવું એ એમને જ નથી આવડતું. લાડી અને ગાડીના ઍક્સ્ચેન્જમાં

એની જિંદગી સાવ 'કબાડી' જેવી બદતર થઈ જાય છે.

આફ્રિકન પતિદેવો

આફ્રિકામાં સોએ વીસ જણા માંડ માંડ લગ્ન કરે છે. ત્યાંના નિયમ પ્રમાણે પતિઓ પહેલાં બાપ બને છે પછી પરણે છે. અહીં પતિદેવોને એકાદી પત્ની જ પોસાય એમ હોવાથી પત્ની અને ગર્લફ્રેન્ડ બંને રાખે તો ભૂખમરો અને ગરીબાઈમાં પોતે શું ખાય એ પ્રશ્ન રહે છે. પત્ની હોવા છતાં આ પતિદેવો સૌથી વધુ પ્રેમ એના વાળ અને વિગને કરે છે. પોતાની આવકનો સિત્તેર ટકા ભાગ બ્યુટી ટ્રીટમૅન્ટમાં ખર્ચે છે. આફ્રિકન લગ્નજીવનમાં ડિવોર્સનો ખર્ચો પોસાતો ન હોવાથી પતિ-પત્ની એકબીજાને સહન કરીને બાધી બોલીને રગડધગડ જીવન ગમે એમ પૂરું કરે છે.

ઇન્ડિયન પતિદેવો

સમગ્ર વિશ્વમાં ખૂબ મોટા પ્રમાણમાં પ્રાપ્ય આ પતિદેવો અંદરથી સહનશીલ, વફાદાર અને મોઢેથી જીભસીવેલા જોવા મળે છે. જેની આંખોમાં મોંઘવારી અને માથે પડતી ટાલનું સતત ટૅન્શન દેખાયા કરે છે. એંશી ટકા કેસોમાં કુટુંબે સિલેક્ટ કરેલી 'ટીપણાકાર' પત્ની એને પ્રાપ્ત થાય છે. પોતાના અથાગ પ્રયત્નોના ભાગરૂપે એકાદી પાડોશણ ભાભી જે માત્ર એની સામે હસીને જોતી હોય છે, જેને ઇન્ડિયન પતિદેવો પોતાની ફ્રેન્ડ ગણાવે છે. પોતાની પત્નીથી ખૂબ ડરતા હોવા છતાં આ પતિદેવો પ્રેમ તો એની મમ્મીને જ કરે છે. ભારતીય પતિદેવોની લગ્નની ઉંમર, કન્યા અરે સંતાનનું પ્લાનિંગ પણ પરિવાર જ કરી આપે છે. હનીમૂનમાં જાવાની ડેટ પણ હરદ્વારથી મમ્મી જાત્રા કરીને આવે પછી જ ફાઇનલ થતી હોય છે. બિઝનેસ ટ્રીપના બહાને બૉમ્બેનું કહીને બેંગકોક સોંસરવા નીકળતા હોય છે. પત્ની પાસે જુઠાણાં પ્રગટ કરીને મમ્મી પાસે સાવ સાચું કહી દેતા હોય છે.

ગ્લોબલ વૉર્મિંગને લીધે આ પાંચેય પતિદેવોના પ્રકારોની આડઅસરવાળો એક નવો પતિઓનો પ્રકાર માર્કેટમાં આવી રહ્યો છે.

હાઇબ્રીડ પતિદેવો

જેને અનેક પત્નીઓ અને ગર્લફ્રેન્ડ હશે, જે ચિક્કાર દારૂ પિતા હશે, સ્વભાવે થોડાક 'ટઇડક' હશે, જેની પાસે અઢળક સંપત્તિ હશે, જે હેર સ્ટાઇલમાં પુષ્કળ રૂપિયા બગાડતા હશે, જેનાં મોઢાં સીવેલાં અને અંદરથી સહનશીલ હશે, પણ આ પ્રકારના પતિદેવો કોઈને પણ પ્રેમ નહીં કરતા હોય. એમના માટે અર્ધાંગિની એક એન્જોયમૅન્ટનું ઇન્સ્ટ્રૂમૅન્ટ માત્ર હશે.

હે કુંવારાઓ, આ છઠ્ઠો પ્રકાર માર્કેટમાં વાઇરસની જેમ વ્યાપે એ પહેલાં આગલા પાંચમા ક્યાંક ગોઠવાઈ જાજો. નહીંતર લક્ઝરી બસની અપેક્ષામાં સાદી બસ પણ ઊપડી જાહે હોં!

હાઉક્લી

તુમ જિંદગી મેં આ તો ગયે હો મગર ખયાલ રખના,

હમ ‘જાન’ તો દે દેતે હૈ, મગર ‘જાને’ નહીં દેતે.

બંડ પોકારતા હસબંડ

ગત સપ્તાહે આપણે ઇન્ટરનેશનલ પતિદેવોના પ્રકારો વિશે જાણ્યું. આ સપ્તાહે 'નેશનલ હસબંડ્ઝ'ના પ્રકારો ઓળખી લઈએ. આમ તો ''હસબંડ' શબ્દ કોણે બનાવ્યો હું એને કેટલાં વર્ષથી ગોતું છું, કારણ કે પરણ્યા પછી જે કોઈ પણ પ્રકારનું બંડ નથી પોકારી શકતા તોય એને 'હસ-બંડ' કહેવામાં આવે છે. આ શબ્દ શુન્દ્ધ ગુજરાતી છે. પત્ની કહે કે હસ એટલે પતિ હસે અને પત્ની કહે કે બંધ એટલે 'હસ-બંધ'. દેશ લેવલે પતિદેવોના પ્રકાર પાડું તો:

સ્વામી: ખૂબ જ ધાર્મિક કે સાત્ત્વિક વૃત્તિવાળા આ પતિદેવોને ગિરનાર કે હિમાલયની ગુફામાં ધ્યાનમાં જ બેસી જવું હોય છે. પરંતુ એનો પરિવાર એને પરાણે પકડાવીને પરણાવી દ્યે છે. જેના પરિણામ સ્વરૂપ આ પતિદેવો વાતે વાતે પત્નીને એના અજ્ઞાનનું ભાન કરાવવા ખિજાતા નજરે ચડે છે. પોતે અતિજ્ઞાની છે અને એના ઘરના સર્વે સદસ્યો પામર અને મૂઢ છે એવો દંભ આ પતિદેવો સતત દાખવ્યા કરે છે. રસોડામાં ભાખરી મોડી પડે તોપણ આવા પતિદેવો આંખો મીંચીને ધ્યાન કરવા મંડે છે. અઠવાડિયામાં બે કે ત્રણ વાર રેલવે સ્ટેશન કે બસ સ્ટેશનથી ભૂખ્યા ડાંહ સાધુ-બાવાને કટાણે જમવા ઘરે લઈ આવે છે. ચેલૈયાનો પ્રસંગ પત્નીને વારેઘડીયે યાદ કરાવીને બપોરે અઢી વાગ્યે રસોઈ કરાવે છે.

એકાદ પ્રસંગ દ્વારા આ પ્રકારની વ્યાખ્યાને વધુ સરળ કરું તો એક ગામમાં 'ટીડો' નામે સાધુપ્રેમી 'સ્વામી' પ્રકારનો પતિદેવ એની માથાભારે પત્ની સાથે રહેતો હતો. એક દિવસ ટીડો બપોરે અઢી વાગ્યે બે બાવાઓને ઘરે હરિહર કરવા માટે લાવ્યો. ટીડાની પત્નીએ મે'માન જોઈને રોકડું પરખાવ્યું કે, "શાક નથી." ટીડો કહે, "શાક હું હમણાં માર્કેટમાંથી લઈ આવું, તું રોટલા ટીપી નાઈખ." આળસુની પીર ઘરવાળીના હૃદયમાં તો ટીડાને જ ટીપી નાખવાના ઓરતા હતા, પણ સાધુઓની હાજરીમાં 'સ્વામીપીટન' કાર્યક્રમ એને યોગ્ય ન લાગ્યો. ટીડો જેવો શાક લેવા ઊપડ્યો એ ભેગો એની ઘરવાળીએ રસોડામાં મોં વાળ્યું (પોક મૂકી). ભીમગર અને હરિગર નામના ભૂખ્યા ડાંહ બાવાઓને અત્યંત આશ્ચર્ય થયું કે આ બાઈમાણસને આવો સંતપ્રેમી પતિ છે છતાં શેનું દુ:ખ હશે. વિગતે પૂછતાં ટીડાની પત્નીએ કહ્યું કે, "હે સાધુઓ, હું મારા નહીં તમારા દુ:ખને રોઉં છું. મારા ઘરવાળાના મગજમાં બે આંટા ઓછા છે. પેલા ઈ મે'માનને પ્રેમથી જમાડે છે અને પછી એક સાંબેલાથી મેં'માનની ધોલાઈ કરી નાખીને ડેબા સોજાડી દ્યે છે. મે'માનને મારા ઘરે માર પડે ઈ મારાથી સહન નથી થાતું બાપું, હું તો એટલે રોઉં છું."

આ સાંભળતા જ ભીમગર અને હરિગર બેયને વગર શિયાળે લખલખું આવી ગ્યું. બાઈએ ઘરના પાછળનો નદી તરફનો દરવાજો ખોલી દીધો અને ઘડીના છઠ્ઠા ભાગમાં બે'ય બાવા ખાધા વગરના જ ગુમ થઈ ગ્યા.

સાધુને બાઈમાણસે સિફતપૂર્વક વળાવ્યા ત્યાં રીંગણાં-બટાકાં લઈને હરખાતો

હરખાતો ટીડો ઘરમાં એન્ટર થયો. મારા સાધુ ક્યાં? સવાલના જવાબમાં બાઈમાણસે પોતાની બુદ્ધિથી તાવડીવાજુની સાઇડ બદલાવી બાઈ બોલી, "અરે સ્વામી, તમારા સાધુડાય કેવા! પાણી પીને મને ક્યે અમારા આશ્રમમાં આ સાબેલું જોઈએ છે. હવે હું પતિવ્રતા નારી, તમને પૂછ્યા વગર સાવરણાની સળી ન ભાંગું મારે મોંઘા પાઈડનું સાંબેલું કેમ દેવું? તો રિહાઈને સાધુ ઘરના પાછલા રસ્તેથી ખાધા વગરના વયા ગ્યા."

ટીડાના મગજનો બાટલો ફાટ્યો. "અરે ગાંડી, સો રૂપિયાના સડેલ સાંબેલા સાટુ તે મારા સાધુડાને નારાજ કર્યા!" બાઈ કહે, "એમ તો તમારે હજી 'સાંબેલા દાન' કરવું હોય તો નદી બાજુ સાંબેલું લઈને ભાગો, હાથોહાથ દેતા આવો. ભોળો સ્વામી ટીડો તરત સાંબેલું લઈને પાછલા દરવાજે સાધુની વાંહે દોડ્યો. દૂરથી ભીમગર અને હરિગરે ટીડાને 'સ-સાંબેલે' જોયો ને સ્પીડ પકડી. ટીડો જોરથી રાડ પાડતો જાય એ બાપુ આ લેતા જાવ...! ત્યાં તો બેય બાવા વાડ્યુ ઠેકતા જાય કે બાઈ સાચી હોં. માળો બેટો સાંબેલું લઈને જ વાંહે આવ્યો. સાધુઓ તો છનનન થઈ ગ્યા, પણ શિવરાતના મેળામાં આખી નાતને કહી દીધું કે ગમે ત્યાં જાવું પણ ટીડાની ઘરે ન જાવું, નહીંતર હરિહરમાં પ્રસાદ લીધા પછી સાંબેલાના સોજા ચડશે.

ઘરની થાંભલી વાંકી હોય તો મેમાનની ત્રેવડ નથી કે તમારા આંગણે આવી શકે કે ટકી શકે! પતિદેવો પૂરા થાય પણ પતિદેવોના પ્રકારો અમે થોડા પૂરા થાય...!

હાઉકલી

વિશ્વની પ્રજા માટે નદીનાં પાણીમાં માત્ર H_2O છે
જયારે ભારતની પ્રજા માટે નદી એ 'લોકમાતા' છે.

નાથનું અનાથપણું

નેશનલ સર્કિટમાં પતિદેવોના પ્રકારો મસ્તીના ઘોડાપૂરમાં તમે માણી રહ્યા છો. 'સ્વામીઓ'ને જાણ્યા બાદ પતિદેવોના બીજા પ્રકારો નીચે મુજબ છે:

નાથ: આ પ્રકારના પતિદેવો પત્નીઓ દ્વારા 'નાથી' શકાતા નથી. આ પ્રકારના પતિદેવો નખશિખ સરમુખત્યાર હોય છે. એનું 'સર' હંમેશાં ઘમંડથી ઊંચું રહે છે અને એનું મુખ કદી બંધ નથી થાતું. ઘરમાં પોતાનો પડ્યો બોલ ઝિલાવવો જ જોઈએ અને ઘરના તમામ સદસ્યો એના કહ્યામાં જ રહેવા જોઈએ. આ 'મનોરોગ'થી આ પતિદેવો પીડાતા નજરે ચડે છે. ગામમાં કોઈ એનું માનતું ન હોવાથી આ પતિદેવો ઘરમાં નાની નાની બાબતોમાં પોતાનું ધાર્યું કરાવવા ધમપછાડા કરી મૂકે છે. 'દાંતિયામાં વાળ કેમ છે' આ મુદ્દા પર તેઓ ધીંગાણું કરી નાખે છે, તો વળી પોતે જ આડા હાથે મૂકી દીધેલી પોતાની જ 'લુંગી' દર ત્રીજા દિવસે ખોવાઈ જતાં ઘરમાં કાગારોળ કરી મૂકે છે. બાથરૂમની લાઇટ ચાલુ કોણે રાખી? ડેલી કેમ ખુલ્લી છે? રોટલી કેમ બળી ગઈ? શાક કેમ વધ્યું છે? તમે કોઈ મારું કેમ સાંભળતા નથી? નાથ પ્રકારના પતિદેવો કોઈ પણ વિષય ઉપર પોતાની પત્નીને અને પુત્રવધૂઓને રાઉસ કરવા માટે સક્ષમ છે. દર પંદરમી મિનિટે એ તમને યાદ કરાવડાવે છે કે હું ઘરનો માલિક છું. મોરલ ઑફ ધ સ્ટોરી ઘરના બધા સભ્યો મનમાં સમજે છે કે આમના મગજમાં કાંઈક 'લીક' થઈ ગયું છે.

ધણી: આ પ્રકારના પતિદેવો ધણખૂંટની જેમ ઘરમાં કામ કરે છે, ઘરમાં પડદા લાવવાથી માંડી ગોદડાં સંકેલવાં સુધી પત્નીને મદદ કરે છે, તોય બિચાડાની ઘરમાં કોઈ કિંમત કરતું નથી. ખૂબ કરકસર કરી આ પતિદેવો ઘર ચલાવવા મથે છે તોય એની મોસ્ટ અનસેટિસ્ફાઇડ અર્ધાંગનાથી આ પતિદેવોની લાઇફ નર્કાગાર જેવી થઈ જાય છે. દર પંદરમા દિવસે પત્ની એના ધણીને કહે છે કે તમને બધી વાતની ખબર પડી પણ સાડીની ભાતની ખબર નો પડી. ત્યારે આ ધણી મનમાં બબડી ઊઠે છે કે સાડીની ભાતની બધી ખબર છે, પણ તું કંઈ જાતની છે એમાં ગોટે ચડેલ છું. પત્ની દ્વારા ઘરબાઈ ગયેલા પુરુષોને ધણી કહેવાય છે. નાની નાની બાબતોમાં આ પતિદેવોના મગજની અણી નીકળવાથી સિત્તેર વર્ષનું આયુષ્ય લઈને જન્મેલા ધણી મહાશય પંચાવન વર્ષમાં પતી જાય છે.

પતિ: ઘરની દરેક ચીજના હપ્તા ભરતાં ભરતાં જેનું જીવન પતી જાય છે, એવા પુરુષો શુદ્ધ 'પતિ'ની કૅટેગરીમાં સામેલ થાય છે. એમાં ઘરમાં ફ્રીઝના હપ્તા પૂરા થાય ત્યાં ટી.વી.ના હપ્તા શરૂ થાય છે. ટી.વી. ના પતે ત્યાં મકાનના અને મકાનના પતે ત્યાં ગાડીના હપ્તા આવી ચડે છે. ખાતાપીતા અણણા હજારે જેવી હાલત ધરાવતા આ પતિદેવો કેજરીવાલ જેવી જિદ્દી પત્નીઓથી ભયંકર કંટાળેલા હોય છે, પણ કોઈને કહી શકતા નથી. આ બાજુ હપ્તા પૂરા થાય છે અને આ બાજુ આ ભાઈ પતી જાય છે. પછી એની પાછળ ભાગવત સપ્તાહ થાય છે.

આ પતિદેવો વફાદાર હોવા છતાં પોતાની પત્નીને જ હેપી વૅલેન્ટાઇન્સ ડે કહેવાનું ભૂલી જાય છે, તેથી પિટાઈ જાય છે. બૅન્કના હપ્તા ભરવાના ટૅન્શનમાં આ પતિદેવો પત્નીની બર્થડે અને લગ્નની એનવર્સરીની ડેટ ભૂલી જાય છે, જેથી એનું સંઘુય દળી દળીને ઢાંકણીમાં આવે છે.

વર: આ કૅટેગરીમાં જનરલી ઘરજમાઈ પ્રકારના પુરુષો આવે છે. સગાઈ થાય ઈ ભેગા જ આ પતિઓ સાસુ-સાસરાને 'પપ્પા ને મમ્મી' કહેવા લાગે છે. રેડીમેઇડ ટીકડી ટી ટાલવાળા પપ્પાને પોતાના પપ્પા કરતાં વધુ માન આપતા નજરે ચડે છે. આ પ્રકારના પતિદેવો લગ્ન પછી કમ્પ્યૂટર કે ઇન્ટરનેટનો ઉપયોગ બંધ કરી દે છે, કારણ કે તેઓ માને છે કે એની પત્નીને ગૂગલ કરતાં પણ વધુ ખબર છે અને એની સાસુમા તો બેકઅપ હાર્ડ ડ્રાઇવ છે. પત્નીના સંપૂર્ણ તાબામાં હોવાથી આ 'વર' પતિદેવો સોસાયટીમાં 'રંજનબહેનના ઘરવાળા' કે 'રૂપલબહેનના મિસ્ટર' તરીકે જ ઓળખાતા હોય છે, જેનું પાછું એને પણ ગૌરવ હોય છે. ટી.વી. જોતી વખતે પત્નીના હાથમાં રિમોટ આપીને આ વરજીઓ સહર્ષ કહે છે કે પ્રિયે, IPL ની ક્રિકેટ મૅચ તો કાલેય આવશે, તું તારે ઊલટા ચશ્માં જોઈ લે.

સેવક: પતિદેવોનો આ સૌથી કનિષ્ક અને છેલ્લો પ્રકાર છે, જે અત્યંત માંયકાંગલી રીતે પોતાની પત્નીની સેવા કરે છે. ડાર્લિંગ તું હવે ઊઠને, મેં ચા-નાસ્તો બનાવી નાખ્યો છે. 'ત્યાંથી માંડી' પ્રિયે, તારે ઊભું નથી થાવું હું લાઇટ ઠારી નાખું છું.

દિવસની ટોટલ દિનચર્યામાં આ સેવકો પોતાની સાક્ષાત્ શેઠાણી સ્વરૂપ અર્ધાંગનાની સેવા કરે છે. વીસ વર્ષ જેની સાથે રહ્યાં એ મા-બાપ અને પરિવારને તરછોડી લગ્નના એક જ વર્ષમાં બાયડીઘેલા થઈને ઘરથી અલગ રહેવા લાગે છે. પત્નીના દાળને ગુલાબની જેમ સ્વીકારે છે. નાથ, સ્વામી, ધણી, પતિ, વર અને સેવક તમે કઈ કૅટેગરીવાળા છો, યાર પ્લીઝ મેઇલ કરશો?

હાઉકલી

ગુજરાતીઓ માટે 'આઇ લવ યુ' કરતાં પણ વધુ અસરકર્તા વાક્ય છે, 'પેમેન્ટ લઈ જાવ.'

સ્વાદનો હાસ્યવાદ

આવો, નવા વરહની બોણી પ્રાચીન કવિ કેશવદાસજીની કવિતાથી કરીએ:

જશ કો સ્વાદ સોહી, સુનિયે પરાયે કાન,
દાન કો સ્વાદ સોહી, હરિગુન ગાઈએ,
જીભ કો સ્વાદ બુરો, બોલીયે ન કાહુ અંગ,
સંપત કો સ્વાદ, શીશ સબકો નમાઈએ,
ઘર કો સ્વાદ જબે, એકી સંપ હોય ચલે,
દેહ કો સ્વાદ જો, નિરોગી દેહ પાઈએ,
એ તો સુખકો સ્વાદ, કહતે હૈં કેશવદાસ,
ખાને કો સ્વાદ કછુ, ઔર કો ખિલાઈએ,

'જશ કો સ્વાદ સોહી સુનિયે પરાયે કાન.' અમુક માણસો પોતાની જ પ્રશંસામાંથી ઊંચા નથી આવતા. હું નો હોત તો બધું અટકી પડે. હું નો હોત તો દેવજીભાઈના છોકરાનાં લગન ન થાત...! આવા એક હજાર પ્રકારના ઈગો માથે લઈ કરોડો લોકો જીવી રહ્યા છે. એને કોક સમજાવો કે ભાઈ તારા વગર તારા બાપુજીનાં લગન પણ થઈ ગ્યાં'તાં હવે પડ્યો રેને! પણ આ અભિમાનનાં પૂતળાંઓ જનમથી જ કરમ ફૂટેલા યા તો જશ ફટલા હોય છે, એ બિચાડા પરસેવો પાડીને ખેતરમાં આંબો વાવે તોય ઈ ખેતરમાંથી ગાંજો ઊગી નીકળે છે. ઈ પરિવાર માટે તૂટી મરે તોય એની ઉપર જ માછલાં ધોવાય.

અહીં કવિના મત મુજબ જશ એને કહેવાય જે બીજાના કાને સાંભળો. તમે કેવા છો ઈ તમારે થોડું કહેવાય? ગામ ક્યે ઈ સાચું. હું નાનપણથી જ આ ગામલોકોને ગોતું છું, જેની બીક બતાવીને નાનપણથી મારી બા મને કહે છે કે બેટા, આમ ન કરાય, તેમ ન કરાય, ગામલોકો શું કહેશે? રજનીશે અમથું નહીં કહ્યું હોય કે સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ? આમ જશના સ્વાદ પછી દાનનો સ્વાદ લેવા હરિગુન ગાવા જોઈએ. વડીલ લોક સાહિત્યકાર ભાસ્કરભાઈ બારોટે રાજનેતા અને દાતામાં ફર્ક બતાવીને સરસ વાત કહી કે:

"અગર કુછ કરના હૈ તો બસ ઇતના કર,
ખુલ્લા મુંહ બંધ કર, બંધ હાથ ખુલ્લા કર."

નેતા થાવું સહેલું છે પણ દાતા થાવું દોહ્યલું છે. ફેરવીને જે થપ્પડ મારી શકે ઈ માણહ જ ક્યાંક લાખ રૂપિયાનું દાન લખાવી શકે. બંનેનાં થર્મોમીટર સરખાં હોય છે. આમ ઈશ્વરનું નામ લેવાથી અથવા જ્યાં ઈશ્વર રાજી થાય એવી જગ્યાએ દાન કરવાથી જ દાનનો સ્વાદ મળે છે. બાકી એક ગામમાં અનાથ આશ્રમવાળા ફાળો કરવા આવ્યા'તા તો એક નંગે પોતાના બે છોકરા લખાવ્યા. સ્વિમિંગ પુલના દાનમાં કંઈ બે ડોડ પાણીનું દાન ન કરાય. ક્યાં આપવું? ક્યારે આપવું અને કોને આપવું? આની ખરી સમજણ દાનવીરોને

આવી જાય તો દેશના તમામ પ્રૉબ્લેમ સોલ્વ થઈ જાય. એટલે હું ડાયરામાં ઠેકીને કહું છું કે કાંઈ કમાતા ના શીખો તો આશીર્વાદ કમાતા શીખજો.

'જીભ કો સ્વાદ બુરો બોલીયે ન કાહુ અંગ' કવિ કેશવદાસ સૂચવે છે કે ખરાબ શું કામ બોલવું? જબ જબ ભી મુંહ ખોલો તુમ મીઠી વાણી બોલો તુમ! લોકકવિઓએ માટે જ કહ્યું છેને કે:

"કાણાને કાણો નવ કહીયે, કડવાં લાગે વેણ,
ધીરે રહીને પૂછીયે, શીદને ગુમાવ્યાં નેણ?"

માને મા જ કહેવાય, બાપુજીની બાયડી ન જ કહેવાય. નહીંતર એ પણ સત્ય જ છેને, માટે મિત્રકવિ ગુલાબદાન બારોટે લખ્યું છે કે:

"જેની જ્યાં જરૂર છે તેને ત્યાં ન ત્યજાય,
બાકસ ઘરને બાળી નાખે તોય ઘરમાંથી નો કઢાય,
ફેરવ્યા નિયમ ફરે નહીં ને થાતું હોય એમ થાય'
ફઈબાને મૂછું ફૂટે એટલે કાકા નો કહેવાય!"

'સંપત કો સ્વાદ શીશ સબકો નમાવીએ અર્થાત્ વિવેક વગરના રૂપિયા (નોંધ: આ વિવેક ફિલ્મસ્ટાર ન સમજવો) વધી જાય તો માણસ ફાટીને ધુમાડે જાય છે. ફોરેનમાં નજરે જોયેલાં દૃશ્યો છે કે 'મર્સીડીઝવાળો રસ્તે ચાલનારાને આદરથી પ્રાયોરિટી આપે છે. જ્યારે આપણા દેશમાં મર્સીડીઝવાળો હોર્ન મારી ગામમાં સીન નાખે છે. કાચ ઉતારીને સાઇકલ કે સ્કૂટર સવારને રીતસર ટોપરાવે છે કે "હાથ કાઢ નહીંતર ઈ હાથ વિનાનો રહીશ!" ઈતો ભાઈ ગાડીવાળા તારી માથે કોકનો હાથ ફર્યો એટલે તું આ બોલી શક્યોને! સદ્લક્ષ્મી ઘરમાં આવે એ લોકો જ વિવેકશીલ બને બાકી તો ફાર્મમાં 'બેફામ' થાય હરે! હરે!

'ઘર કો સ્વાદ જબે એકી સંપ હોઈ ચલે' તાજો દાખલો ટાંકું તો તમે તમારી ઘરવાળીનો બર્થ ડે કરોડો રૂપિયાનો ધુમાડો કરીને ઊજવો પણ એમાં તમારા સગાં ભાઈનો જ પરિવાર હાજર ન હોય તો ઈ ધુમાડો ધૂળ છે. સફળતાની મારી વ્યાખ્યા એવી છે કે લોકો તમને FACE-BOOK પર ગોતે એના કરતાં GOOGLE પર ગોતે તો સમજજો કે તમે સફળ છો. પોલીસ તમને ન ગોતે અને વકીલ તમારે ન ગોતવા પડે તો તમે સુખી છો. તમારો પરિવાર એક પંગતે વાળુ કરતો હોય તો તમે ફોબ્ર્સની યાદીમાં ન હોવા છતાં દેશના ધનાઢ્ય અબજોપતિ માનજો.

FB પરથી યાદ આવ્યું, એક જણો કહે મારું આખું ફેમિલી કમ્પ્યૂટરિયું છે. વાઇફ ગૂગલ જેવી છે, છોકરો FB છે, દીકરી ટ્વિટર છે. આખી સોસાયટીના છોરાઓ એને ફોલો કરે છે અને આ બધાયમાં હું હેંગ થઈ ગયો છું. અંતે 'દેહ કો સ્વાદ જો નિરોગી દેહ પાઈએ.' કરોડપતિ શેઠ વતી ટાંકા નોકરને ન અપાય. શેઠાણી બાયપાસ માટે નોકરાણીની સર્જરી ન કરાય. સહન તો શેઠે જ કરવું પડે. દેહનો સ્વાદ વયો જાય પછી સોનાની થાળીમાં ખાખરા જ ખાવાના રહે.

'ખાને કો સ્વાદ કછુ ઔર કો ખિલાઈએ' કાઠિયાવાડની પ્રાચીન જગ્યાઓએ જગતને રોટલો જમાડ્યો એટલે સમાજ એની પૂજા કરે છે. બાકી પોતાના ઘરે અઢાર રોટલા દાબી જાય એની જયંતી ન ઊજવાય. પણ પોતાના સાટુ ઘડેલા રોટલા જ ભૂખ્યાને જમાડી ઘે એવા જલિયાણ જોગીને જગત યાદ કરે.

હાઉક્લી

કેશવદાસની આ કવિતા જીવનમાં જો તમે શબ્દશઃ ફોલો કરો તો ઈશ્વર અમથા મિસકોલમાં પણ હાજર થઈ જાય, પણ ફોલો કરે કોણ?

જાનને જગાડવાની સોપારી

ફૂલગુલાબી ઠંડીમાં આદુંવાળી ચા પીતાં પીતાં છાપું હાથમાં લીધું ત્યાં તો કંકોતરીની થપ્પી નીચે પડી. ચાલીસેક જેટલી કંકોતરી જોઈને મારા તો હોંશ ઊડી ગયા. આપણને બધાને લગ્ન કરવાં ગમે છે, પણ બીજાનાં લગ્નમાં જવાનો કંટાળો આવે છે. કારણ કે વધાવો દેવો પડે ને! અમુક કંજૂસની કાકડીઓ તો સારા વધાવાની અપેક્ષાએ જ આમંત્રણ મોકલે છે. અતુલનો એક નિયમ મને ખૂબ ગમે. અતુલ એના બાવીસ વર્ષ પહેલાંનાં લગ્નના વધાવાની ઝેરોક્ષ દીવાનખંડમાં સેટીની નીચે સદાય સંતાડેલી રાખે. જેવી કોઈ કંકોતરી આવે એટલે તરત એ જૂની ઝેરોક્ષમાં એનું નામ શોધે. જેમ પેલા સિદ્ધપુર પાટણમાં શ્રાદ્ધવાળા ચોપડાંમાં અમુક લોકો પોતાના વડવાઓ ગોતતા હોય છે એ રીતે. પછી કંકોતરીવાળી પાર્ટીએ જેટલા રૂપિયાનો વધાવો ઈ સમયમાં લખાવ્યો હોય એટલા જ રૂપિયા અતુલ આ સમયમાં લખાવે. એટલે ઘણી વાર દોઢસોની થાળી હોય અને મારા આ ભાઈબંધનો વધાવો પચ્ચીસ રૂપિયાનો હોય. હું ક્યારેક ધ્યાન દોરું તો અતુલ મને કહી દે કે જેવા સાથે તેવા સાંઈ.

આ પ્રસંગમાં વધાવો લખાવાની સિસ્ટમ આપણા અભણ વડવાઓના મૅનેજમૅન્ટનો એક અદ્‌ભુત દાખલો છે. સૌરાષ્ટ્રની અમુક કોમોમાં તો હજી ‘ચડત વધાવો’ લખાવાય છે. મતલબ તમે મારી દીકરીનાં લગ્નમાં પાંચસો રૂપિયા વધાવો લખાવો એટલે મારે તમારા પ્રસંગમાં એક હજાર લખાવાના. વધાવાના આ મુદ્દા પાછળ આપણા વડવાઓનું લૉજિક એ હતું કે કોઈ આર્થિક રીતે નબળો બાપ એની દીકરી પરણાવે ત્યારે ગામલોકો અને સ્વજનો વધાવાના વ્યવહારથી એને ટેકો આપી શકે. વોટ એન આઇડિયા સરજી (નોંધ: અને એ પણ અભિષેક બચ્ચન વગરનો)

શિયાળામાં લગન આવે એટલે આળસુ માણસના મોતિયા મરી જાય છે. કડકડતી ટાઢમાં જાન હંમેશાં વહેલી જ ઉપાડવાની હોય છે. આળસુ લોકો ઊંઘવાનો લહાવો ગુમાવે છે. દરેકે નોંધ્યું હશે કે આખી જાનને ટાઇમસર ઉપાડવા માટે ઘરના મોભી તરફથી એક જણાને રીતસર સોપારી આપવામાં આવે છે. (નોંધ: પણ આ સોપારી પેલી દુબઈ કે મુંબઈના ભાઈલોગવાળી નથી હોતી, પરંતુ કાચી પાંત્રીસ વિથ આછા ચૂનાવાળી સોપારી હોય છે.) એકાદ સિગારેટ અને ચાર બંધાયેલી ફાકી સાથે આ કુટુંબના જ શખ્સને વરના બાપ કૃષ્ણે જેમ અર્જુનને તૈયાર કર્યો’તો એમ ‘નિદ્રાજ્ઞાન’ સંભળાવી તૈયાર કરે છે કે આ તારા જ છે પણ એ હજી સૂતા છે એને ઉઠાડી નાખ...!

વરરાજો કે વરના બાપા દારૂ ન પીતા હોવા છતાં અમુક જ્ઞાતિમાં જાનૈયાઓ માટે છાંટો પાણીની વ્યવસ્થા(!) ફરજિયાત કરવી પડે છે. ગંજીફો બાંટતા ન આવડતો હોવા છતાં લગનટાણે આંગણે પધારેલા અદક-પાંહળાઓને જુગાર રમવા માટે અલાયદો રૂમ ફાળવવો જ પડે છે. વહુઓ કે દીકરીઓએ મર્યાદાસભર કપડાં જ પહેરવાં જોઈએ, આવી ગુલબાંગો ફૂંકનારાઓ પોતાના ઘરે પ્રસંગ ટાણે પોતે બહુ હાઈફાઈ અને વાઈફાઈ છે

એ ગામને બતાવવા માટે મુંબઈ કે અમદાવાદની ગોઠણથી ઉપર સ્કર્ટ પહેરેલી ચટાકેદાર કેટરર્સ મંગાવે છે. ઘરની સામેના પાર્ટીપ્લોટ કે વાડીમાં કોકના દાંડિયા રાસ રાત્રે સાડા દસે પોલીસે બંધ કરાવી જ દેવા જોઈએ આવો હઠાગ્રહ રાખનારાઓ પોતાના આંગણે પ્રસંગ ટાણે પોલીસ આવે ત્યારે એને અને સરકારને ગાળો ભાંડે છે. મને તો સાલુ એ જ નથી સમજાતું કે આપણાં પરિવારમાં લગ્ન આપણે આપણી ખુશી માટે કરીએ છીએ કે પછી દારૂડિયા અને જુગારિયા સગાંઓનાં દૂષણો પોષવા માટે?

ખેર, આપણી વાત પેલી સોપારી આપીને જગાડનારા પર અટકી'તી. ઈ જવાબદાર શખ્સ મોંમાં ડબલ ફાકીના ડોઝ ચડાવી રાતે ત્રણ વાગ્યાથી જાનૈયાઓને પાટા મારીને જગાડવાનું શરૂ કરી ધે છે. એ હાલોભાઈ દાંતણ-પાણી કરી લ્યો, ચા મુકાઈ ગઈ છે, કપ ઓછા છે. ગરમ પાણી એક જ કલાક મળશે. પછી રસોડું બંધ થઈ જાશો, વાડી સોંપવાની છે. જાનની બસ આવી ગઈ છે, હાલો ભાઈ હાલો ઝટ જાન ઉપાડવાની છે.

ઉપરોક્ત વાક્યો દ્વારા ઈ ઘરધણીની આબરૂનો ફાલૂદો બોલાવી રહ્યો છે એની એને સહેજ પણ ખબર નથી રહેતી. વળી મોરલ ઑફ ધ સ્ટોરી જાનને જગાડવાની સોપારી લેનાર શખ્સ સંઘાયને જગાડી પછી પોતે સૂઈ જાય છે.

સૌને અનુભવ હશે જ કે લગ્નની વાડીમાં બાથરૂમ સાવ અવાવરું અને કરોળિયાનાં જાળાંયુક્ત જ હોય છે. જેમાં અજવાળાના અવશેષરૂપે માત્ર હોલ્ડર હોય છે, પરંતુ લૅમ્પ નથી હોતા. બાબા આદમના વખતના બાથરૂમ કે ટૉઇલેટના કટાઈને કાળા પડી ગયેલા નળ જો ચાલુ થાય તો બંધ નથી થાતા અને બંધ થાય તો ચાલુ નથી થાતા. હવે લગનમાં કુલ બાથરૂમ ચાર હોય અને નહાવાના દોઢસો જણા હોય છે. વળી બાથરૂમમાં સાબુના દુકાળ કાંઈ આજકાલના નથી, યે તો સદિયોં સે ચલી આતી પરંપરા હૈ. અમુક ચોખલિયા જાનૈયા તો રસોડામાંથી નિરમા પાઉડરની કોથળી ચોરી આવે છે અને એનાથી સ્નાન કરી લ્યે છે. હવે ક્યાંય પણ લગનમાં તમને કોઈ વધુ પડતાં ઊજળાં અને ઉઘડેલા દેખાય તો નક્કી એ 'પાઉડર પ્રતાપ' માનજો. પરિવારના ત્રણેક માથાં ફરેલ જમાઈઓ આખી વોડકાની એક બૉટલ છાનીમુની ઠબકારી અગાસી ઉપર સૂઈ ગ્યા છે. (ક્રમશઃ)

હાઉકલી

ભારતીય ઋષિઓએ કુલ ૨૭ નક્ષત્રોની શોધ કરી.
એક નક્ષત્રને ચાર ચરણ હોય છે. આમ ૨૭ × ૪ – ૧૦૮.
આથી પ્રત્યેક માળામાં ૧૦૮ મણકા હોય છે અને સંતો-
ધર્માચાર્યોનાં નામ આગળ 'શ્રી ૧૦૮' ઉપમા લખાય છે.

જમાઈ વગરની જાન

જેમ કે નિયમિત વાચકો જાણે છે કે ગત સપ્તાહથી શિયાળામાં કંટાળાજનક લગ્નની વાર્તા ચાલુ છે. થોડુંક રિકોલ કરાયું તો દરેક ઘરઘણી દ્વારા જાન વહેલી ઉપાડવા માટે એકાદ જણને જાનૈયાને વેલા ઉઠાડવાનો હવાલો અપાય છે. એમાં કુટુંબના ત્રણ માથાભારે જમાઈઓ છાંટોપાણી કરીને છાનામુના અગાસીએ ચડી સૂઈ જાય છે.

ચાર બાથરૂમમાં દોઢસો જણાની નહાવા માટેની લાંબી લાઇન જોઈને જ અમુક આગમપ્રિય જાનૈયાઓ સ્નાનનો વિચાર માંડી વાળે છે અને મોઢું ધોઈ નવાં કપડાંમાં બરાબરનો નવો બોડી સ્પ્રે છાંટીને મન મનાવી લ્યે છે. અતુલની મફતની સલાહ છે કે શિયાળાના લગ્નમાં જાનૈયાને લગ્નમાં સૌથી વહેલા ઉઠાડવા હોય તો રાત્રે દાંડિયારાસ પછી આખા મરચાંનાં ભજિયાંનો નાસ્તો અચૂક કરાવવો. આલારામનું કામ એ સો ટકા કરે જ.

શિયાળાના લગ્નોત્સવોમાં ઘરાહાર તાપવાનોય નોખો મહિમા. મારા મિત્ર અતુલે તો મારાં પોતાના લગ્નમાં જ સવારે તાપવા માટે વાડીના મંડપમાં પડેલી લાકડાની મસ્ત વરરાજાની ખુરશી જ ભાંગીને સળગાવી નાંખી'તી. બસ, આ ઘટના પછી અમારા ગોંડલમાં તમામ લગ્નની વાડીઓમાં લાકડાંના મંડપ-ખુરશી બિનવારસી હાલતમાં રખાતાં બંધ થઈ ગયાં.

શિયાળાની જાન જંઈ ઉપાડવાનું ટાણું થાય છે ત્યારે પચાસ ટકા પુરુષો નહાયા વગરના બસમાં ચડી જાય છે. વરરાજાને કટાઈ ગયેલી તલવાર સાથે જાનની બસમાં જ લેવામાં આવે છે. કારણ કે જુદી ગાડી ગામનો જ જણ આપવાનો હતો એની વાનમાં ગૅસ ન હોવાથી આ આકસ્મિક આપત્તિ વરરાજા પર આવી પડે છે. કુટુંબની દીકરીઓ પોતાના પતિદેવોને શોધવા નીકળી પડે છે. દ્રાક્ષાસવની ચિર નિદ્રામાં પોઢેલા ત્રણ જમાઈઓ તો વાડીની અગાસી પર નાકોડા ઢઈડી રહ્યા હોય છે પણ ત્યાં તપાસે કોણ? આખરે જેના ચરણ ધોઈને પીધા હોય છે એ જમાયુને જ પડતાં મૂકીને વરના બાપા મુહૂર્તનું બહાનું બતાવી જાનની બસ હિંમતપૂર્વક હંકારી મૂકે છે.

આ બાજુ કલાકેક પછી એક ઓછો પીધેલો જમાઈ ફુલ ડમર થઈ ગયેલા બંને સિનિયરોને જગાડે છે કે અલ્યા જાગો, સાળાની જાન ઊપડી ગઈ. દ્વિતીય ક્રમાંકનો જમાઈ ગોદડામાંથી જ ઉત્તર આપે છે કે જો જાનમાં આપણે નહીં પહોંચીએ તો આપણી ઘરવાળીયું આપણો જાન લઈ લેશે અને પીધાનું પકડાઈ જાશે! ઘરવાળીના ડરથી ત્રણેયની નિદ્રા પાતાળ પહોંચે છે. આમ દસ મિનિટમાં તમામ દૈહિક અને દૈનિક ક્રિયાઓ પતાવી આ ત્રણેય જમાયુ 'ચાર્ટર છકડો' કરીને સૂટબૂટમાં જાન માટે રવાના થઈ જાય છે. છકડાના ચાલકને જાનની બસને ઓવરટેક કરવાના સો રૂપિયા વધુ ઠેરવાય છે. જમાયુના નસીબ એવાં સારાં કે લગ્ન સ્થળથી બે કિલોમીટર દૂર જાનની બસમાં પંચર પડે છે. મર્સીડીઝ કે ઔડી પાર્ક કરતાં હોય એવા રુઆબથી ત્રણેય જમાયુ જાનની બસ આગળ સિંઘમ સ્ટાઇલમાં છકડો ગોઠવે છે. વરરાજો આ પંચરને લીધે ચોઘડિયું ચૂકી જાશે આવી

ચિંતા સાસુમા દ્વારા વ્યક્ત થતાં ત્રણેય ડીઝલિયા જમાયુ દબંગ બનીને વરરાજાને છકડામાં ખેંચી લગ્ન સ્થળ સુધી પહોંચાડે છે.

નસીબના બળિયા જમાયુ સૌથી છેલ્લે નીકળ્યા તોય સૌની પહેલાં માંડવે પહોંચ્યા. ત્યાં જઈને સીધા લગ્નનો ટોટલ કમાન્ડ સંભાળી લ્યે છે. વરરાજા માટે રૂમ ક્યાં છે? ગરમ પાણી ઝટ લાવો. સાબુ ને શેમ્પૂ ક્યાં છે? મૂળ તો પોતે પરણવા ગ્યા'તા ત્યારે કોઈએ ભાવ નહોતો પૂછ્યો એનો આ જમાયુ બદલો વાળી રહ્યા હોય છે. દસ મિનિટમાં અગિયાર ફરિયાદો કન્યાપક્ષના યુવાનોને સંભળાવી ધે છે. વરરાજાના બાથરૂમમાં સ્ટોપર નથી. આમાં ઈ નહાય ક્યાંથી? હવે વરરાજો વાડીમાં કૂંડીમાં નહાવા ટેવાયેલો છે પણ આ જમાયુ? જેવું ગરમ પાણી આવે છે ઈ ભેગા પહેલાં ત્રણેય જમાયુ નહાઈ લ્યે છે.

અમુક કુટુંબમાં તો જમાઈ એ સાસરિયાંનો શ્રેષ્ઠ અને મફત સલાહકાર હોય છે. સાસરિયાંમાં નવો સેટી પલંગ લેવો હોય તોય અમુક સાસુઓ તો જમાઈને ફોન ઘુમાડે છે કે કુમાર તમે આવી જાવ અને અમુક હરખપદુડા જમાયુ પણ કપડાંની થેલી તૈયાર રાખીને જ ફોનની રાહે બેઠા હોય છે. જેવો ફોન વાગે કે નીકળી પડે છે, "ચલો બુલાવા આયા હૈ સાસુમાને બુલાયા હૈ!"

અમુક જમાયુ તો એવા હોશિયારનાં પડીકાં હોય છે કે તહેવારના આગલા અઠવાડિયે ભોળીભટાક વાઇફને કહે છે કે કાલ રાતે મને 'તારી બા' સપનામાં આવ્ય'તા. બસ દિવાળી ઉપર સાસરીએ જાવામાં આટલું બહાનું કાફી છે. છોકરાવને ફટાકડા મામા લઈ ધે અને પોતાનો ખર્ચ બચી જાયને. આવી અકળ કળાના કારીગર હોય છે આ જમાયુ!

આમ, ડીઝલિયા જમાયુ વરરાજાને રેડી ઘેન કમ્પ્લીટ કરી મંડપમાં મોકલી વળી પાછા છાંટોપાણી ગોતવા ગુમ થઈ ગ્યા છે. તમને ક્યાંય આ જમાયુ મળે તો મેઇલ કરજો.

હાઉકલી

તુમ બેવફા હોકર ભી અચ્છે લગતે હો,
ખુદા જાને તુમ મેં વફા હોતી તો ક્યાં હોતા?

- અજ્ઞાત

ચકાનો વાંઢાવિલાસ

મારા બુદ્ધિના લઠ્ઠ ભાઈબંધ ચકાને મેં પૂછ્યું કે, "ચકા, કદાચ તને એક દિવસ માટે ભારત દેશનો વડાપ્રધાન બનાવવામાં આવે તો!" ચકો ઘડીક ઊંડું વિચારીને બોલ્યો કે, "ભાયડો તો આરામ કરે." મેં પૂછ્યું, "કેમ આરામ? વડાપ્રઘાન થઈને આરામ થોડો કરાય?" ચકો કહે, "સાંઈ, આ લોકો પાંચ વરહમાં કાંઈ કરી નથી શકતા, તો હું એક દી'માં શું કરી શકું એટલે કહું છું." તોય મેં વાત પકડી રાખી કે નહીં ચકા, "વડાપ્રધાન થા તો શું કરે?" ચકો ક્યે, "તો હું ભજિયાં બનાવું." વળી મેં કીધું, "એલા ગાંડાલાલ, વડાપ્રધાને ભજિયાં થોડાં બનાવવાનાં હોય? એને તો આખો દેશ ભજતો હોય." ચકો કહે, "સાંઈરામ, એક દિવસમાં વધીને આખાં મરચાંનાં ભજિયાં થઈ શકે." મેં છેલ્લો ટ્રાય કર્યો કે, "ચકા, ધાર કે એક દી'નો નહીં તને પાંચ વરહ સુધી વડાપ્રધાન બનાવવામાં આવે તો?" ચકાએ ફટાક કરતી જીભ ખોલી કે, "ના હોં, એટલાં બધાં ભજિયાં પછી ખાય કોણ?

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં' એ ચકાની ફેવરિટ સિરિયલ છે. જેઠાલાલ પછી બીજા નંબરે બબીતાને અનન્ય સ્નેહ કરનારો જો આ જગતમાં કોઈ હોય તો ઈ અમારો ચકો છે. ઈ સિરિયલના પોપટલાલ જેવી જ વાંઢાપણાની વેદના ચકો વર્ષોથી અનુભવી રહ્યો છે. ચકાની બીજી ફેવરિટ સિરિયલ 'કોમેડી નાઇટ્સ વિથ કપિલ' છે. શરૂઆતમાં તો ચકાને એમ કે ક્રિકેટર કપિલ દેવની આ સિરિયલ છે. ચકો કપિલ દેવની રાહે ત્રણ મહિના સુધી આ સિરિયલ નિહાળતા રહ્યો અને એમ થાતાં થાતાં ચકાને આ કૉમેડિયન 'કપિલ'થી લગાવ થઈ ગયો. કપિલની સિરિયલમાં પણ એક કુંવારા ફૂફાનું પાત્ર આવે છે. ચકો મને કહે, "તંઈ હેં સાંઈ રામ! આ તારક મહેતાના 'પોપટલાલ'ના લગન કપિલની સિરિયલવાળા ફૂફા સાથે નો ગોઠવી શકાય?" વોટ એન આઇડિયા સરજી!

ખેર, ઘીનાં ઠામમાં ઘી પડી જ જાશે. નવાં પરણેલાં કે પ્રેમી પંખીડાંને ઇંગ્લિશમાં 'લવ બર્ડ્સ' કહેવાય, તો વર્ષોથી પરણેલાં દંપતીઓને 'એન્ગ્રી બર્ડ્સ' ના કહેવાય? કુંવારા હોવાની ખુમારી લગન પછી ખુવારી નોંતરે છે. અમારો કુંવારો ભેરુ ચકો એના બેડરૂમમાં બબીતાથી માંડી ફટાકડા જેવી કેટલીય હિરોઇનુનાં મસમોટાં પોસ્ટર ચોંટાડી રાખે છે. ઘણી વાર ચકો મને કહે કે સાંઈરામ, તમે કોઈ દી' મારા ઘરે નથી આવતા. ત્યારે હું અને અતુલ કાયમ દલીલ કરીએ કે તારા ઘરે શું વાસણ ઊટકવા આવીએ? તારા રસોડામાં ઉંદરડા હડિયાપાટી કરતા વિદ્યમાન થાય છે. તોય તમે જો જો કે વાંઢા માણાને પોતાના ઘરે બધાયને લઈ જાવાનો ભાવ બહુ હોય છે.

હિન્દી ફિલ્મના એક જ ગીતમાં સમગ્ર જીવનનો સાર સમાયેલો છે. તમે પેલું ગીત સાંભળ્યું જ હશે કે 'નૈનોં મેં સપના, સપનોં મેં સજના, સજના પે દિલ આ ગયા...!' ઉંમર ૧થી ૧૫ વર્ષની હોય ત્યારે સૌનાં 'નૈનોંમાં સપનાં હોય છે. ૧૫થી ૨૫ વર્ષની ઉંમરમાં ઈ સપનાંમાં ગમે ત્યાંથી સજના (કે સજની) આતંકવાદીઓની જેમ ઘૂસી જાય છે. ૨૫થી ૩૫ વર્ષ સુધીમાં ઈ સજના ઉપર દિલ આવી જ જાય છે અને ૩૪થી ૭૫ વર્ષમાં ક્યું

સજના પે દિલ આ ગયા? આ સવાલ માંહ્યલામાં વીંછીના ડંખની જેમ દરેકને ડંખતો રહે છે!

એક દી' તો દોસ્તારનો ફોન આવ્યો કે સાંઈ, આ લગ્નવિષયક જાહેરાત જોઈ સ્ચો, કદાચ ચકાનું ગોઠવાઈ જાશે. જાહેરાત લઈ હું ચકા પાસે ગયો. કન્યા ચકા માટે બરાબર ફિટ બેસતી હતી. છેલ્લા વાક્યમાં રોન નીકળી. જાહેરાતમાં લખ્યું'તું કન્યા માટે જ્ઞાતિ બાધ નથી, પરંતુ સંસ્કારી કુટુંબોએ જ રસ લેવો. આ વાંચીને ચકો ઉકળ્યો. મને ક્યે આ ભાઈનું ખાનદાન જો સંસ્કારી હોત તો એને એની ગગી સાટુ છાપાંમાં જાહેરાતું થોડી દેવી પડે?

અઠવાડિયા પછી અતુલ એક એડ્રેસ ગોતી આવ્યો કે, ઘરમાં ત્રણ કન્યા છે અને યોગ્ય દહેજ પણ અપાશે. આવું વાંચી અમે ત્રણેય ચકા માટે ઈ ઘરે રાજકોટમાં શો પીસની જેમ ગોઠવાણા. કન્યાના પિતાએ ગ્રીન સિગ્નલ આપ્યું ઈ ભેગી પહેલી કન્યા પાણી લઈને આવી. કન્યાના પિતા ઉવાચ, કે આ મારી સૌથી નાની પાંત્રીસ વર્ષની કન્યા છે. આની સાથે જે પરણે એને હું પાંત્રીસ હજારનો કરિયાવર આપીશ. ત્યાં બીજી કન્યા ચા લઈને આવી. વળી કાકા બોલ્યા, આ સાડત્રીસ વર્ષની છે. એની સાથે પરણે એને સાડત્રીસ હજારનો કરિયાવર આપીશ. ત્યાં ત્રીજી કન્યા તીખો તમતમતો ચેવડો લઈને આવી. વળી કન્યાના પિતા બોલ્યા, આ ત્રીજી ચાલી વરહની છે. આની સાથે જે લગ્ન કરે એને ચાલીસ હજાર આપીશ. ત્યા અમારા જળકટ્ટા ભાઈબંધ ચકાની નજર ખૂણામાં બેઠેલા એક સિત્તેર વર્ષનાં માજી તરફ હતી. આ નંગે તો યરઘણીને બેફિકરાઈથી પૂછી પણ લીધું કે આપની ઉંમર? ચકાનો કાંઠલો પકડીને કન્યાનો બાપ બોલ્યો કે ઈ મારી બા છે... ચાલ નીકળ ઘરમાંથી...! હું વંડી ટપીને અને અતુલ નાસ્તાની ડિશ સાથે ખુરશી ઠેકીને ભાગ્યા. ચકાએ ચેવડો ને માંડવીપાકને બદલે મેથીપાક ચાખ્યો. ઘરની બહાર નીકળી ચકાએ મને ભોળાભાવે પૂછ્યું કે, "મારી ભૂલ શું થઈ ઈ તો કયો! મને તો સિત્તેર હજારનો વધુ કરિયાવર મળે એટલે મેં આ સવાલ પૂછ્યો'તો!" અતુલ કહે, "ચકા, ભૂલ તો તારી નથી અમારી જ છે કે અમારે તારી સાથે ભાઈબંધી છે,"

હાઉકલી

ભગવાને એક માણસ બનાવ્યો ને
માણસે કેટલા બધા ભગવાન બનાવ્યા?

ગુરુ-ચેલાના ગરબડ ગોટાળા

દિલ્હીમાંથી ગયા મહિને સરદારના વેશમાં 'નારાયણ સાંઈ' પકડાઈ ગયો. આનો સૌથી વધારે હાશકારો મેં અનુભવ્યો. આ બાપ-દીકરા સાથે મારે કોઈ લગાવ નહોતો ને દુશ્મનાવટ પણ નહોતી. છતાંય હું એક 'આમ' માણસની જેમ આમ ને આમ ખૂબ દુ:ખી થયો, કારણ કે મારા નામમાં 'સાંઈ' પણ છે ને 'રામ' પણ...!

અમારી સોસાયટીની ઓટલા પરિષદમાં એક-બે અભણ માજીને આ 'નારાયણ સાંઈ' બોલતા ન આવડે એટલે ઈ દરેક ચર્ચામાં જોર જોરથી એમ જ કહે કે આ આશારામનો છોકરો 'સાંઈરામ' પણ એવો જ નીકળ્યો. હવે આ વાક્ય સાંભળી મારી સગી ધર્મપત્નીનું લોહી ૧૦૮ ડિગ્રીએ ગરમ થઈ જાય છે. સાવરણો લઈને 'લેડી કેજરીવાલ'ની જેમ શેરીમાં પ્રગટ થાય અને ઓટલામંડળને રોકડું પરખાવે કે એય માજી તમે બોલવામાં ધ્યાન રાખો, ઈ 'નારાયણ સાંઈ' છે ને મારો 'સાંઈરામ' તો ઉજાગરામાં નીંદરું ખેંચે છે.

અમારી જ સોસાયટીના એક ખૂણે ભાડે મકાનમાં એક નવા ભાડૂત રહેવા આવ્યા. ઈ કપલમાં બહેનનું નામ 'આશાબહેન' હતું અને એના પતિનું નામ 'રામભાઈ' જેવા આ બંને નીકળે એટલે આખી શેરી તરત કહે કે જો આ 'આશારામ' નીકળ્યા. આ લે લે. હવે કોઈ ના પણ કેમ પાડે! અમદાવાદમાં તો મારા એક ચાહકે મને એક લગ્ન વિષયક કન્યાનો બાયોડેટા. વંચાવેલો, જેમાં નીચે તા.ક. કરીને લખ્યું'તું કે, 'અમારો પરિવાર કોઈ આશ્રમ સાથે જોડાયેલો નથી.' સાત્ત્વિકતાની લેખિત બાંહેધરી આપવી પડે એ તો સમાજની કેવી કરુણતા કહેવાય!

આપણાં શાસ્ત્રોમાં તો સુંદર કલ્પનાઓ છે કે ધરતી ઉપર સારાં કામ કરો તો મર્યા પછી સ્વર્ગની પ્રાપ્તિ થશે. મર્યા પછી સ્વર્ગનું સુખ મળશે જ આવી ભવિષ્યવાણી કરનાર મહારાજ પાછા પોતે સાઇકલ પર ભ્રમણ કરતા હોય છે. કોણીએ ગોળ ચોપડવાની સિસ્ટમ આપણે ત્યાં વર્ષોથી ચાલી આવે છે. સ્વર્ગમાં અપ્સરાઓ હોય છે આ સિવાય સ્વર્ગમાં શું શું હોય છે એની કોઈ પાસે કશી માહિતી નથી. (નોંધ: ચકો બોલ્યો કે સ્વર્ગમાં અપ્સરાઓ હોય પછી બીજું કાંઈ ન હોય તો પણ ચાલે હોં.) ચકો કહે, સાંઈ આખરે તો આ બધાં સત્કર્મો આપણે એકાદ-બે અપ્સરા મેળવવા માટે જ કરવાનાં. સાલ્લી પુરુષની હાલત તો મર્યા પછી પણ કેવી દયનીય બની જાય છે. જિંદગીભર ધરતીની સ્ત્રીઓ મેળવા માટે દુ:ખી થાવાનું અને મર્યા પછી સ્વર્ગની સ્ત્રીઓને રીઝવવા માટે. અરેરે!

સદ્‌ગુરુની પરંપરાને પૂરા સન્માનથી માનનારો આપણો આખો દેશ અટાણે કેવો ગોટે ચડી ગ્યો છે! ગુરુ ધારવામાં થોડી કંજૂસાઈ રાખજો પ્લીઝ, કારણ જો લંપટ ગુરુ ભટકાઈ જાશેને તો ગુરુ જ તમારું પૂરું કરી નાખશે. બાકી હવે તો ગુરુની લાંબી લચક દાઢી સળગે તો એમાંથી બીડી સળગાવી લ્યે એવા ચેલાઓ થઈ ગ્યા છે.

એક આશ્રમમાં ગુરુ-ચેલો વિશ્રામ કરતા હતા. એમાં ગુરુએ આજ્ઞા કરી કે, "ચેલા,

લાઇટ બંધ કરી દે." આળસુ ચેલાએ ઉત્તર આપ્યો, "ગુરુદેવ, આંખ્યું બંધ કરી દ્યો એટલે અંધારું થઈ જાશે." થોડી વાર પછી ગુરુએ બીજી આજ્ઞા કરી કે, "ચેલા, જો તો બહાર વરસાદ છે?" ચેલો સૂતો સૂતો બોલ્યો, "જી ગુરુદેવ, આ મીંદડી હમણાં જ પલળીને અંદર આવી છે નક્કી વરસાદ હશે જ." ગુરુદેવ ગિન્નાયા, "ઈ ક્યે ચેલા, ઊભો થા ને દરવાજો બંધ કરી દે." અકોણો ચેલો કહે, "ગુરુજી, બે કામ મેં કર્યાં હવે એકાદ તો તમે કરો!"

ભજનોમાં 'ગુરુ તારો પાર ન પાયો' એમ કહેવાયું છે. 'ચેત મછંદર ગોરખ આયા' શિષ્ય ગોરખનાથ એના ગુરુ મછંદર જો ભૂલ કરે તો એની સામે પણ લાલ આંખ કરી'તી એવી પવિત્ર પરંપરાના આપણે વારસદારો છઈએ. ફતેહપુરના ગુરુ ભોજલરામ થોડા કડક સ્વભાવના હતા. એક વાર શિષ્ય જલારામે સત ગુરુદેવને પૂછ્યું કે, "બધું જ કામ થઈ ગ્યું છે ગુરુદેવ, હવે હું ક્યાં જાઉં?" ભોજલરામ બોલ્યા કે, "જલા, હવે તું પાઇટમાં પડ!" (કાઠિયાવાડમાં નદીના પાણીને પણ પાઇટ કહેવાય) જલારામ આખી રાત પોષ માહિનાની ટાઢ હોવા છતાં ગુરુઆજ્ઞા શીરે ચડાવી નદીની પાઇટમાં ગળાડૂબ ઊભા રહ્યા. જલારામની ગુરુઆજ્ઞાથી રાજી થઈને ભોજલરામે એને જલામાંથી અલ્લા કરી સ્થાપ્યા.

પરંતુ આજે ગોરખનાથ કે જલારામ જેવા આજ્ઞાંકિત શિષ્યો ક્યાં છે? આપણાં નસીબમાં તો કેશવાનંદો-નિત્યાનંદો અને નારાયણ સાંઈઓ જ છે! છેલ્લી વાત. એક આશ્રમમાં ગુરુજીએ એક કૂતરી પાળી'તી. શિષ્યોએ આગ્રહ કર્યો કે આશ્રમમાં એક ગાય તો હોવી જ જોઈએ. એક રાતે ગુરુજીએ પોતાના તપોબળથી એક કૂતરીને 'ગાય' બનાવી દીધી. શિષ્યોએ મહિનાદી પછી વળી આગ્રહ કર્યો કે ગુરુદેવ ગાયથી ન ચાલે, આશ્રમની સ્વચ્છતા(?) માટે એકાદ 'બાઈ' હોવી જોઈએ. ગુરુદેવે વળી પોતાના તપોબળથી એ જ ગાયને સ્વરૂપવાન બાઈ બનાવી દીધી.

આશ્રમમાં ત્યારબાદ ચેલાઓની સંખ્યા વધી ગઈ. ઈ બાઈનાં વખાણ પહોંચ્યા રાજા પાસે. રાજાએ તરત માગું નાખી શ્વાનસુંદરીમાંથી સુંદરી બનેલી સ્ત્રી સાથે લગ્ન કર્યાં. પછી ટૂંકમાં કહું તો રોજ રાતે રાજમહેલના દીવા પ્રગટે પણ કલાકમાં ઓલવાઈ જાય. રાજાએ તપાસ સોંપી કે દીવાનું તેલ ક્યાં ગુમ થાય છે? તપાસપંચે ડરતાં ડરતાં નિવેદન આપ્યું કે, "મહારાજ, આપનાં નવાં પત્ની અડધી રાતે તમામ દીવા કૂતરીની જેમ ચાટી જાય છે!!! તમને નથી લાગતું આપણા દેશનાં સત્ય-નિષ્ઠા અને પવિત્રતાના દીવાનું દિવેલ આવી કૂતરીઓ જ ચાટી રહી છે!" ઓમ શાંતિ.

હાઉકલી

સો ગયે ગરીબ કે બચ્ચે યે સુનકર,
કી ખ્વાબ મેં ફરિશ્તે આતે હૈં રોટિયાં લેકરા

કાર્ડ અને કુટુંબ

કોઈ પણ માણસ એના વૉટર કાર્ડ કે આધાર કાર્ડના ફોટા જેટલા ખરાબ નથી હોતો અને કોઈ પણ માણસ એના ફેસબુકના ફોટા જેટલો સારો નથી હોતો જિંદગીમાં સંબંધો પણ કાર્ડની જ કરામત જેવા છે. પ્રેમ એ સાવ સસ્તાં પોસ્ટકોર્ડ છે. એક રૂપિયામાં વર્લ્ડ રોમિંગ, ગમે ત્યાં ગમે તેને ગમે તેની સાથે થઈ શકે છે. જીવન એ વિઝિટિંગ કાર્ડ છે. આપણે જરૂર હોય ત્યારે જ ઈ કાર્ડ કબાટમાં આપણને જડતું નથી. એક જણો મને ગોંડલમાં જ્યારે મળે ત્યારે મારી પાસે પંદર-વીસ વિઝિટિંગ કાર્ડ માંગે. એક વાર મેં પૂછ્યું કે, “દોસ્ત, તું આટલાં બધાં કાર્ડને કરે છે શું?” એણે જવાબ આપ્યો કે, “સાહેબ, તમાંરા કાર્ડ વાહે ચાની દુકાનનો હિસાબ લખવાની મજા પડે છે અને દાંત ખોતરવા માટે તો તમારાં વિઝિટિંગ કાર્ડ અદ્‌ભુત સફળ છે.” અમદાવાદમાં એક જણાને મેં મારું વિઝિટિંગ કાર્ડ આપ્યું ઈ ભેગું એણે વાંહે એનું એડ્રેસ લખીને મને પાછું આપ્યું ને કહ્યું કે હુંય કલાકાર જ છું મારા લાયક જરૂર હોય તો કહેજો. આ લે લે! આજ સુધીમાં સૌથી ભયંકર વિઝિટિંગ કાર્ડ મેં વાંચેલું છે, જેમાં લખ્યું’તું કે શ્રી ફલાણાભાઈ (સંતવાણી, લોકડાયરો, લગ્નગીત, ડાંડિયા રાસ, વા-ખસ, ખરજવું, ભગંદરના રોગોના અકસીર ઇલાજ ઉપરાંત ગોંડલની ખાદી અને જમીન-મકાનમાં કામકાજ માટે મળો) સૂર્ય ભગવાન જેમ સાત રથ પર બિરાજ્યા છે એમ આ ભાઈ કેટલા ધંધા સંભાળતા હશે! પણ વાઇફ એ જીવનનું મેમરી કાર્ડ છે. જેન્ટ્સ લોકો મેન્ટલી સુખી છે, કારણ એ બધું ભૂલી જાય છે અને લેડિઝ લોકો પાંચ કરોડના બંગલામાં પણ દુ:ખી દુ:ખી છે, કારણ કે ઈ લોકોને બધું યાદ રહે છે યાર! જેન્ટ્સને લગ્નની ડેટ માંડ માંડ યાદ રહેતી હોય છે. જ્યારે લેડિઝ લોકોને ‘ગોળધાણા’ ખાધાની ડેટ પણ વાર સહિત યાદ રહે છે.

દરેક પરણેલાને આ અનુભવ હશે કે વહેલી સવારે હજી તો આપણે આંખ્યુંમાંથી દીપડા જેવડા ચીપડા કાઢતા હોય ત્યાં આપણી ધર્મપત્ની આપણી બાજુમાં બેસીને આપણને હસતા ચહેરે પૂછે કે, “આજે શું છે સ્વીટ હાર્ટ?” સેકન્ડના છઠ્ઠા ભાગમાં પતિદેવનું સર્ચ એન્જિન નરણે કોઠે ગોટે ચડે કે સાલ્લુ આજ શું છે? પતિના કમ્પ્યૂટરમાં એરર આવે એટલે પત્ની હળવેકથી કહે કે ડિયર આજથી દસ વર્ષ પહેલાં આપણી સગાઈ પછી તમે આજના દિવસે મને પહેલી વાર મળવા આવ્યા’તા! આ સાંભળી ભરથારશ્રીનું સર્ચ એન્જિન શાંત પડે કે હાશ આજ બીજો કોઈ લોચો નથી! ટૂંકમાં, વાઇફની મેમરી કાર્ડમાં બધું જ સ્ટોર થયા કરે છે. સો પ્લીઝ, હસબન્ડસેનાના પહારથીઓ કદી વાઇફ માટે આ શબ્દપ્રયોગ ન વાપરવો કે તને “આમાં ખબર ના પડે!” યાર એ લોકોને ખબર નહોતી પડતીને એટલે જ તો આપણાં ઘર બંધાણાં! નહીંતર તો આપણે પણ દામોકુંડ કે ડાકોરજીના દરવાજે છાલિયું લઈને બેઠા હોત હોં! સો પ્લીઝ, બી કેરફુલ અબાઉટ યોર મેમરી કાર્ડ.

પતિદેવ એ ATM કાર્ડ છે. બિચાકડો કમાયા કરે અને ગુમાવ્યા કરે. રૂપિયા

સેંથકના કમાઈને સ્ટોર કરવાની તાકાત પતિદેવમાં હોય છે, પણ એના પાસવર્ડ પત્ની પાસે હોય છે. અતુલ ગોંડલની બજારમાં જ્યારે પણ હટાણું કરવા નીકળે ત્યારે ભાભીનો હાથ પકડીને જ નીકળે. એક વાર મારાથી કહેવાઈ ગ્યું કે અતુલ, લગ્નનાં વીસ વર્ષ પછી હવે તું આમ ભાભીનો હાથ પકડીને બજારમાં નીકળે એ યોગ્ય છે? અતુલ ક્યે, એ યોગ્યવાળી! હું કાંઈ પ્રેમથી હાથ નથી પકડતો. તારી ભાભી સાડીનું શૉપિંગ કરવા આડેધડ કોઈ દુકાનમાં ઘૂસી ન જાય એ માટે હું હાથ પકડીને હાલું છું. સાંઈ, પરિસ્થિતિ કો સમજા કરો!

પતિ જો ATM કાર્ડ હોય તો ગર્લફ્રેન્ડ એ ડેબિટ કાર્ડ છે. ઉછીના રૂપિયા મળે પણ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ઈ પાછા ચૂકવવા પડે છે. વળી ક્યારેક ઈ વ્યાજમાં સંસાર પણ સળગી જાય છે. પાડોશણ એ ગ્રિટિંગ કાર્ડ છે. વારે પરબે હાય હેલોની સ્માઇલ આપવાનો વહેવાર હોય છે. મૃગજળના સ્વિમિંગ પુલમાં સ્નાન કરો તો ટુવાલની જરૂર રહેતી નથી. કુટુંબમાં સાળી એ રિચાર્જ કાર્ડ છે. ગલૂડિયા જેવી પણ એકાદ સાળી તો સાસરિયે હોવી જ જોઈએ. જે જીજુ-જીજુ કહીને જીજાનું ખાલી ખિસ્સું કરતી નજરે ચડે છે. સાળી માટે અનન્ય સેવા ને આદરભાવ રાખતા અનેક પતિદેવોને સાળો એ ફર્જી કે નકલી કાર્ડ જેવો લાગે છે.

પણ કહેવાયું છેને કે, “સારી ખુદાઈ એક તરફ ઔર જોરૂ કા ભાઈ એક તરફ” સાળા માટે નોકરી અને છોકરી ગોતવામાં લગભગ જમાયુને મોઢે ફીણ આવી જાય છે. વળી સાળો ગામમાં કોઈનું કરોડનું કરી નાખે તો એનાં બીલ ભરતાં જમાયોને પણ મેં નજરોનજર જોયા છે. અંતે માતા-પિતા ઈ પાન કાર્ડ છે. ઈશ્વરની સરકારમાં સૌથી વધારે અસરકારક પાન કાર્ડ હોય છે, જે આપણા જીવનના લેખાંજોખાં ઉતાર-ચડાવ અને સરવૈયાને સાચવે છે, પરંતુ અત્યારનાં ઘરોમાં નવા ફર્નિચર માટે જગ્યા છે, જૂનાં મા-બાપ માટે જગ્યા નથી. અંગ્રેજીનું એક ગમતું વાક્ય છે કે ટુ ટ્રેજેડી ઇન ધિસ વર્લ્ડ આઇ હેવ સીન, ફર્સ્ટ પેરેન્ટ્સ વિધાઉટ હાઉસ સેકન્ડ હાઉસ વિધાઉટ પેરેન્ટ્સ. (જગતની બે મોટી કરુણતા-ઘર વગરનાં મા-બાપ અને મા-બાપ વગરનાં ઘર) અંતે સંતાનો એ આઇકાર્ડ છે. ‘પિતા કી પવિત્રતા પુત્ર મેં પિછાનીયે’ સૂત્ર અનુસાર ગામનો ચોરો જોઈ લ્યો તો ખ્યાલ આવે કે ગામ કેવું હશે અને નાનકડો છોકરો જોઈ લ્યો એટલે ખબર પડી જાય કે આનો દાદો કેવો હશે? વધુ સ્પષ્ટ કરું તો ‘કેજરીવાલ’ને જોઈ લ્યો એટલે ખ્યાલ આવી જાય કે સામાન્ય માણસ કેવો હશે? (અથવા કેટલો કન્ફ્યૂઝ હશે) આ બધાં કાર્ડ વચ્ચે દોસ્તો ભૂલતા નહીં કે મિત્રો એ આધાર કાર્ડ છે.

હાઉકલી

અણ્ણા હજારે કેજરીવાલને કહ્યું કે,
“આપ કો હમસે બિછડે હુએ એક જમાના બીત ગયા!”

થથરતી વાઇબ્રન્ટ દાઢી

શિયાળાએ ગુજરાતમાં રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. ગળે સગડી બાંધીને ગામમાં જવાનું મન થાય એવી કડકડતી ઠંડીમાં લોકો ખાસ હસતા પણ નહીં, કારણ હસવા માટે દાઢી સ્થિર જોઈએ અને આ કાતિલ ઠંડીમાં લોકોની દાઢી ડગડગ થાતી જ રહે છે. વાઇબ્રન્ટ ગુજરાતીઓની વાઇબ્રન્ટ દાઢીઓ...!

અતિશય ટાઢમાં અમારા કલાકારોની પણ માઠી દશા બેસે છે. એક તો ઑડિયન્સ ધાબળા ઓઢીને સામું બેસે છે, તો નવોસવો કલાકાર પોતાનો ઝરીવાળો ઝભ્ભો શ્રોતાઓને બતાવવા માટે જર્સી કે ટોપી પહેરવાનું ટાળે છે. તો વળી અમુક આયોજકો પાસે તો ઉપરથી સ્ટેજ કવર કરવાના રૂપિયા જ નથી હોતા. એટલા બિચાકડા કલાકારો ઠરઠરતી ટાઢમાં લોકસાહિત્ય અને ભજનની ઠંડી ભભક છોડે છે ઠૂંઠવાઈ ગયેલા શ્રોતાઓ તાલીઓ પાડતા નથી એટલે અંતે આયોજકો નક્કી કરેલા પુરસ્કારમાંથી કટકી કરી લ્યે છે. ગાયકો તાનમાં ને તાનમાં 'હૈડા હાલોને અંજાર' ભજન ચાર કડીએ શરૂ તો કરી દ્યે છે, પરંતુ કચ્છની ઠંડી જોતાં અંજાર પહોંચી નથી શકતા ને સામખિયાળીથી ઠૂંઠવાઈને રિટર્ન થઈ જાય છે.

શિયાળાની જામી ગયેલી શરદીને લીધે ઓરકેસ્ટ્રામાં પણ 'વૉઇસ ઑફ કિશોર કે રફી'ના અવાજમાં ફિલ્મી ગીતો ગાનારા ગાયકોનો અવાજ પણ પરાણે 'વૉઇસ ઑફ મુકેશ' જેવો થઈ જાય છે.

મિત્ર ચકાનો છકડો કડકડતી ઠંડીમાં સાવ સૂનો થઈ જાય છે. ચકાને તો એવી ઠંડી લાગે છે તોય એ શિયાળામાં બે વાર નાહ્યા કરે છે એટલે કે એક વાર શિયાળો બેસે ત્યારે અને બીજી વાર શિયાળો જાય ત્યારે...! વોટ એન આઇડ્યા સરજી! ચકાની દાઢી એકસોવીસની સ્પીડે ડગડગતી જ રહે છે, એટલે એના શબ્દો પણ ફગફગ થ્યા કરે છે.

આખો ડામચિયો ઓઢીને સવારમાં ચકો મારા ઘરે આવ્યો. હાથ-પગમાં ઊનનાં મોજાં, ત્રણ જર્સી, ગળામાં મફલર માથે આઝાદી પહેલાંની વાંદરા ટોપી ને ઉપર ધાબળો ઓઢીને ચકો મારા ફળિયામાં બેઠો બેઠો મને કહે આજે બહુ ઠંડી નથી કાં સાંઈ? લે બોલ. પણ ઠંડીમાં એને બોલવાનું કાંઈક હોય ને કાંઈક બફાઈ જાય. ચકો કહે, ભાઈ, કાલે રાતે મેં 'શાકરી ને ભાખ' ખાધાં. મેં કહ્યું, ચકા, સુધારો કર ભાખરી ને શાક ખાધાં હશે. ચકો બોલ્યો, "કાલે હું બસમાં બેનની ઘરે ઢસા ગ્યો'તો પણ વચ્ચેથી સિસલેરીનો બીસો લેવા ઊતર્યો ત્યાં 'બસાની ઢસ' વહી ગઈ. મેં વળી સુધારો કર્યો કે ચકા બિસલેરીનો સીસો લેવા ગ્યો એમાં ભલે ન સમજે પણ તમે મારી આડીઅવળી ગુજરાતી પણ સમજી લ્યો છો વાહ કલાકાર!

હું ને ચકો વાતું કરતાં'તાં ત્યાં એક બહેન થોડાં ધ્રૂજતાં ધ્રૂજતાં મારા ફળિયે આવીને મારી વાઈફ પાસે જઈ બોલ્યાં કે, તમારી નવી ખાંડ છું. એક વાટકો પાડોશણ આપોને!" મારાં ધર્મપત્નીએ પણ તરત સુધાર્યું કે, "બહેન, નવી પાડોશણ છો અને એક

વાટકો ખાંડ" આ લ્યો!

શબ્દો અને સંવેદનાઓ ગોટે ચડી જાય એવો કાતિલ શિયાળો ગુજરાતને ધમરોળી રહ્યો છે. શિયાળામાં સૌથી વધારે મંદી ચોર અને ખિસ્સાકાતરુઓને અનુભવાય છે. કારણ લગભગ લોકોના હાથ એના ખિસ્સામાં જ હોવાથી ચોરી શક્ય નથી બનતી. તો શિયાળામાં ઘરના સૌ અગાસીને બદલે ઘરમાં જ ટૂંટિયું વાળીને સૂતા હોય છે માટે ઘરમાં પણ ચોરી શક્ય નથી બનતી. સિત્તેર ટકા પુરુષો અને ડાયાબિટીસના દર્દીઓ શિયાળામાં અડધી રાતે રસોડામાં ડબરાં ખોલીને છાનામુના અડદિયા આરોગે છે. પત્ની સામે સવિનય કાનૂન ભંગ કર્યાનો આનંદ વાંઢાઓ શું જાણે!

ઝાઝા ભાગના પુરુષો વહેલી સવારે કોઈ પણ બહાનું બતાવીને નહાવાનું ટાળે છે અને રોંઢા ટાણે છણછણતાં પાણીએ જ નહાવાની હિંમત કરે છે. કોઈને કહેતાં નહીં ગઈકાલે રોંઢા ટાણે મારા ઘરના બાથરૂમમાં કબૂતર ચિતરેલા સફેદ સાબુથી હું બે વાર નાહ્યો. આ સાબુ બહુ મસ્ત લાવી છે, આવો મસ્કો મારવા મેં પત્નીશ્રીને આ કહ્યું એટલે એણે તરત CBI ની જેમ સવાલ પૂછ્યો કે તમે આનાથી આખા શરીરે નાહ્યા? મેં કહ્યું, "હા" ઘરવાળી ગરમ થઈ ગઈ. હે રામ, ઈ મોઢું ધોવાનો જ હતો. નાવા માટે આ લીલા કલરની ગોટી છે. ખબરદાર, જો આ લીસા ને મોંઘા સાબુથી શરીરે નાહ્યા છો તો!

પત્ની વાક્યમ્ ઇતિસિદ્ધિમ! વાઈબ્રન્ટ દાઢીને સાઇલન્ટ થ્યા વગર છૂટકો નથી. જાયેં તો જાયેં કહા! સૉરી, નાયે તો નાયે કહાં!

હાઉકલી

આપણાં પરિવારને હરહાલમાં હરહંમેશ ખુશીયાં જ બાંટનારા આપણાં 'પપ્પા' આપણાં સાચા સાંતાક્લોઝ છે હોં| યાદ રાખજો|

આધાર કાર્ડની તેજધાર

અતુલ એના ઘરમાં નિત્યક્રમ મુજબ દરરોજ સવારે શ્રીનાથજી બાવાનાં પદોની સીડી ચડાવે. જેવું એમાં પદ આવ્યું કે 'મેરો તો આધાર શ્રી વલ્લભ કે ચરણારવિંદ!' ઈ ભેગા અતુલનાં શ્રીમતી પ્રગટ થયાં કે હે પ્રાણનાથ! આપણો આધાર હવે બદલાઈ ગયો છે. અતુલ કહે, પ્રાણપ્રિયે તારો આધાર તો હું છું. ભાભી બોલ્યાં પણ નાથ તમારા આધારે હવે ચૂલો સળગે એમ નથી. આજે આધાર કાર્ડ કઢાવી લ્યો નહીંતર કાલથી રસોઈ બંધ થાશે. શ્રીમતીનું અલ્ટિમેટમ સાંભળીને હાંફળાફાંફળા થાતા અતુલે મને ફોન જોડ્યો કે સાંઈ તારું આધાર કાર્ડ નીકળી ગ્યું? મેં કહ્યું ભાઈ, મેં તો રાજકોટમાં રૈયાની ધાર જોઈ છે, ભજનમાં 'સંતનો આધાર' ગાયો છે. વિદેશોનાં વિઝા કાર્ડ છે પણ આધાર કાર્ડ બાકી છે. મારી વ્યથા-કથા સાંભળીને અતુલ બોલ્યો, સાંઈ, આજે તુંય તારા પરિવારને રેડી કરી દે. આજે આપણે બેય ગોંડલના ટાઉનહૉલ પર આધાર કાર્ડ કઢાવતા જ આવીએ.

અમારા બેયના પરિવારના ટોટલ સભ્યો લઈને અમે તો હોંશે હોંશે ટાઉનહૉલ પહોંચ્યા. મને તો હતું કે વીસ મિનિટમાં કાર્ડ કઢાવીનકે પાછા, પણ ત્યાં તો ટાઉનહૉલમાં એક કિલોમીટર જેટલી લાઇન, હાઉસફુલનાં પાટિયાં જોઈને મારું હૈયું તો બે ધબકાર ચૂકી ગ્યું. જાતજાતના અને નાતનાતના ભેદભાવ વગર સૌને આધાર કાર્ડની ઉતાવળ હતી. લાંબીલચક લાઇન પાસે સિંગ, દાળિયા, વેફર અને 'ચના ચોર ગરમ'વાંળા ચક્કર મારી મારીને કાર્ડભૂખ્યાં લોકોની ભૂખ ભાંગતા હતા. અમુક જણા તો પોતાના સાવ મરવા પડેલા બાપુજીને ઘરેથી ખુરશી સમેત ફોટો પડાવવા લાવ્યા'તા. બાપુજીને જોતાં જ એમ લાગતું હતું કે આ એમનો કદાચ છેલ્લો ફોટો જ હશે.

હવે જે બાપાની ખુદની વેલિડિટી ત્રણ મહિનાની નહોતી એનું કાર્ડ કઢાવવાથી ફાયદો શું? મારો અને અતુલનો પરિવાર પણ આધાર કાર્ડની લાઇનમાં શાંતિથી ઊભો રહી ગયો. ધીમે ધીમે લાઇન આગળ ચાલવા લાગી. અતુલે એકાદ જણને પૂછ્યું કે કેટલી વાર લાગશે? ઈ ભાઈ કહે સાંજ પહેલાં તમારો વારો લઈ લઈશ. 'સાંજ પહેલાં?' શબ્દ સાંભળતાં અતુલને તો ઓતરાસ આવી ગ્યો. ઈ કહે યાર, હું પરણવા ગ્યો'તો ત્યારે મારાં સાસરિયાંએ પણ મને બપોરે વળાવી દીધો'તો અને તમે સાંજ પાડશો? ઈ ભાઈએ બહુ અઘરો જવાબ આપ્યો કે વડીલ, પત્ની મેળવવી જેટલી સહેલી છે એટલું સહેલું ગૅસના બાટલા મેળવવા નથી ઓ.કે.!

લાઇનમાં અમારી એકદમ આગળ ઊભેલા એક મગજના ઠઈડ ખાધેલા બાપા તો કોઈ વચ્ચે ન ઘૂસી જાય એનું જ ચાતક નજરે ધ્યાન રાખતા હતા. એમાં એકાદ જુવાને વચ્ચે ઘૂસવાનો પ્રયત્ન કર્યો કે પેલા બાપા તાડૂક્યા. ઈ જુવાનનો આખો આંબો વીંખી નાખ્યો. બટાજટી બોલી ગઈ. ઘડીક તો મને એમ થઈ ગ્યું કે આ આધાર કાર્ડની હોળીમાં કોકના ઘરનો આધાર ન છીનવાઈ જાય તો સારું!

અમારી આગળના એક કાકાએ પૂછ્યું કે આ ફૉર્મ કેવી રીતે ભરવાનું છે. આધાર

કાર્ડની ટીમના જ એક જુવાને કહ્યું કે જો પેલી સામેની ભીંત પર નમૂનાનું ફૉર્મ ચોંટાડેલું છે, જોઈને એ પ્રમાણે ભરી દો. પેલા કાકા તો તરત સામેની ભીંતે ગરોળીની જેમ ચોંટી ગ્યા, દસ મિનિટમાં ફૉર્મ ભરી આવ્યા. જેવો એ કાકાનો વારો આવ્યો કે કાર્ડ કાઢવા બેઠેલા કમ્પ્યૂટર પરના યુવાને પૂછ્યું કે કાકા તમારું નામ 'જશવંતરાય ઢોલ' છે? કાકા કહે ના ના, મારું નામ તો 'પ્રેમજીભાઈ પટેલ' છે. પેલો કહે તો આ કાર્ડમાં 'જશવંતરાય' કાં લખ્યું છે? કાકા કહે ઈ તો પેલા નમૂનામાં જેમ લખ્યું'તું એની જ નકલ કરવાનું ફલાણા ભાઈએ કહ્યું'તું એટલે! આ લે લે! પેલા કહે, કાકા ઈ નમૂનો છે પણ તમે તમારી ડિટેલ આ નવા ફૉર્મમાં ભરી આવો ને જાવ પાછા!

ટૉઇલેટમાંથી જેમ કબજિયાતનો દર્દી વિલા મોઢે બારો નીકળે એમ કાકા આખી લાઈન સામે ભોંઠા પડીને પાછા નમૂના ફૉર્મ પાસે ગરોળીની જેમ ચોંટી ગ્યા, અમારા પરિવારને પણ આધાર કાર્ડની તપસ્યાના ત્રણેક કલાક વીતી ચૂક્યા હતા. છોકરાંઓએ વેફર, ચણા ચોર અને પાણીનાં પાઉચથી અમારું ખર્ચાનું કાર્ડ ચાલુ જ રાખ્યું'તું. ત્યાં એમાં અતુલ કહે યાર, સાંઈ, મને ગૅસ ચડ્યો છે. ત્યાં ભાભી ખિજાણાં કે છાનામૂના ઊભા રહો હવે, ગૅસ સાટુ તો આ બધી હોળી સળગી છે. તમને દર ત્રણ કલાકે ગૅસ ચડે છે. હું ઈ ગૅસ બચાવું ને તોય છ મહિનાની રસોઈ થઈ જાય.

હું અતુલના ગૅસની કાંઈક વ્યવસ્થા કરું ઈ પહેલાં તો આધાર કાર્ડના કમ્પ્યૂટર પાસે એક બહેન રાડોરાડ થઈ ગ્યાં. એ સાહેબ, આ મારી જન્મતારીખ સાવ ખોટી છે. હું તમને એંશી વર્ષની લાગું છું? પેલા સાહેબે તરત કાર્ડ ચેક કરીને બહેનને કહ્યું કે, નામ તો વાંચો પછી રાડુ પાડો. આ કાર્ડ તમારાં સાસુજીનું છે. શું તમે પણ ચોંટ્યા જ છો!

બહેન તો ભોંઠા પડીને ભાગ્યાં.

(ક્રમશઃ)

હાઉકલી

મુંબઇના આદર્શ કૌભાંડમાંથી નેતાઓને બચાવી લેવાયા ,
જોયુંને એટલે જ તો એને આદર્શ કૌભાંડ કહેવાયા

અતુલનું આધારકાર્ડ

આધાર કાર્ડની લાઇનમાં સાવ નિરાધાર થઈને મારું અને અતુલનું કુટુંબ ઊભું છે. સાડા ત્રણ કલાક લાઇનમાં વીતી ચૂક્યા હતા. હવે તો અડધા કલાકમાં જ અમારો વારો આવી જશે એવું ભાસતું હતું. આમ તો અમારી આગળ દસ જ જણા હતા પણ જેવો એક જણાનો વારો આવે એટલે ઈ એના કુટુંબીઓને બોલાવી લેતો હતો. આવી રીતે ગણો તો હજુ પચાસ જણાના આધાર કાર્ડના સાક્ષી અમારા બંનેના પરિવારે બનવાનું હતું.

છેલ્લા ત્રણ કલાકમાં જે કાકાએ લાઇનમાં ઊભા રહેવા માટે આશરે પચાસ જણા સાથે ઝઘડા કર્યા હતા એ માથાભારે કાકા-કાકાનો વારો આવ્યો. કમ્પ્યૂટર સામે કાકા બાઘાની જેમ બેઠા રહ્યા. પેલા આધાર કાર્ડવાળા જુવાને કહ્યું કાકા, તમારું નામ બરાબર છે ઈ વાંચીને ચેક કરી લ્યો, ગમાણમાંથી પાડો રણકે એવા સ્વરે કાકા રણક્યા. આંયા કોને વાંચતા આવડે સે? આ તો છોકરાએ ધોકા મારીને વાડીએથી મોકલ્યા સે અટલે આ આધાર કાર્ડમાં દુ:ખી થાયે સી. તમે જ વાંચીને સેક કરી લ્યો. (કાઠિયાવાડમાં ચને બદલે 'સ' બોલવાનો જૂનો રિવાજ છે.) '

આધાર કાર્ડવાળા જુવાને મોટેથી વાંચીને મેટર ચેક કરાવી અને 'આઈ સ્કેનિંગ' માટે કાકાને દૂરબીન જેવો કૅમેરો આપ્યો. કાકાને એમ જ થયું કે આ દૂરબીન ભેટમાં આપતા હશે. ઈ તો ખોળામાં લઈને બેઠા રહ્યા. પેલા જુવાને રાડ પાડીને કહ્યું, કાકા, આ દૂરબીન આંખો પર લગાડો. તરત જ કાકાએ દૂરબીન આંખે લગાડીને સીધું આધાર કાર્ડવાળા જુવાનને કહ્યું કે આમાં કાંઈ દેખાતું તો નથી.

પેલા જુવાનના મગજનું પિસ્ટન ચોંટી ગ્યું કે કાકા તમને કાંઈ નહીં દેખાય. મારે જોવાનું છે. તમે ખાલી દૂરબીનમાં નજર માંડો. જુવાનનો ગુસ્સો જોઈને કાકાએ દૂરબીનને આંખે તો વળગાડ્યું પણ વળી બોલ્યા કે હેં બેટા, તંઈ હારોહાર આંખ્યુમાં કેટલા નંબર થ્યા ઈ નહીં કહી દે! આ તો શું કે આટલું કહી દે તો મારે આંખના ડૉક્ટરનો ખર્ચો નહીં ને?

પેલા જુવાને દાંત કચકચાવ્યા. મનમાં બોલ્યો કે ખર્ચો તો ભગવાનને પણ તમારામાં જ થ્યો છે. કાકા તમારું પૂરું, હવે કાકીને બેસવા દ્યો. કાકીને પણ કાને ઓછું સંભળાતું હતું. જુવાને જોરથી કમ્પ્યૂટરના કૅમેરા સામે જોવાનું કીધું ઈ ભેગું કાકીએ કમ્પ્યૂટર ઉપર કેજરીવાલની ટોપીની જેમ ચોંટાડેલો ટીચુકડો કૅમેરો ખેંચી લીધો અને આઈ સ્કેનના કૅમેરા સામે મોઢું ધર્યું. હવે આપણે બધાં તો જાણતાં જ હતા કે આઈ સ્કેનના કૅમેરા સામે માત્ર આંખ્યુ રાખવાની હતી અને કમ્પ્યૂટરની ઉપરના કૅમેરા સામે માત્ર મોં રાખવાનું હતું. કાકીએ સંપૂર્ણ સિસ્ટમને પંદર મિનિટ સુધી સ્થગિત કરી દીધી.

માંડ માંડ આખી આધાર કાર્ડની ટીમે કાકીનો ફોટો પાડ્યો. આઈ સ્કેન કરીને થમ ઇમ્પ્રેશન માટે અંગૂઠો સ્કેનર મશીન પર મૂકવાનું કહ્યું પણ ત્યા ફરી લોચો પડ્યો. કાકીએ જોરદાર શિયાળાથી બચવા માટે હાથે-પગે એટલું બધું દેશી વેસેલિન ચોપડ્યું હતું કે અંગૂઠાના સ્કેનર પર માત્ર વેસેલિનનાં જ ધાબાં દેખાયાં. પેલા જુવાને માથું કૂટ્યું. થમ્બ

સ્કેનર કપડાથી સાફ કર્યું અને કાકીનો હાથ પોતાના રૂમાલથી લૂછી આપીને નિશાન લેવડાવ્યાં.

તોય બાજુમાં ઊભા પેલા કાકાને સખ ન વળ્યું ઈ તરત મને જોઈને બોલ્યો કે સાંઈ રામ સારું થ્યું મહાભારત કાળમાં 'આધાર કાર્ડ' નહોતાં, નહીંતર બિચાડા અંગૂઠા વગરના એકલવ્યનું આધાર કાર્ડ તો નીકળત જ નહીં! મેં કાકાને જવાબ વાળ્યો કે કાકા હવે તમે ઊપડો, આપણા દેશમાં રહેતાં નથી ને એ પણ રેશન કાર્ડની ખાંડ લેવા જાય છે. ભારતની મધ્યમવર્ગની પ્રજાને આધાર કાર્ડ કરતાં 'ઉધાર કાર્ડ'ની વધુ જરૂર છે એવું તમને નથી લાગતું?

રિવૉલ્વિંગ બેરિંગની જેમ ડોકિયું ધુણાવતાં અને ચહેરા પર બોખું સ્માઇલ આપતાં કાકા-કાકી હસી પડ્યાં. ત્યાં પેલા જુવાને આધાર કાર્ડની રિસીપ લેમિનેશન કરવાના બંનેના ચાલીસ રૂપિયા રોકડા માગ્યા. કાકાએ છેલ્લો સીન નાખ્યો કે ભાઈ, અમે આજ સુધીમાં અમારા ફોટાને લેમિનેશન નથી કરાવ્યું, હવે આ કાર્ડનું શું કામ કરાવીએ? હું ચાલીસ રૂપિયા નહીં આપું, તેં ક્યાં મને પૂછ્યું'તું? પછી અતુલથી ન રહેવાયું ઈ ક્યે એ સાહેબ, ઈ ચાલીસ રૂપિયા, આ મારા તરફથી રાખો પણ હવે આ કાકા-કાકીના 'ધૂંવાધાર કાર્ડ' એમને મફત આપીને રવાના કરો ને મારો વારો લઈ લ્યો.

પછી અતુલ અને ભાભી સાથે ફોટો પડાવવા ખુરશી પર બેસી ગ્યાં. પેલો જુવાન કહે સર, દરેક સિંગલ ફોટો જ પડાવવાનો છે. અતુલ કહે પણ હું ને મારી ઘરવાળી તો કદી એકલાં ફોટા પડાવતાં જ નથી. તમે છૂટા પાડવા શા માટે માગો છો? ત્યાં અધૂરામાં પૂરું ભાભી બોલ્યાં કે તમે ફોટો પડાવી લ્યો, હું જરાક સ્પ્રે છાંટી લઉં એટલે શું ફોટામાંથી કાયમી સુગંધ આવ્યા કરે. આમ ચાર કલાકની આકરી અને અઘરી તપશ્ચર્યા કર્યા બાદ મારા ને અતુલના પરિવારે આધાર કાર્ડની આરાધના-સાધના અને ઉપાસના તો કરી, પરંતુ બ્લેક ઍન્ડ વ્હાઇટ ફોટામાં હજી સુધી અમે બંને પતિ-પત્ની ફોટાથી ઓળખાતાં નથી. આ કાર્ડ ભાઈનું છે કે બાઈનું એ જાણવા તો નામનો જ આધાર લેવો પડે છે. આધાર કાર્ડ મેળવીને અમને દિલ્હીમાં જાણે સરકાર બનાવી લીધા જેટલો હરખ હતો ત્યાં ન્યૂઝ ચૅનલમાં હેડલાઇન આવી કે, 'હવેથી આધાર કાર્ડની જરૂર ફરજિયાત નથી!' એ વિના પણ બાટલા મળશે! હે રામ!

હાઉકલી

'આજ ઉસને એક અજીબ સા સવાલ કિયા મુજસે ,
કિ મુજપે મરતા હૈ તો ફિર જિંદા ક્યું હૈ?'

પ્રેમની હળવીફૂલ વ્યાખ્યાઓ

ચાલો આજે કંઈક પ્રેમની વાતો કરીએ. એક દિવસમાં પ્રિય પાત્ર ગોતીને પ્રેમનો એકરાર કરી નાખવો આ વાત મને સહેજ પણ ગળે નથી ઊતરતી. હા, આખા વર્ષમાં કોઈ દિ' ન કહી શક્યા હો એવા પોચાં હૈયાંવાળા ફંટુસ આશિકોએ તો આ દિવસે અવશ્ય કોકને કહી જ દેવું. પ્રેમ એ બુદ્ધિ ઉપર કલ્પનાની હકૂમત છે. એક મસ્ત છોકરીનું મળવું અને એનું ઢીમચા જેવું દેખાવું આ બંને વચ્ચેનો કાળ એટલે પ્રેમ.

છોકરીઓ હંમેશને માટે પ્રેમમાં ભાવ ખાય છે. હેય બોય્ઝ, યાદ રાખજો આ 'ભાવ' એક જ વસ્તુ એવી છે જે ખાવાથી છોકરીઓનું વજન નથી વધતું સમજ્યાને! મારા મતે આઇ લવ યુ વાક્ય વધુ મહત્ત્વનું નથી, પરંતુ 'આઇ લવ યુ ટુ' એ વાક્ય વધુ મહત્ત્વનું છે. કારણ કે પહેલું વાક્ય તો ગમે ઈ છોકરો ગમે એ છોકરીને કહી શકે છે, પરંતુ બીજું વાક્ય તો નસીબદાર લોકોને જ સાંભળવા મળે છે.

વેલેન્ટાઇન્સ ડેના દિવસે ગમે ઈ છોકરી પાસે ગોઠણિયાભેર થઈને એકરાર કરતા પહેલાં મારી એક જ વાત વિચારજો દોસ્તો કે, એકાદ વાર લાઇફમાં કોઈ છોકરી કે છોકરા કરતાં તમારી કારકિર્દીને વેલેન્ટાઇન્સ ડે બનાવી તો જુઓ! આ ગુલાબવાળીયું લાઇનમાં ન ઊભી રહે તો હું મૂંછ મૂંડાવી નાખું.

મારા મિત્ર ચકાએ એક મસ્ત છોકરીનો સગાઈનો ઇન્ટરવ્યૂ લીધા પછી ઘસીને ના પાડી. મેં કારણ પૂછયું તો ચકો બોલ્યો કે જે પચીસ વર્ષમાં કોઈની ન થઈ ઈ હવે મારી શું થાશે! આ છોકરીએ અટાણ સુધીમાં કોઈને પ્રેમ નથી કર્યો તો હવે મને કેવી રીતે કરશે! પ્રેમ એક એવું સ્પીડબ્રેકર છે જે વીસની સ્પીડે ચાલતી ગાડીને પણ પલટી મરાવી શકે છે.

દરેક માણસની પ્રેમની વ્યાખ્યા અલગ હોય છે. મેં અને મારા મિત્ર દિલદાન ગઢવીએ કેટલાક લોકોને વ્યાખ્યા પૂછી છે, લ્યો વાંચો પ્રેમ એટલે શું? જુદા જુદાના મત મુજબ:

સીવીલ એન્જિનિયર: પ્રેમનો પાયો મજબૂત જોઈએ. છોકરી પાણી જેવી છે અને છોકરો સિમેન્ટ જેવો છે. દડબું થઈ જાય તો બેય નકામાં.

ડૉક્ટર: પ્રેમમાં હાર્ટબીટ વધી જાય, હિમોગ્લોબીન ડાઉન થાવ છે. પેશન્ટને રાતની નીંદર હરામ થાય છે અને ખાસ કિસ્સામાં દર્દી કરતાં દર્દીનાં મમ્મી-પપ્પાને ઍટેક વધુ આવે છે.

ટ્રાફિક પોલીસ: પ્રેમ એક કાચું ડ્રાઇવિંગ લાઇસન્સ છે. જેમાં ઍક્સિડન્ટની શક્યતા વધુ હોય છે. પ્રેમ આંધળો અને બહેરો હોવાથી એને જગતભરના સાવધાનીના હોર્ન સંભળાતા નથી કે એલર્ટના ઇન્ડિકેટર દેખાતાં નથી.

ઇતિહાસ પ્રોફેસર: પ્રેમ એક ઈસવીસન પૂર્વેથી બનતી આવતી ઘટના છે. કોઈ પણ ઉંમરે સંવેદનાનું લાગણીસભર ખનન કરવાથી પ્રેમના અવશેષો કોઈ પણ હૃદયમાં

ચોક્કસ મળી આવે છે.

લોક કલાકાર: પ્રેમ એ એક એવો રેણંકી છંદ છે જે ચાર કાળીએ ગાઈ શકાય છે, સાંભળી પણ શકાય છે પણ સમજી શકાતો નથી.

ગણિત શિક્ષક: પ્રેમ એક અવિભાજ્ય અવયવ છે, જેનો ગુસાઅ, લસાઅ એક જ આવે એવો અઘરો કૂટ પ્રશ્ન છે. પ્રેમનું વર્તુળ પૂરું કરવા માટે પત્નીરૂપી પરીઘમાં રહીને વ્યાસ જેવી લાંબી જિંદગી જીવીને, સાસુ-સસરારૂપી ત્રિજ્યાને સ્પર્શીને, સાળીરૂપી જીવાથી નેવું અંશના ખૂણે દૂર રહેવાથી દાખલો સાચો પડે છે.

પત્રકાર: પ્રેમ એક પબ્લિસિટી સ્ટન્ટ છે. લગ્ન થાય તો ૨ × ૨ની કૉલમમાં છપાય છે. પ્રેમીપંખીડાં ભાગી જાય તો ૪ × ૪ અને જો ઈ દવા પી જાયતો ૮ × ૮ની કૉલમમાં ફોટા સાથે પ્રિન્ટ થાય છે. પ્રેમ એ પત્રકારત્વ જેવો છે એમાં ક્યારે શું થાય એ નક્કી ન કરી શકાય!

ભિખારી: પ્રેમ એક એવી ભીખ છે જે માગવી સૌને ગમે છે પણ આપવી કોઈને નથી ગમતી.

શાકભાજીવાળો: પ્રેમ એક એવી લીલોતરી છે જેંની જાળવણી ન કરો તો કરમાઈ જવાની પૂરી શક્યતા છે.

હેડ ક્લાર્ક: પ્રેમ એ ઇનવર્ડ રજિસ્ટરમાં ચડાવ્યા વગરના પરિપત્ર જેવો છે. નોકરીમાં કામ ન કરો તોય પગાર આવે છે અને પ્રેમમાં ઓવર ટાઇમ કરો તોપણ ખર્ચો થાય છે. નોકરીમાં ઇન્ક્રિમૅન્ટ છૂટે છે અને પ્રેમમાં નોકરી જ છૂટી જાય છે.

અંતે મેં અને દિલદાને એક રેલવે સ્ટેશન બહાર બેઠેલા સાધુ મહાત્માને પ્રેમની વ્યાખ્યા પૂછી. સાધુ બોલ્યા: બચ્ચા, પ્રેમ તો ગહન ચીજ હૈ, તુમ ક્યાં જાનો પ્રેમ કે અર્થ કો? પ્રેમ તો બહુત ગહરી ચીજ હૈં. આટલું સાંભળી મારાથી ન રહેવાયું. મેં પૂછ્યું બાપજી, પ્રેમ કે બારે મેં ગીતા ઔર રામાયણ ક્યા કહતી હૈ? બાવો તાડૂક્યો. ગીતા કા નામ મત લેના બચ્ચા! ગીતા પડોશ મેં હી રહતી થી ઔર ઉસકે પ્યાર કે કારણ તો મૈં બાવા હુઆ હૂં! આ લે લે!

હાઉકલી

અમારી જાત કરતાં પણ વધુ તું વહાલી લાગે છે, તું ચાલી આવ તારા વિના અહીં બહુ ખાલી લાગે છે.

અકોણા એડમિન

દરેકના મોબાઇલમાં અટાણે વૉટ્સએપે ઉપાડો લીધો છે. જે દિવસથી વૉટ્સએપનો ઉદ્દ્ભવ થ્યો છે તે દિવસથી આડી લાઇને હતા ઈ બધાય ઓન લાઇન થઈ ગ્યા છે. વૉટ્સએપમાં પણ ગ્રૂપ એડમિન થવું એ એક ઐતિહાસિક ઘટના છે. ગ્રૂપ એડમિન એ એક માનસિક અવસ્થા છે જે આગળ જતાં અસાધ્ય અને જીવલેણ બીમારીમાં પરિણમે છે. ગ્રૂપ એડમિન જે બને છે એને ચકલી ફૂલેકે ચડ્યા જેવો હરખ હોય છે. જાણે પોતે દિલ્હીમાં સરકાર બનાવી લીધી હોય એ રોફથી આખા ગામને અર્થ વગરના મૅસેજ ફોરવર્ડ કર્યા કરે છે. ગ્રૂપ એડમિન એ સ્પાઇડરમેન કે શક્તિમાનના વંશજ હોય છે. એના ભેજામાં ગ્રૂપના ત્રીસ ત્રીસ જણાનો બકવાસ સ્ટોર કરવાનું ૯૦૦ GB નું મેમરી કાર્ડ હોય છે, જે પાછું રોજ ફોર્મેટ કરી શકાય એવું હોય છે. ગ્રૂપ એડમિન યા તો ખૂબ ધનાઢ્ય હોય છે યા તો સાવ નવરા હોય છે. મધ્યમવર્ગના અને મહેનતવશ માણસો એડમિન બનતા નથી. વૉટ્સએપ પર ગ્રૂપ એડમિનના નીચેના પ્રકારો અત્ર તત્ર સર્વત્ર વ્યાપક સંખ્યામાં વાઇરસની જેમ જોવા મળે છે.

મોજીલા ગ્રુપ એડમિન

જે ગામમાંથી ચોરેલાં જોક અને શાયરીઓ પોતાના નામે ચડાવીને ફોરવર્ડ કર્યા કરે છે. આ પ્રકારના એડમિન રોજ એક નવું ગ્રૂપ બનાવે છે અને પછી પોતે જ યાદશક્તિના અભાવે પોતાના જ ગ્રૂપમાંથી ડિલીટ અને એક્ઝિટ થઈ જાય છે, છતાં મોજમાં જ રહે છે.

દયામણા ગ્રુપ એડમિન

આ પ્રકારના એડમિન માટે વોટ્સ એપનું આ ગ્રૂપ જ જીવાદોરી સમાન હોય છે. એ બધાને પોતાના ગ્રૂપમાં રહેવા માટે વિનંતીઓ કરતા નજરે ચડે છે. એકાદ હાથવગી સેલિબ્રિટી, કવિ, લેખક, કલાકાર, ઉદ્યોગપતિ કે બિલ્ડરને ગ્રૂપના ધરાહાર મેમ્બર બનાવી આવા એડમિનો પોતાનું શક્તિ પ્રદર્શન કરતા હોય છે.

આળસુ એડમિન

આ એડમિનને તમે 'ગરીબ' એડમિન પણ કહી શકો. આ પ્રકારના એડમિનની નસોમાં લોહીને બદલે આળસ વહેતી હોય છે. આવા ગ્રૂપમાં છ-છ મહિને એકાદ ઇમેજ કે મૅસેજનું આદાનપ્રદાન જોવા મળે છે. ક્યારેક સવારમાં 'ગૂડમોર્નિંગ' તો ક્યારેક રાતે 'ગૂડનાઇટ' સિવાય આ ગ્રૂપના લોકો કશું ખાસ ફોરવર્ડ કરતાં નથી. જાણે વૉટ્સએપની દુકાનની બારી ખોલવાનું ને બંધ કરવાનો ઠેકો લીધો હોય એવી રીતે આ ગ્રૂપ ચાલે છે. સ્ફૂર્તિના અભાવે આ ગ્રૂપની ગમે ત્યારે ભ્રૂણહત્યા થઈ જાય છે.

સેન્ટી એડમિન

આ પ્રકારના એડમિન એક તો પોતાના આખા ઇન બૉક્સમાંથી ગોતી ગોતીને અઘરી આઇટમોનું ગ્રૂપ બનાવેલું હોય છે. આ એડમિન નિત્ય પ્રાત:કાળે તમામ મેમ્બરો મોઢામાં આંગળી કરીને અને બોલાવવા પ્રયત્ન કરે છે. વળી, એડમિન બનાવ્યાનો અહંકાર રોઝ ગામને બતાવ્યા કરે છે. 'આવા ફોટા મોકલાય?' 'આવો મૅસેજ મુકાય?' 'આ ગ્રૂપમાં આવું રહેવા દેજો' જેવાં વાક્યો દિમાં ત્રણ વાર ગ્રૂપમાં લખ્યા કરે છે. દર સાત દિવસે એને પોતાના સભ્યોને રિમૂવ કરવા પડે છે અને અંતે પોતે જ રિમૂવ થઈ જાય છે. સેન્ટી સ્વભાવને લીધે આ એડમિનને પોતાના બ્લડગ્રૂપ કરતાં વૉટ્સએપના ગ્રૂપની વધુ ફિકર હોય છે.

ઉઘાડા એડમિન

આ પ્રકારના એડમિનને શરમ કે સંસ્કાર નામની કોઈ ચીજ સાથે સ્નાન સૂતકનો સંબંધ નથી હોતો. આ ગ્રૂપમાં મર્યાદાસભર વાતો કે ફોટા મૂકવાની રીતસર મનાઈ હોય છે. આવા એડમિનને તમે 'ડસ્ટબિન એડમિન' પણ કહી શકો. જગતભરનો કચરો ને ગંદકી ત્યાં 'મજા'ના નામે ઠલવાતી હોય છે. આવા એડમિનના વાંહામાં ગમે ત્યારે પોલીસના ડંડા પડે છે.

સાઈકીક એડમિન

આવા એડમિન ધરાહાર ગામ આખાને પોતાના ગ્રૂપમાં એડ કરે છે. જો કોઈ LEFT થાય તો એને ફોન કરીને ધચકાવતાં નજરે પડે છે. આવા એડમિનોને પોતાની જિંદગીમાંથી કોઈ ચાલ્યું જાય એના કરતાં એના ગ્રૂપમાંથી કોઈ ચાલ્યું જાય એનું વધારે દુ:ખ હોય છે. આવા એડમિનો સતત શરતો મૂક્યા કરે છે કે, 'આ ગ્રૂપમાં આવા જ મૅસેજ મોકલવા. લેડિઝુ પણ છે. ધ્યાન રાખજો. હકીકતે આવા ગ્રૂપમાં લેડીઝુ જેવા જેન્ટસુ હોય છે.'

ભગતડાં એડમિન

આવા એડમિન જાણે મંદિરોમાં જ જન્મ્યા હોય અને મોટા ધાર્મિકના દીકરા હોય એવા ડોળ કરે છે. દરરોજ જુદા જુદા ભગવાનના ફોટા અને ધાર્મિક મૅસેજીસ જ ગામને પધરાવ્યા કરે છે. આ ગ્રૂપમાંથી કોઈ છૂટું થાય એને નાસ્તિક ગણવામાં આવે છે એટલે લોકો આવા એડમિનમાં પરાણે ચોંટ્યા રહે છે.

પંચાતિયા એડમિન

આ એડમિન કૉંગ્રેસ કે ભાજપ બેમાંથી એકની અસર તળે આવા ગ્રૂપનું સર્જન કરે છે. રાજકારણના 'ર'ની ખબર ન પડતી હોવા છતાં નરેન્દ્રભાઈએ શું કરવું જોઈએ! અને રાહુલભાઈએ શું ન કરવું જોઈએ! રોજ પંચાત કર્યા કરે છે.

બાકી આવા એડમિનની સાત પેઢીમાં કોઈ કૉર્પોરેટર કે તાલુકા પંચાયત પણ ન લડચું હોવા છતાં ઈ વડાપ્રધાનપદની પંચાત કર્યા કરે છે. આ ગ્રૂપ ચલાવી તેઓ રાષ્ટ્રની મહાન સેવા કરતાં હોય એવો દંભ કરે છે.

પ્લીઝ ચેક દોસ્તો, તમે કયા ગ્રૂપમાં છો? કે તમે કેવા ગ્રૂપ એડમિન થશો?

હાઉકલી

લોકો શું વિચારશે એ પણ આપણે વિચારવાનું?

ફિક્સ પગારની સીક્સ

એક બાજુ રાજનેતાઓની મોટી એક્ઝામ ડિક્લેર થઈ ગઈ છે, તો બીજી બાજુ દેશનું ભવિષ્ય ગણાતાં યુવાનો-યુવતીઓ પરીક્ષાઓ દઈ રહ્યાં છે. દસમા કે બારમા ધોરણમાં છોકરું આવે એટલે તો જાણે મા-બાપની પરીક્ષાઓ શરૂ થઈ જાય છે. બોર્ડની પરીક્ષામાં જો તેને ઓછા ટકા આવ્યા તો તો આપણી આખી પેઢી તળિયાઝાટક થઈ જાશે. આપણું આખું કુટુંબ બરબાદ થઈ જાશે. તારું ભવિષ્ય તો સાવ ભેંહના વાંહા જેવું કાળુંડિબાંગ થઈ જાહે. આવી હોહા-દેકારા અને બાપોમારીનું એક વાતાવરણ લગભગ ઘરોમાં જોવા મળે છે.

S.S.C. ની ઍક્ઝામમાં સંતાનને ઓવરડોઝ ટૅન્શનનો પેલો ડોઝ પોલિયોની જેમ પીવડાવવામાં આવે છે. (ફર્ક માત્ર એટલો કે પોલિયોમાં માત્ર ચાર ટીપાં હોય છે અને આમાં ટૅન્શન અને તાણનાં ટીપણાં હોય છે.) અમુક વાલીઓ તો પોતાના સંતાનની ઍક્ઝામ રિસિપ્ટની પચીસેક ઝેરોક્ષ કરાવીને જે સ્કૂલમાં દીકરા કે દીકરીનો નંબર આવ્યો હોય એના તમામ સુપરવાઇઝર શિક્ષકો, પટાવાળા અને પોલીસવાળા શીખેને આપી આવે છે. વળી દરેકને કહેતા ફરે છે કે, "મારા દીકરાનું ધ્યાન રાખજો હોં!" હવે મહાશયશ્રી તમે જો તમારા સંતાનનું આખા વર્ષ દરમિયાન થોડુંકેય ધ્યાન રાખ્યું હોત તો અટાણે તમારે આ રિસિપ્ટ પ્રસાદની જેમ વહેંચવા નીકળવું ન પડત!

વાલીઓની ભલામણોની નાંખણી ખૂબ અસરકારક હોય છે કે, "આમ તો દીકરી હોશિયાર છે, પણ કાંઈક થાય તો જોજો. આપણે શું કેટલો જૂનો સંબંધ છે!" જાણે કેમ ઈ સંબંધના પરિપાક અને ફળ સ્વરૂપે જ આ પરીક્ષા આવી રહી હોય એવું વાલીઓ સાબિત કરી બતાવે છે. અમુક વાલીઓ તો પરીક્ષાની આગલી સાંજે છોકરાંને વાંચવા નથી દેતાં, પણ ઈ ૩૦૨ના તહોમતદારની જેમ લાગતા-વળગતા શિક્ષકોના ઘરે સાથે લઈ જાય ને પોતાના બટકી ગયેલા ફરજંદની ઓળખપરેડ કરાવે છે. સંબંધોનાં સૂત્રોને વણી સાત્ત્વિક ભાષામાં એ વાલી શિક્ષકશ્રીના ઘરની સાવ મફતની ચા ઠબકારીને એને સાવ ચોખ્ખું કહી દે છે, "મારા આ નંગને તમારે ધક્કો મારીને ચોરી કરવાનો ચાન્સ આપવાનો છે."

હવે બિચાકડો શિક્ષક જે B.L.O (ઉર્ફે બિચારો લબડી ગયેલો ઑફિસર) ની કામગીરીમાં એક હાથમાં કમળ, બીજા હાથમાં પંજો અને મોઢામાં સાવરણો લઈને એના કાર્યકરની જેમ અધમૂઓ થઈને છેલ્લા પાંચ વર્ષથી કુટાઈ રહ્યો છે. સાડા પાંચ હજારની માતબર(!) અને ભવ્ય રકમ પગારમાં મેળવીને નિષ્ઠાપૂર્વક વસતી ગણતરી, આર્થિક ગણતરી, મત ગણતરી, અર્થ વગરના મેળાઓ, ઉત્સાહ વગરના ઉત્સવો અને પોલિયાનાં ટીપાં સાથે મજબૂરીનાં ટીપાં પીને નોકરી કરી રહ્યો છે. એમાં એના સુપરવાઇઝરની વિશેષ કામગીરીનો ઑર્ડર કાઢવામાં આવે અને અધૂરામાં પૂરું આવા હરખપદુડા જાબુવંતો-સુગ્રીવો અને વાલીઓ એનાં એન્ટિક સંતાનોની રિસિપ્ટ હાથમાં પકડાવે ત્યારે એ શિક્ષકની

મનોદશા શું હશે એ હવે મારે બ્રીફમાં લખવાની જરૂર ખરી?

શિક્ષકોના ભાવ માત્ર બોર્ડની પરીક્ષા ટાણે જ ઊંચકાય છે. ટ્રાફિક પોલીસવાળા શિક્ષકોને કરગરતા નજરે ચડે છે કે, "સાહેબ, આ મારા સાળાનો ગગો છે, જરા ધ્યાન રાખજો હોં!" ત્યારે આ માસ્તર સાહેબ આગલી તમામ રાષ્ટ્રીય કામગીરી(?)નો ખાર આ વાલી ઉપર ઉતારતા રોકડું પરખાવી દ્યે છે કે ભાઈ, "તમે ગયા વીકમાં જ મને હોન્ડા રોકીને દોઢસોનો દંડ ફટકાર્યો'તો ઈ યાદ છે?" ત્યારે પોલીસવાળો એ થૂંક ગળીને કહે છે કે, "સાહેબ, એ દંડ માટે હાર્ટલી સૉરી. તમે ક્યો તો અટાણે સામા ત્રણસો ખિસ્સાના આપી દઉં પણ આજ આ ગગાને સાચવી લેજો! હવે આખા ગામમાં તમારું સ્કૂટર હું નોકરી કરું ત્યાં સુધી કોઈ રોકે તો કેજો!"

"ફિક્સ પગારવાળાઓએ આ દુકાને ઉધાર માગી શરમાવવા નહીં," આવું બોર્ડ મારીને બેસનારા કરિયાણાના વેપારી એની દીકરીની ભલામણ એ જ ફિક્સ વેતનવાળાને કરવા જાય છે ને ફિક્સમાં મુકાઈ જાય છે. પ્રવેશોત્સવ અને ગુણોત્સવમાં છાશવારે શિક્ષકોને ઘઘલાવવા આવતાં અધિકારીઓ અને પદાધિકારી નકટા થઈને સુપરવાઈઝર શિક્ષકો પાસે કાકલૂદી કરતા નજરે અવશ્ય ચડે છે. દરેકનો દિવસ તો આવેને ભાઈ!

કો ઍજ્યુકેશન વગરના ગુજરાતી મીડિયમમાં ભણનારા છોકરાઓ માટે S.S.C ની ઍક્ઝામ એટલે છોકરી પાંહે બેહવાનો પહેલો ચાન્સ. અમુક હોશિયાર છોકરાંવને ઓછા ટકા આવવાનું અને નાપાસ થવાની ટકાવારી વધવાનું એક કારણ આ પણ છે. આ કારણ ક્યાંય છાપે ચડતું નથી. ધોરણ એકથી નવ સુધી સાવ કોરેકોરી 'લડધા પાર્ટી'માં બેફામ અને બિન્ધાસ્ત ભણનારા કુમારની બાજુમાં કોઈ નમણી નાગરવેલ જેવી છોડીનો નંબર આવે છે ત્યારે બાવળના ઠૂંઠાં પાંહે એકાએક વીસ ફૂટનો જાજરમાન ગુલમહોર કોકે ઉપાડીને રોપી દીધો હોય એવો રાજીપો એના માંહ્યલામાં વરતાય છે. કંપાસમાં ત્રણ એક્સ્ટ્રા બૉલપેન, બે પેન્સિલ (એ પણ અણી કોઢેલી) અને સુગંધી ચેક રબર આ કુમાર એટલે ઍક્ઝામમાં લઈને રોજ જાય છે, કારણ આ કોઈ વસ્તુની આ ખુદ ગબ્બરને તો કશી આવશ્યકતા જ નથી, પણ બાજુવાળી મસ્ત છોકરીની બૉલપેન ખોટકાય તો....? આમ, છોકરા-છોકરીના વસ્તુના વાટકી વહેવારનું ઉદ્‌ગમસ્થાન એટલે S.S.C ની એક્ઝામ!

હજી તો રિસિપ્ટ આવી છે, પેપર તો આવતે અઠવાડિયે આવશે.

હાઉકલી

હમ એકરાર કરને મેં ટીલે હો ગયે,
ઇતને મેં ઉનકે હાથ પીલે હો ગયે.

કાપલીની ટાપલી

બોર્ડની પરીક્ષાઓનું જેવું તતૂડું ફૂંકાય એટલે વિદ્યાર્થીઓનાં હૈયાં ડાકલાના પડની જેમ થડાક ઉથડાક થડાક ઉથડાક ધ્રૂજવા લાગે છે. પરીક્ષાની રિસિપ્ટ આવતાં ઘાઘરિયા પલટણ અને ટી-શર્ટિયા પલટણ નંબર જોવા પોતાની નિશાળે પહોંચી જાય છે.

બારી પાંહે જેનો નંબર આવે છે ઈ રાજીનો રેડ-યેલો-બ્લૂ થઈ જાય છે, કારણ કે બારી પાસે આદાન-પ્રદાનની શક્યતાઓ વધી જાય છે. વળી અસહ્ય ભીંહ પડે તો સવાલોથી કંટાળીને બારીમાંથી કપિકૂદકો પણ લગાવવાની જગ્યા રહે. અમુક નંગને તો પોતાનો નંબર ક્યાં આવ્યો એના કરતાં પોતાની બાજુમાં કોનો નંબર આવ્યો એનું માહાત્મ્ય ખૂબ હોય છે. પોતાની બાજુમાં હોશિયાર છોકરી આવે એટલે પોતે પાસ થઈ જાશે એવો રાજીપો ઈ નંગને વરતાય છે.

આખું વરહ પાઠ્યપુસ્તકને ભૂલથી પણ પગ અડી જાય તો નમન કરનારા અમુક વિદ્યાર્થીઓ પરીક્ષા ટાણે ઈ ચોપડીના કટકેકટકા કરીને એની ચીઠીયું બનાવે છે. 'કાપલી' કેવી રીતે પરીક્ષાના સ્થળ સુધી શરીરમાં સંતાડીને લઈ જવી એની અમુક પરિવારોમાં તો વિસ્તૃત ચર્ચા રાખવામાં આવે છે. જેમાં માતા-પિતાનો અનુભવ સંતાનોને વધુ ઉપયોગી પણ નીવડે છે.

નિબંધ, ટૂંક નોંધ, જોડકાં, ખરાં ખોટાં, મોટા પ્રશ્નો, પ્રયોગો, પ્રમેય, સૂત્રો, ઇતિહાસની સાલવરી, કવિ અને લેખકનાં અઘરાં નામ અને કૃતિ, વ્યાખ્યાઓ વગેરે વગેરે બધું ખૂબ જ સિફ્તપૂર્વક (?) કાપલીમાં કીડીના પગ જેવડા અક્ષરે લખીને તમામ કાપલીઓ શરીરની ચારે દિશામાં કાપલીની સ્થૂળતા અને ગંભીરતા પ્રમાણે સંતાડવામાં આવે છે. ઍન્ડ મોરલ ઑફ ધ સ્ટોરી હાથવગી એક જ કાપલી રાખવામાં આવે છે. જેમાં કઈ કાપલી ક્યાં છે તે લખેલું હોય છે, જે 'માસ્ટર કાપલી'થી ઓળખાય છે. નવમા ધોરણ સુધી બાળકને સાચું બોલવાની, સાચું જીવવાની, ચોરી નહીં જ કરવાની શિખામણ આપનારાં માતા-પિતા જ્યારે બોર્ડમાં સંતાનને ચાન્સ મળે તો ચોરી કરી લેવાની શિખામણો આપે છે, એ પછી આખી જિંદગી પસ્તાય છે. બધાં જ વાલીઓ આવું નથી કરતાં આઈ એગ્રી, પણ અમુક વાલીઓ એનાં સંતાનોને S.S.C. કે H.S.C. ની ઍક્ઝામમાં સિદ્ધાંતો અને સત્ય સાથે બાંધછોડ કરવાની છૂટ આપે છે અગર તો દીકરાને ચોરી કરવા દેવાની સુપરવાઇઝરને ભલામણ કરે છે. એની આખી જિંદગી પછી એ સંતાનોની વાંહે ટાંટિયા તોડવામાં કે જામીન ગોતવામાં જ જાય છે.

પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓનો એક વર્ગ એવો છે જે ત્રણ કલાકમાં દુનિયાભરનું કનેકશન કટઑફ કરીને ઊંધે કાંધ જેટની સ્પીડે બસ લખ્યા જ કરે છે, તો વળી બીજો અલ્લડ વર્ગ જે હિમેશ રેશમિયા કે હની સિંગનું 'પાની પાની' ગાતાં ગાતાં ત્રણ કલાકમાં દર વીસ મિનિટે યુરિનલની મુલાકાતે જાય છે અને શૌચાલયમાંથી એકાદ ખાલી જગ્યા, જોડકું કે ટૂંક નોંધ મળી જાય એના માટે આશાભરી નજરે જુએ છે.

અભિમન્યુના સાત કોઠા જેવું ચેકિંગ પાર કરીને ચોરી કરવાના આ બાજંદા ખેલાડીઓ કાપલીઓને વર્ગખંડ સુધી લઈ જવામાં તો સફળતા મેળવી લ્યે છે. વર્ગમાં જાણીતા સુપરવાઇઝર આવતાં એની છાતી ટાઢી થાય છે. છીછીછ, છીછીછ! જેવા સીસકારા સતત વર્ગખંડોની ભીંતો પર પડઘાયા કરે છે. સુપરવાઇઝર જરાક પાણી પીવા આઘાપાછા થાય ત્યારે વિદ્યાર્થીઓ અંદરોઅંદર મંદ સ્વરે ગણગણાટ કરી લ્યે છે. જેમાં માત્ર 'પ્રશ્ન ત્રીજાનો (ક) છે? તું ચોથાનો (બ) દે તો હું ત્રીજાનો (ક) આપું!' આવા ઉત્તરોનો ગણગણાટ સેકન્ડના છઠ્ઠા ભાગમાં થઈ જાય છે. ત્યાં સુપરવાઇઝર બહાર ડોકું કાઢીને જોરથી બોલે કે 'સ્કોડ છે' એટલે વર્ગખંડમાં રમખાણ મચી જાય. એક બેન્ચ પર બે વિદ્યાર્થીઓ ચોટડૂક થઈને પેપર લખતા હોય છે. એ સ્કોડનું નામ પડતાં 'છૂટડૂક' થઈ જાય છે. સ્કોડવાળા અધિકારીઓનો જેવો વર્ગપ્રવેશ થાય એ ભેગા ચોરી કરવાવાળા વિદ્યાર્થીઓ તેત્રીસ કરોડ દેવતાને પોતાની રક્ષા માટે અરજન્ટ બોલાવી લ્યે છે. ક્યાંક પતંગની જેમ કાપલીઓ ઊડવા લાગે છે તો ક્યાંક ગોફણિયા લાડુની જેમ કાપલીઓ બેન્ચની નીચે ભેદી રીતે સરકવા લાગે છે. સમ્રાટ અશોક જેમ કલિંગને ધમરોળવા આવતો હોય એમ સ્કોડ અધિકારીઓ સમગ્ર ક્લાસ ધમરોળી નાખે છે. ચોરી કરવાના સિકંદરો તરત જ ગરીબડી ગાય જેવા થઈને જવાબમાં ફિલ્મની સ્ટોરીઓ લખવા માંડે છે.

ખરેખર આપણી આ સિસ્ટમે આખી એક પેઢીને માર્કશીટની મહોતાજ બનાવી દીધી છે. જીવનમાં માર્કશીટ જરૂરી છે યારો, પરંતુ માત્ર માર્કશીટ જ જરૂરી નથી! એકઝામ કોઈ કારગિલનો મોરચો નથી. એને લાઇટલી લેતા શીખો, કારણ કે પરીક્ષાઓની જિંદગી પૂરી થાશે પછી જ તો જિંદગીની પરીક્ષાઓ શરૂ થાય છે. ફાટી ન પડો. હટીને આવો મેદાનમાં. ઇતિહાસ જે ફેલ માણસોએ બનાવ્યો છે એ જ ટોપર્સોને વાંચવો પડે છે. નબળા રિઝલ્ટથી થતી એકાદ દોસ્તની આત્મહત્યાને રોકી શકીશ તો હું મારી આ કૉલમની કલમની અને જીવનની ધન્યતા અનુભવીશ.

હાઉકલી

બિલ ગેટ્સ જે એક દિવસના ૧૦૨ કરોડ રૂપિયા કમાય છે
એ એના અભ્યાસકાળમાં કદી ટોપર્સ નહોતા,
અટાણે ઈ ટોપર્સને નોકરીએ રાખે છે.

નાત નેશન અને ન્યૂસન્સ

સાલ્લું આ તો કેવું કહેવાય? લોકસભા હોય કે વિધાનસભા ટિકિટોની જેવી વહેંચણી થાય એટલે પૂતળાંઓ ચોકે ચોકે બળવા લાગે, ઉગ્ર વિરોધો છાપાંમાં છપાવા લાગે, આક્રોશભરી ચર્ચાઓ મીડિયામાં થવા લાગે. એક કોમને ટિકિટ આપો એટલે બીજી કોમ નારાજ. આલિયાને આપો તો માલિયા રિસાય અને માલિયાને આપો તો ટાલિયો ખિજાય...!

કોઈ પણ કોમને બીજી કોમનો ઉમેદવાર પસંદ જ નથી. આપણે સૌ લોકશાહીનું લોહી કાઢવા બેઠા છઈએ. ચાલો એક કામ કરીએ લોકસભા અને વિધાનસભાની તમામ બેઠકો કેન્સલ કરી દો. દરેક મોટી જ્ઞાતિને લોકસભાની અને નાની-નાની જ્ઞાતિને વિધાનસભાની સીટો વહેંચી દો. ચૂંટણીની જરૂર નથી. ચૂંટણી સમરસ થઈ જાશે. નાત નક્કી કરે ઈ જ એનો પરમ મૂરખ (સૉરી પ્રમુખ) ચૂંટણી ફંડનો મુદ્દો જ પછી હટી જશે, કારણ કે જ્ઞાતિ ફંડ તો બધાં પાસે છે જ. અરે, ભારતની અમુક જ્ઞાતિઓનું ફંડ જો ભેગું કરવામાં આવે તો આખા ભારતનું દેવું ભરાઈ જાય એમ છે, પરંતુ આપણે આપણા દેશ કરતાં વધારે આપણી જ્ઞાતિ અને પરંપરાગત સંપ્રદાયોને પ્રેમ કરીએ છીએ. આ નગ્ન સત્ય કોઈ ન સ્વીકારે તોય મારે તો કહેવું જ પડે.

પછી પ્રચાર પસારના કે રેલીના ખર્ચા પણ નહીં થાય. પ્રચારનાં સૂત્રો વારેઘડીએ સ્લિપરની પટ્ટીની જેમ બદલવાં પણ નહીં પડે. રાજનીતિ કે કાજનીતિ નહીં, પરંતુ 'જ્ઞાતિનીતિ' અને એક ભારત શ્રેષ્ઠ ભારત નહીં, પરંતુ 'શ્રેષ્ઠ જ્ઞાતિ' જ પ્રચાર પામશે. કોઈ એક જ્ઞાતિને બીજી જ્ઞાતિના સંસદસભ્ય કે ધારાસભ્ય ઉપર ભરોસો જ નથી તો આવી લોકશાહી જીવતી રાખવાનો કોઈ અર્થ જ નથી.

જ્ઞાતિવાદનો આ વાઇરસ આમ ને આમ જો ચેપી રોગની જેમ ફેલાતો રહ્યો તો નક્કી એક દિવસ એવો આવશે કે દરેક જ્ઞાતિના સાબુ બહાર પડશે. દરેક જ્ઞાતિનાં શેમ્પૂ બહાર પડશે. દરેક કોમનો પોતાનો રૂઢિચુસ્ત મોબાઇલ હશે. લાડુ એક કોમને પ્રિય છે માટે બીજી બધી કોમ લાડુ ન ખાવાની પ્રતિજ્ઞા કરશે. મરચાં એક કોમને ભાવે છે એટલે બીજી કોમ મરચાંનો ત્યાગ કરશે. વાઇસ વર્સા ફલાણાંને બુંદી-ગાંઠિયા પ્રિય છે એટલે ટીંકણાં બુંદીનો બહિષ્કાર કરશે. એક કોમને લીસા લાડવા ભાવે છે એટલે બીજી કોમ લીસા લાડવાને નાત બહાર મૂકથે. એક ધરમવાળાને પિઝા-પાસ્તા ભાવે છે એટલે બીજા સંપ્રદાયવાળા પિઝા-પાસ્તાનો તિરસ્કાર કરશે.

શું આ આપણી મંજિલ છે દોસ્તો? વિચારજો આના કરતાં તો રાજાશાહી સો દરજ્જે સારી હતી. પ્રજા રાજાને પ્રેમ કરતી હતી. પોતાના બાપુજીના ફોટા પરથી ધૂળ ન લૂંછનારાઓ પણ આજે પ્રજાવત્સલ રાજાઓની તિથિ વહાલથી ઊજવે છે. એથી ઊલટું, લોકશાહીના રાજાઓ ચૂંટતા પહેલાં જ પ્રજાના આક્રોશનો ભોગ બને છે. જ્ઞાતિવાદનું ઝેર આખી સિસ્ટમને બોદી કરીને બરબાદ કરી નાખશે.

રાજકારણમાં પેધી ગયેલા બુઢાઓને પણ રિટાયર્ડમૅન્ટ જોતું જ નથી. પોતે હાલી શકે એમ નથી એવા કેટલાયને હજી દેશ ચલાવવો છે. હવનમાં હાડકાં નાખવાની પ્રવૃત્તિમાં આ ભાભલાઓને મજા પડે છે. પાર્ટી બદલુઓની જાણે પરેડ માર્કેટમાં નીકળી હોય એવું લાગે છે. આપણે જેટલી ઝડપથી આપણી ગંજી નથી બદલાવતા એટલી ઝડપથી આ લોકો એના સિદ્ધાંતો અને પક્ષ બદલાવે છે. અર્થાત્ અમુક નેતાઓને તો ઈ પણ યાદ નહીં હોય કે પોતે જ્યારે રાજકારણ જોઇન્ટ કર્યું ત્યારે ઈ ક્યા પક્ષમાં હતા? જીવનમાં બધાં જ ક્ષેત્રોમાં બધાંને બધું નવું જ જોઈએ છીએ તો રાજકારણમાં પણ નવા ચહેરાઓ શા માટે નહીં? (એટલિસ્ટ નવા લોકોને ખોટું કરતાં થોડીક બીક તો લાગશે!) મારું હાલે તો કોઈ પણ વ્યક્તિ આ દેશમાં બે જ ચૂંટણી લડી શકે એવો કાયદો બનાવી દઉં. દસ વર્ષમાં ઈ પોતાની જાતને અને કોમને સાબિત ન કરી શકે એ રાષ્ટ્રનું શું ભલું કરવાના? પણ સાંઈરામનું આ દેશમાં બહુ ચાલતું નથી એ આપ સૌ જાણો છો, માટે તરબૂચ ખાઈને સૂઈ જાઓ.

આપણી જ્ઞાતિ અને આપણા ધર્મની ઉપર આપણો દેશ છે, જેના માટેની આપણા સૌની કાંઈક ફરજ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તમે માત્ર 'વાણિયા' કેમ લેખી શકો? અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈને માત્ર 'પટેલ ગણવાની ભૂલ કેમ કરાય? બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરને માત્ર 'દલિત' ન જ ગણી શકાય! મહર્ષિ પરશુરામને માત્ર 'બ્રાહ્મણ'નું લેબલ ન જ મારી શકાય. અઢારેય વરણને રોટલો પ્રેમથી જમાડનારા સંત જલારામને માત્ર 'રઘુવંશી'ના ન જ ગણી શકાય. આવા અનેક વીરલાઓ જ્ઞાતિવાદને અતિક્રમી ગયા. રાષ્ટ્ર અને સમાજ માટે ફના થઈ ગયા, માટે અમર થઈ ગયા.

અને એના વંશજો તરીકે આપણે લોકસભાની ટિકિટું માટે એક બીજી જ્ઞાતિના દુશ્મન થઈ બેઠા છીએ. આ મહારથીઓને તિથિઓ ઊજવીને આપણે એને રીતસર નાના બનાવી રહ્યા છીએ. જ્ઞાતિ કરતાં વધારે પ્રાયોરિટી રાષ્ટ્રને મળવી જ જોઈએ. તમારી જ્ઞાતિના સડીને ગંધાઈ ગવેલા ઈગો સામે રાષ્ટ્રના સંવિધાનની ખુશબૂ મહેકવી જ જોઈએ.

ઘરવાળી સામે ટીવીની ચૅનલ બદલતી નથી ને રાષ્ટ્રને બદલાવાની ડંફાસો બંધ કરો. તરબૂચ ખાઈને સૂઈ જાઓ. જ્ઞાતિવાદની આ ભવાઈને ઝટ 'વાઈ' આવે ને દેશમાં સહુના વિકાસના ગીત ગવાય એવી શુભકામના.

હાઉકલી

ચૂંટણી કજિયા વગર ન હાલે,
ને ચટણી ભજિયાં વગર ન હાલે.

રાજકારણનું દાઝકારણ

ગાંઠિયા અને ગઠિયાઓની સીઝન આખા દેશમાં જોર પકડી ગઈ છે. ગઈકાલે મારા ઘરની સામે એક કાચિંડાએ આત્મહત્યા કરી લીધી. એણે હાથોહાથ આપેલી સ્યૂસાઇડ નોટમાં સ્પષ્ટ લખ્યું હતું કે હું આ નેતાઓની સામે રંગ બદલવાની હરીફાઈમાં હારી જાઉં છું માટે હું મરી જાઉં છું.

ભાષણ-પોસ્ટર-જાહેરાત યુદ્ધ અને અંગત જીવન પરના ગંદા આરોપોનાં યુદ્ધ શેરીએ શેરીએ મંડાય ગયાં છે. આ યુદ્ધ પહેલાંની શાંતિ છે કે શાંતિ પહેલાંનું યુદ્ધ છે કશી ગતાગમ નથી પડતી! તમારો કીમતી અને પવિત્ર મત માત્ર અને માત્ર અમને આપો. આપણાં સૌના મત સો ટકા કીમતી અને પવિત્ર છે, પણ સામે ઉમેદવાર તો એવા હોવા જોઈને ને યાર!

ભાષણો ઠોકીને કેટલાંયનાં ગળાં બેસી ગયાં છે તો કેટલાંયના હાડ બેસવાની અણી માથે છે. કેટલા બધા ભડભડિયા નેતાઓના જીભ હેઠે કાંકરો જ નથી આવતો. આ રાજકારણ જાણે 'દાઝકારણ' થઈ ગયું છે. સંધાય રાજકારણમાં આંકડે મધ ભાળી ગયા છે. અબજોપતિ થવા માટે પોલિટિક્સ ટૂંકામાં ટૂંકો શોર્ટકર્ટ છે. કાળોતરો જેને કરડે ઈ પછી પાણી પણ ન માગે એમ સત્તાની ભૂખ જેને ઊઘડે એને માટે બીજું બધું ગૌણ થઈ જાય છે.

એક દીકરાએ એના પપ્પાને કહ્યું કે મને રાજનીતિના પાઠ શીખવાડો. પપ્પાએ કહ્યું દાદરા ઉપર ચડી જા. દીકરો ચડી ગયો. પપ્પા કહે હવે માર ઠેકડો આવતો રહે મારા હાથોમાં. પપ્પા દીકરાને ઝીલવા ઊભા રહ્યા. દીકરાએ ઠેકડો માર્યો એ ભેગા પપ્પા દૂર ખસી ગયા ને છોકરો બરાબરનો હેઠે પડ્યો. ત્યારે પપ્પાએ કહ્યું કે બેટા રાજકારણનો સૌથી પહેલો પાઠ કે સગા બાપ ઉપર પણ ભરોસો કરવો નહીં. રાજકારણમાં તો ગુરુની દાઢી સળગે એમાંથીય ચેલો પોતાની બીડી પ્રગટાવી લ્યે.

બધા જ નેતાઓ ભ્રષ્ટ છે આવી કાગારોળ બધા જ મચાવે છે તો મારો સવાલ એ છે કેએ નેતાઓ આપણા જ અરીસા છે. આપણું જ સિલેકશન છે. એ નેતાઓ ખરાબ છે તો આપણે સૌ ખરાબ થયા. અલ્ટિમેટલી આપણે અરીસા સામે આપણને જ ભાંડી રહ્યા છીએ. ચૂંટણી ટાણે જે ઉમેદવાર તમને સંસ્કારી અને નિષ્ઠાવાન લાગતો હોય એ પાંચ વરહમાં ઝેર જેવો થઈ જાય છે. ઘરે બે રોટલા માંડ માંડ ખાતો હતો એ આખેઆખા ચૅકડૅમ અને પુલ ખાય છે. ગ્રાન્ટ ખાઈ જાય. અવેડા ને ડામરના રસ્તાઓ ખાઈ જાય. આ કદાચ જનતાથી સહન નથી થાતું અથવા તો અમે રહી ગયા ને તમે લઈ ગયા એવી દશા પ્રજાની થઈ છે. ચૂંટણી અને લગ્ન એ રેશનકાર્ડ જેવા છે જે બદલાવી શકતા નથી. બસ એમાં ઉત્તરોતર પાત્રોનો વધારો થતો રહે છે. મને તો ભારતની પ્રજા બરાબરની ભરાઈ ગઈ હોય એવું લાગ્યા કરે છે. ઐશ્વર્યા રાય જેવી રૂપકડી કન્યા સાથે તમારાં લગ્ન થઈ જાય અને એ છોકરા પછી પાંચ વર્ષમાં એ ચંદ્રમુખી જેવી કન્યા તેમને 'રાખી સાવંત' લાગવા

માંડે તો વાંક કન્યાનો નથી, તમારી માનસિકતાનો છે. અને હા મસ્ત મુરતિયાની લાયમાં ખડૂસ જાનૈયાને ચલાવીને સ્વીકારી ન લેતા, કારણ કે પછી મુરતિયો તો હનીમૂનમાં સ્વિટ્ઝર્લેન્ડ હશે અને આ જાનૈયા તમારી રોજ મેથી મારશે.

એક સરસ મૅસેજ વૉટ્સએપ પર મને કોકે સેન્ડ કર્યો છે કે જે દેશમાં પાણીના ગ્લાસ અને ટૉઇલેટનાં ડબલાં બાંધીને રાખવાં પડે ત્યાં માત્ર પ્રધાનમંત્રી બદલવાથી પરિસ્થિતિ નહીં સુધરે, મનોસ્થિતિ બદલો.

મોરલ ઑફ ધ સ્ટોરી ભારતની લોકશાહી કોઈ એક વ્યક્તિ, એક પાર્ટી કે કોઈ એકાદ કુટુંબની મહોતાજ કદી ન બની શકે. સિસ્ટમને ગાળો દેવાને બદલે તેને સુધારવા માટે અચૂક મતદાન કરજો દોસ્તો. સાચા માણસોને સાચા ઠેકાણે ઠેકીને બેસાડી દો પછી ખોટાઓને હટાવવાની કાશ કરવી નહીં પડે, કારણ કે સૂરજ ઊગી જાય પછી કાંઈ અંધારાને લાકડી લઈને ભગાડવું નથી પડતું. ફરી ફરીને કહું છું કે કોઈ વ્યક્તિ કે કુટુંબ કે પક્ષ પાસે એવી જાદુઈ છડી નથી જે હિન્દુસ્તાનના તમામ પ્રૉબ્લેમ એક ઝાટકે સૉલ્વ કરી દે. આ કોઈ સ્પાઇડરમેન, બૅટમેન, શક્તિમાન કે બાલવીરની સિરિયલ થોડી છે કે ‘ગીલી ગીલી પોપટો’ બોલી દેવાથી બધું ડેમેજ કંટ્રોલ થઈ જાય. હા જાદુની છડી દેશના નેતાઓ પાસે નથી પણ મતદારો પાસે જરૂર છે. અટાણે તો આપણા દેશમાં ‘વૉટરકાર્ડ'નો ઉપયોગ ‘સીમકાર્ડ’ લેવા માટે વધુ થાય છે.

રાજકારણીઓ માટેની સુગ ઉડાડો, કારણ કે આપણે યુગોયુગ એની સાથે જ રહેવાનું છે. મારા વહાલા દોસ્તો, તમારા નેતાઓને પ્રેમ કરો. એ જેવા છે એવા આપણા જ છે. ઍન્ડ વેલ આપણો ઉદ્ધાર એમના હાથમાં છે એવું પ્લીઝ પ્લીઝ પ્લીઝ ન માનો. એ લોકોનો ઉદ્ધાર આપણા એક EVM મશીનના બટન દબાવવાથી થવાનો છે. કોઈના બાપથી ફાટી પડ્યા વગર હટીને મત આપજો જિગરિયાવ. આફ્ટર ઓલ વી આર પબ્લિક. લોકશાહીમાં પ્રજાથી મોટું કોઈ જ નથી! આપણે ધારીએ તો ગમે એના સાવરણા વીંખી નાખીએ, ગમે એના પંજા મઈડી નાખીએ, ગમે એવા કમળની પાંખડીઓ ચૂંથી નાખીએ, ગમે એની સાઇકલની હવા કાઢી લઈએ, ગમે એનું ફાનસ ઓલવી નાખીએ, ગમે એની ઘડિયાળું બંધ પાડી દઈએ, ગમે એના હાથીને હંફાવી શકીએ...! પણ આપણે ‘ધારવા’ જોઈએ બસ...

હાઉકલી

દેશને દેવું હોય જો દખમાંથી સખ,
તો મતદાનના દિવસે ભલે બગડતો નખ.

વોટ્સએપ નહીં વોટ કરજો

દોસ્તો, આજે મતદાનનો પવિત્ર દિવસ છે. યાદ રાખજો લંપટ અને ભ્રષ્ટાચારી નેતાઓ ક્યારેય માની કૂખેથી જન્મતા નથી, પરંતુ મતદાનના દિવસે મતદાન ન કરીને પિકનિક ગોઠવનારી કે ધંધામાં રચીપચી રહેનારી બેદરકાર પ્રજા એ આવા કૌભાંડિયા નેતાઓની જન્મદાતા છે. સો ટકા પ્રજાનો મોભી કોણ બનશે એ પચાસ ટકા લોકો જ નક્કી કરે છે અને અંતે સોએ સો ટકા લોકો પાંચ વર્ષ સુધી એનો ખરખરો કરે છે. ‘આમાં એકેય ઉમેદવારમાં કાઢી લેવાનું કાંઈ નથી.’ આવી છટકબારી એ મારી દૃષ્ટિએ પ્રજાની કાયરતા છે. ઓછું મતદાન કરીને આપણે લોકશાહીને નબળી બનાવી રહ્યા છીએ. બીજા બધાય ખરાબ છે આવા આરોપો નાખનારાને ઠેકીને કહી દ્યો કે ભાઈ તો તું ઊભો રે ચલ! તારા ઘરના દસ સભ્યોમાંથી ત્રણ મત બીજાને જાય એમ છે. માટે ખોટી ફિશિયારી ઠોકવાનું બંધ કર અને છાનોમાનો મત દેવા હાલ્ય, નહીંતર આવતાં પાંચ વર્ષ સુધી લત ખાવી પડશે.

એક જૂનો દાખલો આ સંદર્ભે યાદ અપાવું તો અમારા ગામના કરશનકાકા પહેલી વાર હરદ્વાર ગયા. ટ્રેનમાંથી ઊતરીને ગંગાઘાટ પહોંચ્યા ત્યાં એક જુવાન કાકાને પગે લાગ્યો કે કાકા મને ઓળખ્યો? હું પરસોત્તમકાકાનો બચુ...! કરશનકાકા મૂંઝાણાં કે બેટા, મને ઓળખાણ ન પડી. બચુ કહે, અરે કાકા તમે ઉંમરને લીધે ભૂલી ગયા, હું તમને સારી રીતે ઓળખું છું. હવે આપ જરાય ચિંતા ન કરો, ગંગામૈયામાં મોજથી સ્નાન કરો, હું આ તમારું સામાનનું પોટલું સાચવીને બેઠો છે. કરશનકાકા તો ભોળિયા માણસ, તમામ સમાન, ઘડિયાળ, પાકીટ ને પૈસા, કપડાં બચુના ભરોસે મૂકી ગંગામાં ગરક થયા. ઈ ભેગો આ બાજુ બચુ પણ ભીડમાં સંઘુય સફાચટ કરી ગરક થઈ ગયો. કરશનકાકા ભીના પોતીયે બહાર નીકળ્યા, જુએ તો બચુ ગુમ! પછી હરદ્વારની શેરીએ શેરીએ ગોતતા ફરે કે એ ભાઈ, પરસોત્તમકાકાના બચુડાને જોયો! સર, તમે માનો યા ના માનો, આપણા ભારતની પ્રજાની હાલત આ કરશનકાકા જેવી થઈ ગઈ છે.

ચૂંટણીના EVM મશીનને હું કલ્પવૃક્ષ કહું છું. પ્રિસાઇડિંગ ઑફિસરો, ચૂંટણી અધિકારીઓ અને પોલિંગ સ્ટાફ એ જય-વિજયની જેમ લોકશાહીના તટસ્થ દ્વારપાલો છે. આજના દિવસે તરબૂચ ખાઈને AC માં સૂતા ન રહેતા. દોસ્તો, તમારા કોઈ પણ પક્ષ માટેના કે વ્યક્તિ માટેના ઉકરડા જેવા ઈગો કરતાં રાષ્ટ્રનું સંવિધાન મહાન છે. આ દેશે આપણને ઘણું આપ્યું છે. આજે દેશ માટે કંઈક આપવાનું ટાણું છે. EVM નું એક બટન દબાવીને ભ્રષ્ટાચાર અને દેવા નીચે ડૂબેલા દેશને બહાર લાવવાની રૂડી તક મળી છે. આજે એક દી વોટ્સએપ નહીં ‘વોટ’ કરજો!

ભારતની પ્રજા ખરેખર સ્થિતપ્રજ્ઞ અને યોગની વિતરાગી અવસ્થા પ્રાપ્ત કરી ચૂકી છે. કેટલાય નેતાના રૂપમાં નીકળી પડેલા અભિનેતાઓના તાહેડા આ પ્રજાએ પોતાની સગી આંખે જોયા છે. એક વાટકો લોટ સાટુ ગામના ચોકમાં ખેલ કરતા મદારી અને વાંદરા

ટૂંકા પડે એવા એવા ખેલ આ નેતાઓ પ્રજાને રીઝવવા કરી રહ્યા છે. કેટલાંય ભડકાઉ ભાષણો અને કેટલાય લેખકોના મોટિવેશનલ લેખો આ પ્રજા ટાઢા કલેજે પેટમાં પચાવીને સંઘરીને બેઠી છે. લગભગ તમામ પક્ષનું ખાઈખાઈને આ પ્રજાની હોજરી મંદ પડી ગઈ છે. માટે યથાયોગ્ય સમયે યોગ્ય ન લાગ્યાં એવાં કેટલાંય ભાષણો અને લેખોનો આ પ્રજાએ ચૂપચાપ મળમાર્ગે ત્યાગ પણ કર્યો છે. ચૂંટણીનો ગર્ભ નવ મહિના નહીં, પરંતુ પાંચ વર્ષ સુધી પ્રજાને રહે છે. આ પ્રજાએ કેટલાય લોકસેવકો વહાલથી જણ્યા છે. કેટલાયને સિઝેરિયન કે ફોર્સેપથી જન્મ આપ્યો છે, તો આ પ્રજાની કૂખમાં જ કેટલાય નેતાઓની ભ્રૂણહત્યાઓ પણ થઈ છે. મોબાઇલમાં વોટ્સએપ ઉપર પોલિટિક્સના નકામાં ન્યૂઝને ડિલીટ કરવા સાટુ રોજ એક ભાડૂતી માણસ રાખવો પડે એટલું તો આ પ્રજા વાંચી ચૂકી છે. પ્રજાનું આ અતિ જ્ઞાન જ લોકશાહી માટે ઘાતક થઈ ચૂક્યું છે. એટલે જ મતદાનના દિવસે પચાસ ટકા સમજદાર અને શાણી પ્રજાના પગ થાંભલા જેવા થઈ જાય છે, પણ શાણાઓ મત દેવા નથી જતા એટલે જ પાણાઓ ચૂંટાઈ જાય છે.

હું તો ત્યાં સુધી કહું છું કે જે મતદાન કરે એને વેવાઈ પણ ન બનાવતા. જેને દેશની પડી નથી એને તમારાં દીકરા-દીકરીની શું પડી હશે? મતદાન નહીં કરો ઘરે મહેમાન આવે તંઈ જ ગૅસનો બાટલો જશે. તમે નહાવા બેસશો ને ટાંકીમાં પાણી ખલાસ થશે. તમને કોક આઇ લવ યુ કહેવા જતું હશે ત્યારે જ તમારા મોબાઇલની બેટરી જતી રહેશે. જો તમે મતદાન નહીં કરો તો તમારા સ્કૂટરમાં પંક્ચર પડશે. તમને તમારી જ શેરીનાં કૂતરાં વાંહે થાશે. તમારી કાગવાસ કાગડા પણ ખાવા નહીં આવે. ઍરપૉર્ટ ઉપર જ તમારા આઈ.ડી. પ્રૂફ ખોવાઈ જાશે. તમારી નવેનવી સાડી ઇસ્ત્રીમાંથી ગુમ થશે. તમે ડાઈ કરશો તોય તમારા ધોળા વાળ દેખાશે. વૅલેન્ટાઇન્સ ડેના દિવસે તમને બાજુવાળી મસ્ત છોકરી રાખડી બાંધી જશે. જો મતદાન નહીં કરો તો તમને ભૂંગળી મોઢે ડાયેરિયા થશે. મારા વહાલા, આવનારાં વર્ષોમાં દેશ ઉપર ડાઘ લાગે એના કરતાં મતદાન વખતે આંગળી પર ડાઘ ભલે થઈ જાય...! ઓલ ધ બેસ્ટ ઓલ વોટર્સ!

હાઉકલી

સમૂહ કુટુંબને સુખી રાખવાની સોનેરી સલાહ:-
ઘરની વાત શેરીમાં ન લઈ જવી,
શેરીની વાત ઘરમાં ન લઈ આવવી.

ભગવાનનો ભાઈ

દેશ આખામાં પ્રચારનાં ભૂંગળાં શાંત થયાં. હારોહાર કેટલાંયનાં 'ગળાં' પણ શાંત થયાં. રાજકારણના ડૉક્ટરો દેશની માંદી જનતાનો જાણે ઇલાજ કરવા નીકળ્યા હોય એવાં દૃશ્યો જોવા મળ્યાં. ડૉક્ટરથી યાદ આવ્યું ડૉક્ટરો મને વહાલા બહુ. અમારા ગામડે એક ડૉક્ટરે બૉર્ડ મારેલું ડૉ. ફલાણાભાઈ કૌંસમાં (D.V.D) લખ્યું'તું. મેં પૂછ્યું કે, "આ D.V.D નું ફૂલ ફૉર્મ?" ઈ ક્યે ડિગ્રી વિનાના ડૉક્ટર.

રેડિયોલૉજિસ્ટ ડૉક્ટર મારા ઘરે પધાર્યા. મારાં ઘર્મપત્નીએ એમને ચા પીવડાવી અને હળવેકથી પ્રશ્ન પૂછ્યો કે, "આ સાહેબ નવા રેડિયો રિપેર કરી શકે?" સાહેબને કાપો તો લોહી ન નીકળે એવી પરિસ્થિતિ થઈ. ડૉક્ટરોની સેન્સ ઑફ હ્યુમર બહુ સારી હોય છે. એમણે સામે કહ્યું કે, "ના ભાભી, નવા રેડિયામાં સામાન વધે છે. મને જૂના જ ફાવે છે."

લોકાચાર્યોએ કવિઓને ભગવાનના મોટા ભાઈ કહ્યા છે અને ડૉક્ટરને ભગવાનના નાના ભાઈ કહ્યા છે. કારણ કોઈ પણ સ્વજનના ઍક્સિડન્ટ વખતે આપણે ડૉક્ટરને હાથ જોડીએ છીએ કે સાહેબ હવે તમે જ ભગવાન છો! બચાવી લેજો! ડૉક્ટર શબ્દને છૂટો પાડો તો 'દો-કટર' પણ થાય હોં! કાતર લઈને ઉપરથી આપણી ચામડી કાપે ને હેઠેથી ખિસ્સું! પણ ધંધાદારી ડૉક્ટરોને બાદ કરતાં આ વ્યવસાય સાથે એક જબરી માનવસેવા અને કરુણા જોડાયેલી છે. ડૉક્ટર રૂપિયા ઝાઝા લ્યે છે ઈ બધાયને દેખાય છે, પણ એની પાછળ એનો ભોગ કેટલો હોય છે એ કોઈને દેખાતો નથી. ડૉક્ટર મિત્રો માટે મેં એક પૉઝિટિવ કવિતા લખી છે. કદાચ દર્દીઓને પણ ગમશે એ શ્રદ્ધા સાથે:

કંઠીને બદલે કંઠમાં સ્ટેથોસ્કોપની શાન છે,
દિલથી કહું છું આ કળિયુગમાં ડૉક્ટરો જ ભગવાન છે.
સાયન્સ એનો સંપ્રદાય ને મંદિર એની હૉસ્પિટલ છે.
દર્દી એનો પ્રાણદેવતા આસન સ્ટ્રેચર ને ટેબલ છે.

એક વાર એક ડૉક્ટર ઍનેસ્થેસિયા આપવા જતા હતા. ત્યાં દર્દી ખિસ્સામાંથી પાકીટ કાઢી રૂપિયા ગણતો હતો. ડૉક્ટરે પૂછ્યું, "કેમ?" દર્દી કહે, "તમે મને બેભાન કર્યા પછી ક્યાંક રૂપિયા કાઢી લ્યો તો?" જોકે, આજ સુધી મને એ સમજાયું નથી કે આ ડૉક્ટર લોકો આપણને ઇંજેક્શન મારતા પહેલાં પહેલી પિચકારી આકાશમાં ઉપર શું કામ ઉડાડે છે? કદાચ આ ડૉક્ટરો ઈશ્વરને કહેતા હશે કે ભગવાન આ આઇટમને મોકલું છું હોં! ધ્યાન રાખજે.

મેડિસિન છે મંત્રો એના ઇંજેક્શન એ અર્ચન છે,
એક્સ-રે ડૉક્ટર માટે ભાગવતગીતાજીનું વર્જન છે.
પાંચમની કોઈ છઠ્ઠ કરે નહીં ભાષણ સૌ ફરમાવે છે,
પણ ઉત્તમ જો તબીબ મળે તો ચોથ થતાં અટકાવે છે.

ચકો અમારો નોનસ્ટોપ બીડીનો બંધાણી છે. એક વાર ઈ. ડૉક્ટરને એક્સ-રે બતાવવા ગયો. ડૉક્ટરે એક્સ-રે જોઈને કહ્યું કે, “તમારા ફેફસાંમાં કાણું પડ્યું છે.” ચકો કહે, “એ ડૉક્ટર સાહેબ, ઈ ફેફસાંમાં કાણું નથી પડ્યું એકસ-રેમાં બીડી અડી ગઈ છે...!” આ લે લે!

ગામ આખાની તકલીફો ઈ એક બેઠકે હૃદય ધરે,
પણ ડૉક્ટરના દદૃ ઉપર લોકો ક્યાં કોઈ દી ધ્યાન ધરે?
અઘરું, અઘરું, ભણવામાં આખીય જુવાની ખોઈ જેણે,
દદૃ પાછળ આખે આખી પર્સનલ લાઇફ ખોઈ જેણે!

એક દર્દીને ડૉક્ટરે પૂછ્યું કે, “દારૂ પીવો છો?” દર્દી કહે, “હા સાહેબ, પણ એક જ પેગ બનાવજો!” ગામ આખાની તકલીફો રોજ AC ચેમ્બરમાં બેસીને જેણે સ્થિતપ્રજ્ઞ ચહેરે સાંભળવાની અને હસતા મોઢે સોલ્વ કરવાની આ કોઈ યોગીથી કમ કામ નથી.

એક તરફ બાળકનો બર્થ-ડે એક તરફ ટળવળતો દર્દી,
સફેદ વસ્ત્રો તબીબના છે મારે મન દેવદૂતની વર્દી.
ગાયનેક ડૉક્ટરમાં મુજને બ્રહ્માજી દેખાય છે.
કૅન્સર સ્પેશિયાલિસ્ટો મુજને મહાદેવ વરતાય છે.

રેડિયોલૉજિસ્ટ નારદ માફક આંચનું ત્યાં પહોંચાડે છે.
ઓર્થો, ન્યુરો, યુરોને તો વિષ્ણુજી પંપાળે છે.
સર્વે ડૉક્ટર ઉપર તેથી લક્ષ્મીજીના હાથ છે,
ડૉક્ટરની પત્નીઓનો આમાં સૌથી મોટો સાથ છે.

રાજકોટના એક ન્યુરોલૉજિસ્ટની હૉસ્પિટલે હું પહોંચ્યો. ત્યાં મારા મિત્ર ડૉક્ટર એક દર્દીની વાંહે દોડતા જોયા. એની વાંહે કંપાઉડર ને નર્સ પણ ભાગતાં જોઈ મને અચરજ થયું. મેં ન્યુરોલૉજિસ્ટને પકડીને ધરપત આપી કે આવશે સાહેબ, બીજો દર્દી આવશે કાંઈ સાવ મંદી છે એટલે આમ ડૉક્ટર દર્દી વાંહે ભાંગે ઈ કેટલું ખરાબ લાગે? ત્યારે મારા ન્યુરોસર્જન ડૉક્ટરે ચોખવટ કરી કે ના સાંઈ અમારે ન્યુરોસર્જરીના રિપોર્ટ કરાવવા માટે કોઈ પણ દર્દીના માથાના વાળ પહેલાં કાપવા પડે. આ દર્દી સાલ્લો ત્રીજી વખત વાળ કપાવીને ભાગી ગયો! એટલે અમે સાગમટે એને પકડવા દોડયા અને પાછા ચાલીસ રૂપિયા વાળ કપાવવાના પણ ન આપ્યા? હું તો M.D. છું કે હેર કટિંગ સલૂનવાળો?

સાંઈરામની ઈશ્વર ચરણે પ્રાર્થના છે વારી વારી,
દુનિયાભરના તબીબોની તંદુરસ્તી રહે સારી.

હાઉકલી

આ ચૂંટણીમાં કેટલાય નેતાઓએ આપણને
મરચા મધમાં બોળીને ખવડાવ્યા છે, હવે જોઈએ!

રમતું ગમતું રાજકોટ

મસ્તીનાં પૂરમાં ઘણા બધા વિષયો તમે વાગોળ્યા છે. આજે મારા ગમતા શહેર 'રાજકોટ' પર કાંઈક લખવાનું મન થયું છે. સૌરાષ્ટ્રની રાજધાની જેવું રાજકોટ શહેર કૈંક નોખું અને અનોખું શહેર છે. દરેક શહેરની એક તાસીર હોય છે, એક હવા હોય છે અને એ હવામાં એ શહેરના લોકોનો મિજાજ ઊડતો અનુભવાતો હોય છે. રાજકોટ સંપૂર્ણપણે વર્તમાનકાળમાં જીવતું શહેર છે. આ શહેરને ભૂતકાળનો બહુ ખાસ રંજ કે ખરખરો નથી અને ભવિષ્યકાળની બહુ બધી ફિકર પણ નથી. આ શહેરના લોકો આજ-અટાણે મજા કરી લેવામાં માને છે.

અમુક લોકો રાતે ત્રણ વાગ્યે ટકાટક ચા પીને ઘરે જાય છે તો અમુક લોકો ત્રણ વાગ્યે આ ચા પીવા ઘરમાંથી બહાર નીકળે છે. ટૂંકમાં, ગામ રેઢું ન રહેવું જોઈએ બસ! જુદાં જુદાં ગામડાંમાંથી માઇગ્રેટ થઈને જુદી જુદી જાતના-ભાતના ને નાતના લોકોએ રાજકોટને પચરંગી બનાવ્યું છે. એટલે જ તો રાજકોટનું કોઈ એક કલ્ચર નથી. બસ, એ જ તો રાજકોટનું 'કલ્ચર' છે. રાજકોટ કાઠિયાવાડીઓનું 'અમેરિકા' છે. અહીં સંતોનું બધાં માને છે અને શેતાનોને પણ સાંભળે છે.

રાજકોટમાં કરોડ કરોડની ગાડીવાળા પણ મોજમાં છે તો છકડા રિક્ષાવાળો પણ ઉદાસ નથી. અહીં દરેક માણસ પોતાને પરવડે એવી મોજની ખોજ કરી લ્યે છે. રાજકોટને રાણીમા-રૂડીમા અને રણછોડદાસ બાપુનો આશીર્વાદ છે એટલે જ તો આ શહેર રાતે નથી વધતું એટલું દિવસે વધે છે. રાજકોટમાં અગિયારસો રૂપિયાની થાળી લગ્નપ્રસંગમાં જમાડવાવાળા કેટરિંગનું પણ ચાલે છે તો ફૂટપાથ પર પાણીપૂરી વેચનારો પણ ફ્રી નથી. અહીં ફૂટપાથ કોઈની પણ મંજૂરી વગર ચાની લારી માટે પાંચ પાંચ લાખમાં કોઈ પણ જાતના દસ્તાવેજ વગર મરદની મૂંછ માથે વેચાઈ જાય છે.

એક વાર નર્કમાં કેટલાક લોકો આરામથી વડલા હેઠે પાણાનું ઓશીકું કરીને ઘસઘસાટ સૂતા હતા. ચિત્રગુપ્તે યમરાજાને પૂછ્યું કે, "આ કોણ છે?" યમરાજ કહે, "સર, આ રાજકોટના લોકો છે. સાલ્લા ગમે ત્યાં સેટ થઈ જ જાય છે!"

રાજકોટમાં જે હાલે એ આખા ગુજરાતમાં ચાલે.

રાજકોટવાસીઓ માટે લખેલી એક હળવીફૂલ કવિતા માણો.

એક હાથમાં ફૂલડાં રાખે, બીજા હાથમાં ધોકો,
સાવ અનોખા યાર અમારાં, રાજકોટના લોકો,
આંખોમાં સપનાં લઈ વહેલા ઊઠતા રોજ,
લોકો જ્યાં મસ્તી લૂંટવાનો કાયમ ગોતે મોકો
સાવ અનોખા યાર અમારા રાજકોટના લોકો...!

ગજબનું શહેર છે યાર આ રાજકોટ. રોડના એક કાંઠે તમને પૂર્ણ ભારતીય

પોશાકવાળી સાડી સેંથાવાળી ગુજરાતણ સ્ત્રી જોવા મળે તો સામે કાંઠે બોલ્ડ ટાઇટ જીન્સ અને સ્લીવલેસ ટીશર્ટમાં છાનીમૂની ગલીમાં સિગારેટ પીતી કન્યા પણ જડી આવે.

રેલવે સ્ટેશન પર એક અજાણી છોકરીએ બારી બહાર ડોકું કાઢી એક છોકરાને પૂછ્યું કે, “ક્યું શહેર છે?” છોકરો કહે, “ફ્રેન્ડશિપ કર તો કહું!” છોકરી હસીને બોલી કે સમજાઈ ગયું રાજકોટ આવી ગયું!

રાજકોટનું ગલૂડિયું પણ થોડું ઇગોવાળું છે. બપોરે એકથી ચાર આ શહેરમાં કૂતરાં પણ સૂઈ જાય છે. સોની બજારની એક દુકાન બહાર તો રીતસર બોર્ડ મારેલું છે કે, ‘તમે રજનીકાંત હો તોય બપોરે ૧ થી ૪ દુકાન નહીં જ ખૂલે. આ રાજકોટનો કરંટ છે.

જમીનના જ્યાં ભાવ છે ભેરૂ માણસ કરતાં મોંઘા,
શીંગ રેવડી જેટલા થઈ ગ્યા શેરદલાલો સોંઘા
ભાવ અને સ્વભાવ ગયા છે ઊંચા એને રોકો
સાવ અનોખા યાર અમારા રાજકોટના લોકો.

રાજકોટનું પાણી થોડું વટવાળું છે. કો’ક કરોડનું ફુલેકું ફેરવે તોય એની ગામ નોંધ ન લ્યે અને અડધી ચાનો આગ્રહ ન કરો તો ખોટું લાગી જાય.

અહીંયાં લોકો સૂઝથી નહીં પણ સેન્ટિમેન્ટ્સથી ધંધો કરે છે. અહીંયાં મોંઘાંદાટ લગ્નો થાય ઈ તો સમજ્યા પણ કરોડ કરોડ રૂપિયા પ્રાર્થના સભા કે સાદડીના સામિયાણાના લોકો ચૂકવે છે. રાજકોટના લોકોને મોત પણ શાનદાર જ ખપે છે.

મોંઘેરી ગાડી નખરાળી લાડી લઈને ભમવું
ગામ આખાને રવિવારની સાંજે બહાર જ જમવું
ફેશન પહેરી નીકળી ગયેલા જુવાનિયાવને ટોકો
સાવ અનોખા યાર અમારા રાજકોટના લોકો.

અહીં રેસકોર્સ છે પણ હજી સુધી મેં ત્યાં રેસ થતી જોઈ નથી. ભૂતખાના ચોકમાં ક્યાંય ભૂત થતું નથી. ચિત્તાખાના ચોકમાં ક્યાંય ચિત્તો જ નથી. સાંઢિયા પુલ પાસે મેં કોઈ ’દી સાંઢિયો ભાળ્યો જ નથી. મોટી ટાંકી ચોકમાં ટાંકી જ નથી. જાગનાથ નામના વિસ્તારમાં જ લોકો નવ વાગ્યામાં સૂઈ જાય છે. લાખનો બંગલો છે પણ એની કિંમત અટાણે કરોડ છે. કેવડાવાડીમાં કેવડો નથી. ગુંદાંવાડીમાં ગુંદાં નથી. કિસાનપરામાં કોઈ ખેતી નથી કરતું. ગાંધીગ્રામમાં ગાંધી નથી. લોધાવાડમાં લોધા પણ નથી અને વાડ પણ નથી. તો પોપટપરામાં કોઈ પોપટભાઈ રહેતું જ નથી... આવું છે મારું રંગીલું રાજકોટ...!

સેવાના અવતાર સમી છે જ્યાં સંસ્થાઓ સધ્ધર,
સ્વાભિમાનથી જેના લોકો હાલે વેંત એક અધ્ધર
સાંઈ કહે છે રાજકોટ તો મસ્ત પવનનો ઝોંકો
સાવ અનોખા યાર અમારા રાજકોટના લોકો

હાઉકલી

ઘુટન ક્યા ચીજ હૈ યે પૂછીએ ઉસ બચ્ચે સે
જો કામ કરતાં હૈં ખિલૌને કી દુકાન પર!

મમ્મીની સેન્સ ઑફ હ્યુમર

ધરતી ઉપર આપણી સૌ પ્રથમ સીટને સેટ કરનાર મધર્સ ડે હમણાં જ ગયો. લોકોને માની વાત બાબતે બહુ સેન્ટિમેન્ટલ થઈ જતા જોયા ત્યારે મને થયું આનંદના ખજાના જેવી માની વાતોમાંથી આ ફન કેમ બાયપાસ થઈ ગયું હશે!

મા એ શબ્દ નથી તીર્થ છે. મા એ નજરે ભાળેલો ઈશ્વર છે. કરુણાનો દરિયો અને મમતાનું ઝાડ છે. અમારા ગોંડલમાં તો એક જણાએ રિક્ષા વાંહે લખાવ્યું કે, 'મા તારા આશીર્વાદ!' મેં પૂછ્યું, તો રિક્ષાવાળાએ માતૃભક્તિને બદલે રોન કાઢી કે સાહેબ, માનાં ઘરેણાં વેચીને જ રિક્ષા લીધી છે. આ લે લે!

મા કોઈ વ્યક્તિ નથી, પરંતુ પ્રકૃતિ છે. મા પોતે તૂટી જાય છે પણ એનાં સંતાનોને તૂટવા દેતી નથી. રાતે અગિયાર વાગ્યે દીકરો ઘરે આવ્યો ન હોય એટલે મા જાગતી જ હોય કે મારા ગગાએ કાંઈ ખાધું નહીં હોય. ઍન્ડ વેલ, બાપા પણ જાગતા હોય પણ લાકડી હાથવગી કરી, કે આવે તો બે ફટકારું. રાતે દીકરો ઘરે આવે એટલે મા મોઢું જોવે અને બાપ મોઢું સૂંઘે કાં તો મોબાઇલ ચેક કરે કે ક્યાંક આ તીન પત્તી ના કે 'રમી'ના રવાડે નથી ચડી ગયોને.

તમે 'મા' બોલશો એટલે મોઢું બૂલી જશે અને 'બાપ' બોલશો તો મોઢું બંધ થઈ જાશે, કારણ કે બાપ દીકરાને ખભો આપે છે જ્યારે મા દીકરાને ખોળો આપે છે. બાપ દીકરાને ગાદી આપે છે અને મા દીકરાને ગોદ આપે છે. પણ એટલું યાદ રાખજો, દુનિયાની કોઈ પણ ગાદી ઉપર હુમલો થાય ગોદ ઉપર હુમલો ન થાય, કારણ માએ એમાં મમતાનો પાલવ ઢાંક્યો હોય છે. માનો પાલવ ઝેડ પ્લસ સિક્યુરિટી કરતાં વધુ સલામત અને સુરક્ષિત હોય છે. એટલા માટે જ તો માના લગભગ બેહણાં ડુંગરા માથે હોય છે. દા.ત. ચોટીલા, પાવાગઢ, અંબાજી, વૈષ્ણોદેવી વગેરે, જ્યારે બાપુજી લગભગ પલાંઠી વાળીને અંડરગ્રાઉન્ડ બેઠા હોય છે. દા.ત. ગુપ્તેશ્વર મહાદેવ, પાતાળેશ્વર મહાદેવ વગેરે. કારણ બાપાને ભરોસો જ હોય છે કે છોકરો સાવ સલવાશે ત્યારે જ એની પાંહે આવશે. આમેય તમે ચકાસો તો નાની-નાની તકલીફો વખતે આપણાં મોંમાંથી 'ઓય મા' શબ્દ નીકળી જાય છે, પણ ફોર વ્હિલ ગાડી ડ્રાઇવ કરતાં કરતાં સામે અચાનક ટ્રક ઊતરે અને મોત ભાળી જાય ત્યારે 'ઓય બાપ રે' શબ્દ જ નીકળે હોં!

માના પાત્રને સમાજે અને સાહિત્ય જગતે સદાય વિહ્વળ, લાચાર અને રડતી જ ચીતરી છે. જેનાથી હું પર્સનલી થોડો અસહમત છું, કારણ કે મારી મા મારા માટે બેસ્ટ ફ્રૅન્ડ, ફિલૉસૉફર અને ગાઇડ છે.

મારામાં જે કાંઈ થોડું ઘણું સેન્સ ઑફ હ્યુમર છે એ મારી જનેતાની બક્ષિસ છે. માના કૅરેક્ટરને આપણે ખૂબ ગંભીર બનાવી દીધું છે. મા થોડી હળવી ફૂલ પણ હોઈ શકે. આટલું સિદ્ધ કરવા જ મારી વાત આ લેખ દ્વારા શેર કરી રહ્યો છું.

મારી મમ્મી સરોજબહેન મારા સેટાયરનો પ્રેરણાસ્રોત છે. હું ડાયરાના કાર્યક્રમમાં

જતો હોઉં ત્યારે હળવી ફૂલ સલાહ કાયમ આપે કે, "બેટા, તારે બહુ તૂટી ન મરવું, આયોજકોએ પહેલી વાર ડાયરો કર્યો હોય, આપણે તો રોજનું થયું!" વળી ક્યારેક પ્રોગ્રામમાંથી થાકીને હજી તો ઘરમાં પગ મૂકું ત્યાં મારી મમ્મી એના આગવા મિજાજમાં એના હાથે બનાવેલા ગીતની કડી ગાઈને મને પૂછે કે, "ખંભે કાળી શાલ, લાંબો ઝભ્ભો, માથે ટાલ, બેટા બોલો, કહાં ગયે થે?" માના ટેરવામાં સંતાનોનો ભવોભવનો થાક ઉતારવાની તાકાત હોય છે.

ઘણી વાર કોઈ અજાણ્યા મહેમાન કે ચાહકમિત્ર ઘરે આવીને દરવાજામાં ડોકું કાઢીને પૂછે કે, "સાંઈરામ દવે છે?" એટલે ફળિયામાં ગઈઢા ગુવારમાંથી જુવાન ગુવારને છૂટી પાડતી મારી મમ્મી હસતાં હસતાં કહે કે, "સાંઈરામ નથી પણ ઈ ઘર સાથે નથી લઈ ગયો તમે અંદર તો આવો!" પેલો ચાહક પરિવાર ઘરમાં એન્ટર થાય એટલે મમ્મી પૂછે તમે કોણ? ચટ્ટાપટ્ટાવાળા બરમૂડા અને લાલ-પીળા ટી-શર્ટમાં સજ્જ કોઈ N.R.I. ફેમિલી વળી મમ્મીને સામો જવાબ વાળે કે, "અમે સાંઈરામના ફેન છીએ." આ સાંભળી મમ્મી ફળિયામાં જ એને સેટાયરથી પોંખી લ્યે કે, "હા, ઈ તો બધું સાચું, પણ ટેબલ ફેન છો કે સીલિંગ ફેન? પધારો!"

વળી વધુ પડતા ચોખલા મહેમાન ચા કે ઠંડું પીવાની ના પાડે તો મમ્મી વીટો પાવર વાપરીને રસોડામાં કહી દ્યે કે વવબેટા, ચા બને ત્યાં સુધીમાં ઠંડું લાવજો." આમ, હું ઘરમાં ન હોઉં તો મારી ખામી પૂરી દ્યે આવી લાઇટ વેઇટમાં પણ હોઈ શકે. જોકે, આપણને સૌને નિરાધાર અને દુ:ખી માની વાર્તાઓની જ ટેવ પડી છે એટલે કદાચ આવી સદાય હસતી હસાવતી માતૃશક્તિઓની કથા કોઈએ લખી પણ નથી કે કદાચ આપણે સ્વીકારી પણ નથી.

ધોમ વરસાદમાં છોકરો પલળીને ઘરમાં આવે એટલે પપ્પા ખિજાય કે ભાન નોતી પડતી? બહેન કહે કે ભાઈ છત્રી લઈને જવાય, ભાઈ કહે કે છાપરાં હેઠે ઊભા રહી જવાય, પણ મા તો એના બાળકને ગોદીમાં લઈને એટલું જ કહે કે હટ્ટ, નફ્ફટ વરસાદે મારા દીકરાને ભીંજવી નાખ્યો! આનું નામ મા! મારી મા મારા માટે માતા નથી નિર્માતા છે અને તમારા માટે? ને હા, આવતા ભવે જો આ મા ન મળવાની હોય તો આપણે અવતાર જ નથી જોતો બૉસ!!!

હાઉકલી

એય અંધેરા દેખ તેરા મુંહ કાલા હો ગયા,
માને આંખેં ખોલ લી, ઘર મેં ઉજાલા હો ગયા.

– મુનવ્વર રાણા

અસ્પટમ્ પષ્ટમ્ વ્યસનમ્ નષ્ટમ્

મારા ઘરની સામે કૂતરું મરી ગયું. જોકે, એ કૂતરાના મોત પાછળ કોઈ પક્ષ પાર્ટી કે ચૂંટણીના રિઝલ્ટનો પ્રભાવ સહેજ પણ નહોતો. મેં તરત નગરપાલિકાને ફોન કર્યો. મેં કહ્યું, "ભાઈ, ઘરની સામે કૂતરું મર્યું છે જરા ઉપાડી જાવને!" નગરપાલિકાવાળાએ રાબેતા મુજબ સામો સવાલ કર્યો કે, "કોણ બોલો છો!" મેં કહ્યું, "સાંઈરામ દવે." ઈ ભેગો એને મારી મસ્તી કરી લીધી. મને કહે, "સાહેબ, તમે તો હાસ્યકલાકાર છો ને એમાંય પાછા બ્રાહ્મણ..! તો અગ્નિસંસ્કાર કરી નાંખો, તમારે નગરપાલિકાની શું જરૂર?" મારી ચોટલી ખડી થઈ ગઈ. મેં કહ્યું, "ભઈલા, ઈ તો કરી જ નાખશું, પણ આ તો સગાંવહાલાંને જાણ તો કરવી પડેને એટલે રિંગ કરી, આભાર."

પણ મિત્રો, અમારા ચાહકો આવી રીતે અમારા ઘણી જગ્યાએ સેલ ખેંચી લ્યે છે. ગોંડલમાં જ એક જણો આવીને કહે, "સાંઈરામ, તમે ભૂદેવ છો તો તમાકુનો મંત્ર સંભળાવો સ્યો..!" મેં ઘડીક વિચાર્યું કે અમારા કોઈ વડવાઓએ તમાકુના મંત્ર બનાવ્યા નથી, પણ ચાહકનો ચા ઉપર હક હોય છે એમ એને રાજી રાખવા મેં તમાકુનો મંત્ર ભણ્યો.

તમાલપત્રમ્, હસ્તમ્, ગ્રહીત્વા, ચુનાર્પણમ્ અસ્તુ,
અંગુષ્ઠાયામ ઘુષ્ટમ્ ઘુષ્ટમ્ ઓષ્ઠમ્ સમર્પયામી.

અર્થાત્ તમાકુને હાથમાં મધ્ય ભાગમાં ધારણ કરવી. 'મમ' કહીને નખ વડે ચૂનો લેવો, અંગૂઠા વડે ઘુષ્ટી કરીને એકાદ તાલી પાડી વાતાવરણને થોડી તમાકુ અર્પણ કરી ડાબી બાજુના હોઠની દબાવીને ચપટી ભરીને મૂકી દેવી જેથી સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે.

તમાકુનો મંત્ર સાંભળીને બીજો ચાહક કહે તો બીડીનો બાકી થોડો રખાય? મેં બીડીનો મંત્ર સંભળાવ્યો.

બીડીપત્રમ્ મુખમ્ ગૃહીત્વા, અગ્નિ પ્રગટાભ્યામ્ અસ્તુ,
ધુમાડસ્ય ગોટે ગોટેમ્ કૅન્સરસ્ય સમર્પયામિ.

પછી તો મને શ્લોકની આખી લાઇન ઊગી. મેં એને જુદા કૉમેડી મંત્રો સંભળાવ્યા.

સિગારેટનો મંત્ર

લંબમ્ લંબમ્ ગોલાકારમ્, શ્વેતવર્ણમ્ દ્વિમુખમ્
ફેફસાં બાળમ્ હાડ ગાળમ્, ફૂંકમ શરણમ્ પ્રપદ્યે!

ગુટકાનો મંત્ર

ગુટકા મુખમ ગરિષ્યામી, ગલોફાસ્ય ફૂલસ્યામી,
મોઢું એનું ન ખૂલસ્યામી, સંભવ કૅન્સર ગળે જીભે.

અમારો મિત્ર એક દિ છાનોમુનો સિગારેટ પીતો'તો. મેં પૂછ્યું કે "ભાઈ, આ કઈ કંપનીની સિગારેટ છે? આ નવી કંપની છે?" તો ચકો કહે, "ના સાહેબ, આ કંપનીના નાકે વીણેલી નોખીનોખી કંપનીઓ છે. ચકો જ્યારે જ્યારે ગુટકા ખાય ત્યારે ગુટકા તોડીને પછી ઊંચું મોં કરીને ગુટકાની ધાર મોંમાં કરે ત્યારે ત્યારે મને એમ થાય કે આ ગુટકા ખાવાવાળા અટાણથી ઈશ્વર તરફ મોં ઊંચું કરીને પ્રભુને કહેતાં હોય છે કે, હે પ્રભુ અમારું ઝટ ઍડ્વાન્સ બુકિંગ રાખજે. હું ગુરુકૂળમાં ભણ્યો છું એટલે મને ધાણાદાળનું પણ વ્યસન આજ સુધી નથી અને એટલે જ હું આ વાત લખી શકું છું કે હે દોસ્તો, તમારે જે વ્યસન કરવું હોય ઈ તમને છૂટ છે. પણ મારી એક વાત યાદ રાખજો કે તમારા ઘરનાં તમામ પાત્રો મા, પત્ની, બહેન કે દીકરી આ ચારેયને તમે એક રાઈભાર પણ ચાહતા હો તો આ ચારેય જે વ્યસનની હા પાડે ઈ વ્યસન કરજો. દારૂની પ્યાલી હાથમાં લેતી વખતે તમને તમારી જુવાન દીકરી કેમ દેખાતી નથી? સો રૂપિયાનું સિગારેટ પાકીટ ખરીદતી વખતે આ સો રૂપિયા કમાવા માટે બાપુજીએ પાડેલો પરસેવો કેમ યાદ નથી આવતો? ગુટકાનું મોઢું ખોલતી વખતે ઘરના ઝૂલમો સહન કરીને મોઢું સીવીને બેઠેલી પત્ની કેમ ભુલાઈ જાય છે? માવાની ફાકી ચોળતી વખતે તમને કેમ યાદ નથી આવતું કે તમે તમારાં સંતાનોના છત્રને ઘસી રહ્યા છો. પરિવારનાં પાત્રોનો વિચાર કર્યા પછી પણ તમે જો કોઈ વ્યસન કરી શકો તો ખરેખર તમે ભૂલથી માણસ થઈ ગ્યા છો.

હાઉકલી

જિંદગી ગલ્લા ઉપર ગાળી તમે,
અરમાનોની લાશને ઢાળી તમે.

મદિરાને દુલ્હન બનાવી છે તમે,
ને બનાવી બીડીને સાળી તમે.

દારૂ પીને એવા તો ખખડી ગયા,
છો હવે પાવાગઢી તાળી તમે.

વર્ષ લીલા ગાંજામાં ફૂંક્યાં તમે,
લ્યો હવે સુકાયેલી ડાળી તમે.

બાગ ઘરનો કેવો ઉજાડ્યો તમે,
સાવ બંજર ધરતીના માળી તમે.

કોઈ જેમાં ખાવા પણ રાજી નથી,
કાટેલી પિત્તળની થ્યા થાળી તમે.

જિંદગીની ભૂલ છેલ્લી એ કરી,
વાત 'સાંઈરામ'ની ટાળી તમે.

વોટ્સએપનું મહાભારત

મહાભારતના કાળમાં જો મોબાઇલ અને વોટ્સએપ હોત તો? જુદાં જુદાં પાત્રોના વોટ્સએપ ચેટ કોપી પેસ્ટ કરીને જસ્ટ ફોર ફ્ન કેવા કેવા હોત, વિચાર્યા વગર વાંચજો પ્લીઝ:

ભીમ ચેટ્સ હિડિંબા

ભીમ: “હાય હિડુ?”

હિડિંબા: “હાય ભીમુ?”

ભીમ: “ઘટુ કયાં છે? (ઘટુ-ઘટોત્કચ)”

હિડિંબા: “કલાકમાં દસ વાર પહાડ ચડ્યો ને ઊતર્યા. જસ્ટ પ્લેઇંગ.”

ભીમ: “ઓપ્સ..! ટેં થઈ ગ્યો હશે?”

હિડિંબા: “બકા, આપણો છોકરો છે, થાકે? પહાડ થાકી ગ્યો છે.”

ભીમ: “ઓહ! આઇ લવ માય કિડ ઘટુ!”

હિડિંબા: “ઍન્ડ આઇ લવ યુ ટુ જાન!”

ભીમ: “લંચમાં શું બનાવ્યું છે?”

હિડિંબા: “બે હજાર રોટલા ને સાતસો કિલો બટાકાનું શાક.”

ભીમ: “હમમમ્! આપણને ત્રણેયને થઈ જશે?”

હિડિંબા: “ના ભીમુ, આ તો ઘટોત્કચનું લંચ છે, આપણું હવે બનાવું છું.”

ભીમ: “થાકી જાશને જાન! આઇ નો!”

હિડિંબા: “પ્યાર કિયા તો થકના ક્યા? મોબાઇલ મૂકો રાંધવા દો.”

ભીમ: “ઓકે જાન... લવ યુ હિડુ!”

શિખંડી ચેટ્સ ભીષ્મ

શિખંડી: “હાય, ભીષ્મ સર?”

ભીષ્મ: “સૉરી, આઇ ડોન્ટ સેવ યોર નંબર... આપ કોણ?”

શિખંડી: “આઇ એમ બિગ ફેન ઑફ યુ સર.”

ભીષ્મ: “નેઇમ પ્લીઝ?”

શિખંડી: “નામ મેં ક્યા રખ્ખા હૈ સર! આઇ લવ યુ!”

ભીષ્મ: “વોટ? આર યુ ક્રેઝી!”

શિખંડી: “સૉરી, બટ સર, આઇ બોવ લવ યુ!”

ભીષ્મ: “હુ આર યુ સ્ટુપીડ? મૅસેજ નેઇમ. વન્ના બ્લોક યુ.”

શિખંડી: “ગેસ માય નેઇમ પ્લીઝ જાનુ!”

ભીષ્મ: “અંબા?”

શિખંડી: “નો”

ભીષ્મ: “અંબાલિકા?”

શિખંડી: “નો નો!”

ભીષ્મ: “અંબિકા?”

શિખંડી: “સ્ટીલ નોટ!”

ભીષ્મ: “દ્રૌપદી?”

શિખંડી: “નો નો... આઇ એમ શિખંડી ભીષ્મ સર!”

ભીષ્મ: “બ્લોક્ડ પરમેનેન્ટલી”

રાધા ચેટ્સ વિથ કુબજા

રાધા: “હેય કુબજા, અમારું બ્રેકઅપ કરાવીને કોઈના લવરને આ રીતે છીનવી ન લેવાય? ધિસ ઇઝ નોટ મેનર.”

કુબજા: “એવરીથિંગ ઇઝ ફેર ઇન લવ ઍન્ડ વૉર રાધુ બકા.”

રાધા: “બટ, ક્રિશ્ના અમને લવ કરે છે, ઈ કોઈ દી તારો નહીં થાય.”

કુબજા: “ઈ નહીં થાય મિન્સ? થઈ ગયો બકા! વી જસ્ટ મેરિડ ઓકે.”

રાધા: “ઉપ્સ! તારું ડાચું તો જો અરીસામાં! એકેય બાજુથી તું ક્રિશ્નાની વાઇફ જેવી નથી લાગતી.”

કુબજા: “લવમાં ડાચું નહીં ડેરિંગ જોવાય છે બકા!”

રાધા: “તારા જેવી તો અમારા બરસાનામાં કામવાળી છે ઓકે? યુ ચીટ માય ક્રિશ્ના!”

કુબજા: “બ્લોક્ડ રાધા”

રુક્મિણી ચેટ્સ રાધા

રુક્મિણી: “હાય રાધા! ઘણા સમયે ઓન લાઇન થઈ!”

રાધા: “યા રુકુ! નેટ બંધ હતું. ગોકુળ તમારા દ્વારકાની જેમ વાઇફાઇ ફ્રી અને હાઇફાઇ નથી યાર!”

રુક્મિણી: “બૅલેન્સ તો છેને?”

રાધા: “અમારું ભવોભવનું બૅલેન્સ તો તારી પાસે છે રુકુ! યુ નો ઇટ! હવે અમને બૅલેન્સ રિચાર્જ કોણ કરાવે?”

રુક્મિણી: “કેન આઇ હેલ્પ યુ રાધા?”

રાધા: “નો ઇટ્સ ઓકે રુકુ. ક્રિશ્ના ગયા પછી કોઈની પણ હેલ્પ વગર જીવવા ટેવાઈ ગ્યા છીએ. કાનો ઓ.કે. છે? અમને યાદ કરે છે?”

રુક્મિણી: “એ તને ભૂલ્યો જ નથી રાધુ! યુ આર અ ટુ લવર.”

"એક વાર તું કાનાને મળી જાને. તું કહે તો હું હેલિકૉપ્ટર મોકલું?"

રાધા: "થેંકસ રુકુ, પણ એ શક્ય નથી. ક્રિશ્ન અમને છોડીને ગયો છે. આવવું હોય તો ઈ ગોકુલ આવે, અમે તો એની યાદમાં રાખ થઈને ઊડી જાશું?"

રુકિમણી: "પ્લીઝ રાધુ, પ્રેમમાં જીદ ન હોય."

રાધા: "સૉરી રુક્મિણી, જીદ પ્રેમમાં જ હોય, સમાધાન તો લગ્નમાં હોય. બાય! JSK .

હાઉકલી

મયખાને મેં આઉંગા પર પીઉંગા નહીં સાકી,
યે શરાબ મેરા ગમ મિટાને કી ઔકાત નહીં રખતી.

મામા મોજનું ATM

વૅકેશન પૂરાં થયાં અને ભણતરનાં સફોકેશન શરૂ થયાં. વૅકેશનને હું મામા મહિનો કહું છું. ઘરવાળી જયારે વૅકેશનમાં પિયર જાય છે ત્યારે પતિદેવોને જે રોમેરોમ આનંદ થાય છે એ અનુભૂતિ શબ્દોમાં સમાવવી શક્ય નથી. અતુલના હોઠ સૂજી ગયેલા જોઈને મેં પૂછ્યું કે, કેમ કાંઈ ડખો થયો? અતુલ કહે કોઈને કહેતો નહીં સાંઈ, ઘરવાળીને રેલવે સ્ટેશન પિયર માટે વળાવવા ગ્યો તો એમાં હરખમાં ને હરખમાં ટ્રેનના એન્જિનને 'બકી' ભરાઈ ગઈ!

પતિદેવોને જે સાળો આખા વર્ષ દરમિયાન ઝેર જેવો લાગતો હોય છે એ વેકેશન આવતાં અમરતના ઝાડ જેવો ભાસે છે, કારણ સમગ્ર પૃથ્વી ઉપર આ એક જ મહાશય એવા છે જે પતિદેવોને લાંબી પેરોલ આપવા સક્ષમ હોય છે.

'મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે!' આ વાક્ય બોલ્યા વગર કોઈનું બાળપણ પૂરું થયું જ ન હોય. મમ્મીના ભાઈને મામા કહેવાય એ તો સામાજિક વ્યાખ્યા છે. ભાણિયાવના મતે મામા એટલે ચૉકલેટ, બિસ્કિટ, ગોલા, કુલ્ફીના શૉપિંગ મોલ. મામા એટલે મોજ અને મસ્તીનું A.T.M. મામા એટલે એક એવો જાદુઈ જીન જે ભાણિયાઓની તમામ ડિમાન્ડને વહાલપૂર્વક પૂરી કરવા સક્ષમ વ્યક્તિ. દરેક ભાણિયાને મન એના મામા ડોરેમોન, શક્તિમાન, સ્પાઇડરમેન કે સુપરમેન કરતાં વધુ શક્તિશાળી હોય છે.

મામા કોઈ પણ ભાણેજને એટલે પણ ગમે છે, કારણ કે આ ધરતી ઉપર એક મામા જ વ્યક્તિ છે જે ભાણિયાવને લેસનનું ટૅન્શન દેતા નથી. એબીસીડી આવડી કે નહીં? અગિયાર એકાના કેટલા પાડા પાકા કર્યા? ટકા કેમ ઓછા આવ્યા? અવયવ કે લ.સા.અ. કેમ નથી આવડતો?

તારા અક્ષર કેમ આટલા બધા બોગસ છે? આ કવિતા કેમ પાકી નથી કરી? આવા કોઈ પણ ખરખરા મામા કરતા જ નથી. મામા ને ભાણાનો પ્રેમ બહુ વિશુદ્ધ છે અને આ પ્રેમમાં વચ્ચે ક્યાંય માર્કશીટ, ટકાવારી, સ્કૂલ કે ભણતર આવતું નથી. એટલે જ તો મામા-ભાણેજનો પ્રેમ આદીઅનાદી કાળથી અખંડ-અણનમ છે.

મામા ભાણિયાવના દરેક લાડને વહન કરે છે અને સહન કરે છે. મહાભારતમાં કૌરવોના મામા શકુનિ ભલે જગતને વિલન લાગે, પરંતુ એક મામા તરીકે એ આજીવન ભાણિયાવના પક્ષે જ રહ્યા. એ જ તો મામાની મજા છે કે એ પોતાના ભાણિયાવના હિત માટે ભગવાન સાથે પણ લડી લેવાની તાકાત ધરાવે છે. મામા-ભાણેજનો પ્રેમ ''આઇ લવ યુ' શબ્દનો મહોતાજ નથી હોતો. સામાજિક રીતે 'મામો બનવું' એ કદાચ હાંસીપાત્ર હોઈ શકે પણ પરિવારમાં 'મામો બનવાનો' રાજીપો સવિશેષ હોય છે.

બાળપણને રિવાઈન્ડ કરો. મામાનો ભાણો ઈ તો ગામનો ભાણો કહેવાતો. મામાના નામે કરિયાણાની દુકાનેથી મુઠ્ઠી ભરીને મોસંબી-પિપર લઈ આવતા યાદ કરો! મામાના નામે

જ મસાલાવાળું ગુલકંદ નાખેલું પાન બાકીમાં ખાઈ આવતા યાદ કરો! મામાના નામે કલાક ભાડે લીધેલી સાઇકલ દોઢ કલાક પીદુડતા યાદ કરો! મામાના નામે પેલી ગોટીવાળી સાદી સોડા જે ખૂલતી વખતે ચંપક...! જેવો અવાજ કરતી ઈ છાનીમુની પી આવતા યાદ કરો! મામાના નામે કપડા ધોવાના ધોકાથી ક્રિકેટ રમીને ગામના લગભગ ઘરના કાચ ફોડી આવતા યાદ કરો! આપણા દેશ ઉપર ભલે કોઈ પક્ષના રાજ આવ-જા કરે, પણ આપણા માનસપટ ઉપર અને બાળપણ ઉપર તો વર્ષોથી 'મામા-સરકાર' બિરાજે છે.

એ પણ કોઈ વિરોધપક્ષ વગર હોં! મા અને મામાનો સમાનાર્થી શબ્દ મને મારી જીવનની ડિક્સનરીમાંથી આજલગ જડ્યો નથી અને ખરું કહું તો મારે ગોતવો પણ નથી.

એક પણ બાળકને નિશાળે જાવું ગમતું જ નથી. આ કેવી સિસ્ટમને આપણે ફોલો કરી રહ્યા છીએ? ભેંકડા તાણીને રડતાં રડતાં બાળકને ઢઈડીને વાલીઓ નિશાળે મૂકવા આવે છે. પહેલાં ઘોરણના ક્લાસરૂમને જો 'મામાનું ઘર' ટાઇટલથી જાહેર કરવામાં આવે અને પહેલા ધોરણના શિક્ષકને બાળકો 'મામા' કહીને જ બોલાવે તો? બાળકો ગોતવા જાવા નહીં પડે, સામેથી મામાના ઘરે આવશે. આ માત્ર શિખામણ નથી આપી, મારી ગોંડલની શાળા નંબર પાંચમા 'મામાનું ઘર' આજે પણ છે જ! ક્યારેક આવજો ભાણિયાવ પણ તમારા ખર્ચે?

હાઉક્લી

સ્ત્રીઓ ફૂટબૉલ નથી રમતી, કારણ કે નેવું મિનિટ સુધી આખી ટીમ એકસરખાં કપડાં પહેરી જ કેમ શકે માટે?

સાઢુ V/S સાળો

કહેવતો અને રૂઢિપ્રયોગો એ આપણી વાતચીતમાં માતૃભાષાનાં આભૂષણો છે, પરંતુ વોટ્સએપ અને ફેસબુકના ચેટિંગમાં એક આખા વાક્યને ત્રણ વાર ફ્રેક્ચર કરીને ત્રણ-ચાર કટકે લખતી આખી એક જનરેશનને નેવું ટકા કહેવતોની તો ખબર જ નથી ઍન્ડ વેલ એને ઈ જાણવામાં રસ પણ નથી, ત્યારે ચલો આજ કુછ તુફાની કરતે હૈં. જૂની કહેવતોના નવા સંદર્ભમાં અર્થ સમજાવીને અને સાથોસાથ મને ઊગી એવી ભળતી નવી કહેવતો આજ હોલસેલમાં મોકલું છું. આમ કરવાનો એક માત્ર હેતુ આપને હસાવવાનો છે. કોઈએ ભળતી પાઘડી પહેરી લેવામાં ઉતાવળ ન કરવી, આમાં કોઈએ માઠું નહીં લગાડવું. જસ્ટ ચીલ હોં!

◈ **બોલે એના બોર વેચાય**

(**અર્થ:** જેને બોલતા આવડે ઈ વ્યક્તિ ક્યાંય ફેલ ન જાય.)

નવી કહેવત: નાચે એ સૌને દેખાય. ક્રિકેટર થાકે એટલે કૉમેન્ટેટર થાય.

◈ **ડાહી સાસરે જાય ને ગાંડી શિખામણ આપે**

(**અર્થ:** નિષ્ફળ કે ઓછી બુદ્ધિવાળો સફળ માણસને શિખામણ આપે.)

નવી કહેવત: મલ્લિકા શેરાવત બ્રહ્મચર્ય પર વ્યાખ્યાન આપે.

મૉરલ ઑફ ધ . સ્ટૉરી: ડાહી સ્ત્રીઓ હવે સાસરે જાય છે ખરી? ઈ યા તો ઘરજમાઈ ગોતે છે યા તો પરણીને સીધી અલગ થઈ જાય છે. આમાં સાસરું વૅન્ટિલેટર ઉપર હોય છે.

◈ **બકરું કાઢતાં ઊંટ પેઠું**

(**અર્થ:** નાની મુશ્કેલી દૂર કરવામાં મોટી તકલીફ ઘર કરી ગઈ.)

નવી કહેવત: સાઢુ ગ્યો અને સાળો આવ્યો.

મૉરલ ઑફ ધ સ્ટોરી: એક પતિદેવે ડિવોર્સ લેવા માટે લેડીઝ વકીલ રાખી. બે વર્ષ કેસ ચાલ્યો અને એ પતિદેવે જૂની પત્ની સાથે છૂટાછેડા લઈ આ વકીલ સાથે બીજાં લગ્ન કર્યાં.

◈ **સંપ ત્યાં જંપ**

(**અર્થ:** એકતા હોય તો શાંતિ હોય.)

નવી કહેવત: સાઇકલ ત્યાં પંપ / ક્રિકેટ ત્યાં સ્ટમ્પ / અણ્ણા હજારે હોય ત્યાં ઉપવાસ / કેજરીવાલ હોય ત્યાં ગુલાંટ / સલમાન ખાન હોય ત્યાં લફરું

◈ **રાજા વાજાં અને વાંદરાં ત્રણેય સરખાં**

(**અર્થ:** આ ત્રણેય ગમે ત્યારે ફરે અને ગમે ત્યારે ફગી જાય)

નવી કહેવત: નેતા-અભિનેતા અને ક્રિકેટરો ત્રણેય સરખા. ઘરવાળી, સાળી,

બાજુવાળી ત્રણેય સરખાં.

◈ **સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય**

(**અર્થ:** તનતોડ મહેનત કરે એને સફળતા અવશ્ય સાંપડે)

નવી કહેવત: ભિખારી ભૂખ્યો ના રહે જે શેરીયે શેરીયે ગાય / એ ક્રિકેટર કંગાળ ન રહે જેને બુકી હોય સહાય / એ હીરોઇન નવરી ના રહે જેને પ્રોડ્યુસરથી પ્રીત બંધાય.

મોરલ ઑફ ધ સ્ટોરી: આ સિદ્ધિ કોઈ કન્યાનું નામ નથી, પ્લીઝ, ડોન્ટ મિસ અંડરસ્ટેન્ડિંગ. પહેલાં જે પરસેવે નહાય પછી એના ઘરમાં સ્વિમિંગ પુલ થાય.

◈ **બગલમાં છૂરી અને ગામમાં ઢંઢેરો**

(**અર્થ:** પેટમાં પાપ હોય અને મોઢા ઉપર સારી છાપ હોય)

નવી કહેવત: હાથમાં માળા અને સેટિંગમાં સાળા / મંત્રીજી ખાદી પહેરે અને પ્રજા હપ્તા ભરે / નેતાઓ સેવા કરે એના સાળાઓ ટેન્ડર ભરે.

મોરલ ઑફ ધ સ્ટોરી: છરી રાખવાનાં બીજાં ઘણાં ઠેકાણાં છે, પણ 'બગલ' આ કહેવત સિવાય કદાચ ક્યાંય કામ લાગી નથી એટલે 'બગલમાં છૂરી' એમ લખેલું છે, કારણ ખૂબ ઠંડીમાં બગલ માત્ર અદપ વાળવા જ ઉપયોગી છે. વળી પૈસાપાત્ર લોકો 'બગલ સ્પ્રે' પણ વાપરે છે.

◈ **વાસીદું વાળવામાં સાત જણાને કામે લગાડે**

(**અર્થ:** સક્ષમ ન હોય એવી વ્યક્તિને કામ સોંપો એટલે ઈ બીજા લોકોને પણ ગોટે ચડાવે.)

નવી કહેવત: યુવરાજસિંહ બૅટિંગ કરે અને ટીમ આખી આરામ કરે. / સાવરણાવાળા ભાષણ કરે અને દેશ આખો દાંત કાઢે. / તોફાની છોકરાં નિશાળે જાય ને સાહેબ રજા મૂકી ને ઘરે ભાગે. / એંશી વર્ષનાં માજી પિઝા ખાવા જાય ને દાંતનું ચોકઠું ઘરે ભૂલી જાય.

મોરલ ઑફ ધ સ્ટોરી: હવે તો સાજી નરવી વહુઓ પણ વાસીદાં વાળતી નથી, કારણ કે ભણવાની લીટી સુધી ભણેલીગણેલી વહુવારુઓને શેરી વાળવામાં શરમ આવે છે. યુ.નો.! હા, બબીતા જેવી નટખટ ભાભી વાસીદાં વાળે તો શેરીના સાત જેઠાલાલ ઉર્ફે જેઠિયા બે ઘડી રોકાય ખરા! હજી તો કેટલીય કહેવત બાકી છે.

હાઉકલી

એ મદારી ડંખમાં ગુજરી ગયો,
નાગ નહીંતર સાવ પાળીતો હતો.

ઘરવાળી V/S બાજુવાળી

સમગ્ર ગુજરાત રાજ્યમાં દસમા ધોરણમાં એકાદ લાખ વિદ્યાર્થીઓ જ્યારે ગુજરાતી વિષયમાં નાપાસ થયા હોય, જાણે ગણિત અને વિજ્ઞાનની ટકાવારીના તાંડવે માતૃભાષાની છાતી ઉપર જાણે જીવલેણ નાટારંભ આદર્યો હોય એવાં દૃશ્યો દેખાઈ રહ્યાં છે. દસમાંથી આઠ વિદ્યાર્થીને ડૉક્ટર થવું છે. ભાષાના શિક્ષક થવાનું કોઈને ભૂલથીયે સ્વપ્નું નથી આવતું. ઊલટાના જેને પોતાની ગમતી ફૅકલ્ટીમાં ઍડ્મિશન ન મળે પછી કોક સૂચન આપે કે તો પછી P.T.C. કે B.ED. કરાવી લ્યો, દીકરીની સગાઈ થાય ત્યાં સુધી ટાઇમપાસ થઈ જાશે. આવા ટાઈમપાસ શિક્ષકો દ્વારા અપાતા મૂલ્યહીન અને ગોખણિયા શિક્ષણે માતૃભાષાની ઘોર ખોદી નાખી છે ત્યારે ગુજરાતીની સદાબહાર કહેવતો જરાક નવી સ્ટાઇલમાં!

◈ **અધૂરો ઘડો છલકાય વધારે**

(અર્થ: અલ્પ જ્ઞાનવાળો પ્રદર્શન વધુ કરે.)

નવી કહેવત: I.P.L. નો ક્રિકેટર ઍડ વધુ કરે / આઇટમ ગર્લના ઉપાડા ઝાઝા / તલાટી મંત્રીનાં સગાંવાલા ઝાઝા / સરકારી શિક્ષકને શિક્ષણ સિવાયની કામગીરી ઝાઝી.

મોરલ ઑફ ધ સ્ટોરી: દિખતા હૈ સો બિકતા હૈ એના કરતાં એમ કહેવા દો કે ચિખતા હૈ સો બિકતા હૈ. અમુક લોકોને હેડલાઇનમાં રહેતા મસ્ત આવડતું હોય છે. અને ન્યૂઝ ટી.આર.પી.થી એ સાબિત થઈ ગયું છે કે તમને નોનસ્ટોપ બફાટ કરતા આવડે તોય આ દેશમાં તમારું હાલે હોં! છેને બાકી કમાલની જનતા! જ્યાં વિદ્વાનોની લોન પાસ ન થાય ને ડફોળો બૅંકના ડિરેક્ટર બને.

◈ **પારકી મા જ કાન વીંધે**

(અર્થ: અમુક વસ્તુ પારકા દ્વારા જ શીખી શકાય.)

નવી કહેવત: શ્રેષ્ઠ ઘરવાળી સદાય બાજુવાળી / શ્રેષ્ઠ દીકરો સદાય પાડોશણનો / ફોરેનના સર્વે સૌને વહાલા, શાસ્ત્રની વાતો એને લાગે છે ભાલા / ફોરેનર કહે ઈ સદૈવ સાચું / ફોરેનર કરે ઈ ફૅશન પછી ભલે ને થાય સફોગેશન.

મોરલ ઑફ ધ સ્ટોરી: હવે કાન વીંધાવે છે કોણ? લગભગ હાઇફાઇ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલોમાં બંગડી અને ચાંદલા કરવાની પણ મનાઈ છે. વળી, દીકરી મૉડર્ન થઈ ગયાનો વાલીઓને હરખ છે. દીકરો ડૉક્ટર થઈ જાય એનો સૌને હર્ષ છે, પણ દીકરાને રામાયણનું એક પાનું વાંચવાનું પણ મન નથી થયું એનો કુટુંબમાં કોઈને રંજ પણ નથી. બીજી વાત, હવે આજે પોતાની માની સાચી વાત કોઈનાથી સહન નથી થાતી એમાં પારકી માની વાત કેમ સહન કરશું? ત્રીજી વાત, મા કદી પારકી હોય?

◈ **જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી**

(અર્થ: અનુભવ જેવો શ્રેષ્ઠ શિક્ષક કોઈ નથી.)

નવી કહેવત: જ્યાં ન પહોંચે અનુભવી ત્યાં પહોંચે નવી / જ્યાં ન પહોંચે ચિંકારા ત્યાં પહોંચે સલમાન / જ્યાં ન પહોંચે ક્રિકેટર ત્યાં પહોંચે બુકી.

મોરલ ઑફ ધ સ્ટોરી: કવિઓની અમારી આખી નાત કલ્પનાથી ભરપૂર હોય છે. ક્યારેક તો અમે અમારી કવિતામાં શિવ, પાર્વતી, બ્રહ્મા, બ્રહ્માણની કે વિષ્ણુ-લક્ષ્મીથી માંડી ૩૩ કોટી દેવતાઓને સ્વર્ગમાંથી બોલાવતા હોઈએ છીએ. આમેય અમારે ક્યાં પેટ્રોલનું ભાડું ચૂકવવાનું હોય છે.

મેં એક વાર ટ્રેનમાં મુંબઈ જતી વખતે બાજુવાળાને કહ્યું કે હું કવિ છું ઈ ભેગું એણે તરત મને કહ્યું કે ભાઈ, હું બહેરો-મૂંગો છું મને રે'વા દેજો! અમારી કવિઓની આખી નાતની એક જ પ્રાર્થના હોય છે કે કોક અમારી કવિતા અને એની વેદના સાંભળો. ઘરમાં તો અમને સમજનારું કોઈ હોતું નથી એટલે અમે ગામને સંભળાવતા હોઈએ છીએ. અનુભવી કવિ કરતાં વન સ્ટેપ અહેડ હોય છે. કારણ અનુભવ એ એક એવો કાંસકો છે જે તમારા તમામ વાળ ખરી જાય પછી તમને પ્રાપ્ત થાય છે.

અને નવી આવેલી વહુની વાત શરૂ કરું? આપણા બાપદાદાઓએ પોતાનાં મા-બાપની ચોઇસ સાથે લગ્ન કરીને જીવન કાઢી નાખ્યાં અને આપણે ઇન્ટરિયા લઈ લઈ પ્રશ્નો પૂછી પૂછીને વહુ લઈ આવ્યા તોય ત્રણ મહિનામાં કોરટના દાવે ચડ્યા! દસમાંથી છ કેસમાં લોચા હાલે છે ત્યારે એમ થાય છે કે આપણા શિક્ષિત સમાજ કરતાં તો આપણા અભણ વડવાઓ જીવનને અને સંવેદનને વધુ સરસ રીતે જીરવી શક્યા છે અને જાળવી શક્યા છે! શું ક્યો છો?

હાઉકલી

દસ કે બાર પાસવાળા મિનિસ્ટર થઇ જાય છે
અને IIT વાળાને જેલ પડે છે.
હવે આમાં ભણવું કે રખડવું?

બુકી V/S ક્રિકેટર

અમારા મિત્ર અતુલને ફૂટબૉલની રમત જરાય ન ગમે, કારણ માત્ર એટલું જ કે એક નાનકડા દડા સાટું આટલા બધા લોકો પાટે પાટે આવે ઈ અતુલથી સહન ન થાય. જોકે, પરણેલાઓ જ્યારે ચાર ફેરા ફરે છે ત્યારે જ એનો ૦-૪થી લાઈફટાઇમ માટેનો ગોલ થઈ જાય છે. રેફરી જેવી પત્નીઓ બિચાકડા પતિદેવોને લાઇફટાઇમ જિંદગીના મેદાનમાં દોડાવ્યા-હંફાવ્યા અને પછાડ્યા કરે છે. ફૂટબૉલમાં 'મુસી' હોય છે અને લગ્નમાં 'હુંસાતુંસી' હોય છે. મૂકોને ફૂટબૉલ યાર. ભારતીયોને સોકરની રમત જોકર જેવી લાગે છે, કારણ કે આપણને ત્યાં તો ક્રિકેટ સિવાય બીજી કોઈ રમતને આપણે રમત ગણવા પણ તૈયાર નથી. અંગ્રેજો ભારતમાંથી ગયા, પરંતુ અંગ્રેજીની અને ક્રિકેટની આજીવન સળગતી ગુલામી આપણને બટકાવતા ગયા. કેવી કરુણતા કહેવાય કે આપણી રાષ્ટ્રીય રમત હૉકીમાં પણ આપણે વિશ્વકક્ષાએ કાઠું કાઢી નથી શક્યા, કારણ કે આપણને રમત રમવા કરતાં રમત પાછળ રમવામાં વધુ મજા આવે છે સમજી ગયાને! એટલે જ તો આપણા દેશમાં એથ્લેટિક્સ વૅન્ટિલેટર પર જીવે છે અને I.P.L. ના જુગાર આસમાન પર! મૂકો ખરખરા જૂની કહેવતોને નવા અંદાજમાં માણો:

જૂની કહેવત: હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલીએ હાથ દઈને આવ્યો.

(અર્થ: કોઈ કામ સાર્થક ન થવું ફોગટ ફેરો થવો.)

નવી કહેવત: સલમાન ખાને ફરી ફ્રૅન્ડશિપ કરી પણ લગન ન કર્યાં. સાવરણાની પાર્ટીએ મહેનત કરી પણ દેશનું ફળિયું ન વળાયું.

મોરલ ઑફ ધ સ્ટોરી: આ ભાવનગરના ઘોઘા બંદરની વાત છે. આ હીરો એ સૂરતની ડાયમંડ બજારનો ઘાટ કે તળિયા કે રફનો હીરો નથી. હીરો છોકરાનું નામ હશે. મને તો એવું લાગે છે કે આ 'હીરાભાઈ' સુરતથી ભાવનગર ઘોઘા પાસેની કન્યા પરણવા આવ્યા હશે અને કન્યા મંડપમાં આવવા ટાણે જ એના પ્રેમી સાથે રફુચક્કર થઈ ગઈ હશે અને હીરાની જાન કન્યા વગર લીલા તોરણે પાછી ફરી હશે. એટલે ત્યારથી કહેવાતું હશે કે હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલીએ હાથ દઈ આવ્યો. આવો કોઈ ઐતિહાસિક ઉલ્લેખ સુરતમાં પણ નથી અને ઘોઘામાંથી પણ ગોતવાની કોશિશ ન કરવી, નહીંતર તમારી હાલત પણ હીરા જેવી જ થશે.

અતુલને પણ ઍક્ટિંગનો અભરખો બહુ હતો. એક વાર અમારા ગોંડલમાં શૂટિંગ હતું. અતુલ ડાયરેક્ટરને મળવા ગયો. હીરોના રોલ માટે વિનંતી કરી. ડાયરેક્ટર કહે હીરોના બાપનો રોલ આપું? અતુલ કહે કે પણ મારી ઉંમર તો હજી પાંત્રીસ વર્ષની જ છે. ડાયરેક્ટર કહે. હા પણ હું તમને ચાન્સ આપીશ ત્યારે તમારી ઉંમર હીરોના બાપ જેવડી જ થઈ ગઈ હશે.

જૂની કહેવત: વડ એવા ટેટા અને બાપ એવા બેટા.

(અર્થ: કૂળના અને લોહીના સંસ્કારો કદી આજીવન જાય નહીં.)

નવી કહેવત: બુકી એવા ક્રિકેટર અને સોદા એવી રમત, કેરી જેવા ગોટલા ને ગોટલા જેવા મુખવાસ, માણસ એવો મોબાઇલ અને મોબાઇલ એવા બિલ, વિજયમાલ્યા જેવા જ યુવરાજમાલ્યા.

મોરલ ઑફ ઘ સ્ટોરી: છોકરાને જોઈ ત્યાં ખબર પડી જાય કે આના બાપા કેવા હશે? એક કેરી હાથમાં લ્યો ત્યાં ખબર પડી જાય કે આખો ટોપલો કેવો હશે? ગામનો ચોરો જોવો ત્યાં ખબર પડી જાય કે ગામ કેવું હશે? જોકે કહેવતમાં વડ એવા ટેટા લખ્યું છે અને હું પણ જાણું છું કે વડ પરથી ટેટા ખાનારી મારા જેવડી કદાચ છેલ્લી પેઢી આ વાત વાંચી રહી છે. હવે તો નર્સરીમાં અઢી અઢી વર્ષનાં ફૂલડાં જેવા બાળકને ઘરે સાચવવાં ન પડે એટલા માટે મા-બાપ પ્લે હાઉસમાં ધકેલી રહ્યાં છે. પ્રકૃતિનો સ્પર્શ હવે કમ્પ્યૂટરમાં ગ્લોઝ પહેરીને કરાવાય છે.

કહેવત: પાડાના વાંકે પખાલીને ડામ.

(અર્થ: કોકના લીધે કોકને સજા.)

નવી કહેવત: ઉંમરલાયક ઍરહોસ્ટેસને લીધે ઍરઇન્ડિયાને નુકસાન / સાસુના સ્વભાવને લીધે પતિ ઉપર બૂમરેંગ / કોન્સ્ટેબલની ફરિયાદે શાહરુખને સજા / ચિંકારાના શિકારે સલમાનના ધજાગરા / B.L.O. ની કામગીરીથી શિક્ષણનું બાળમરણ / શ્રી સંતના પાપે આખી ક્રિકેટની રમતને કલંક / ગરીબ કલ્યાણ મેળાના પ્રતાપે ટી.ડી.ઓ.ને કામ / વડાપ્રધાનને લીધે અધિકારીઓને ઉજાગરા / ફેસબુકને પાપે સાચા મિત્રોને ડામ.

હાઉકલી

જગતમાં બધી વસ્તુઓ આપણને તરત મળી જાય છે,
એક આપણી ભુલ સિવાયા

વાંઢાની સમાજસેવા

તમે જે સીટ ઉપર બેસીને પ્રવાસ કરવા માંગતા હો એની ઉપર રૂમાલ કે થેલી મૂકીને અગાઉ થી રિઝર્વેશન કરાવી લ્યો છો. બસમાં રૂમાલનું રિઝર્વેશન હોય, ટ્રેનમાં ટિકિટનું અને જીવનમાં સગાઈનું! સગાઈની આવી વ્યાખ્યા મેં આપી એ ભેગું જ લગ્નવાછુક મિત્ર ચકાએ આશ્ચર્ય સાથે મને પ્રશ્ન પૂછચો કે ભાઈ, પણ આપણી સીટ ઉપર કોઈ પહેલેથી બેઠું હોય તો? મેં કહ્યું, તો તારા ભાગ્ય ભેરુ!

મારા એક મિત્ર સાથે હું કન્યા જોવા ગયો. કન્યા સુંદર અને સંસ્કારી પરિવારની હતી. કન્યા જોતાં જ મને એમ લાગતું હતું કે મારા ભાઈબંધનું ઘર ગોઠવાઈ જાશે, પણ લાંબા ઇન્ટરવ્યૂ પછી મારા ભાઈબંધે કન્યાને રિજેક્ટ કરી. વિસ્મય સાથે મેં ભાઈબંધને પૂછ્યું કે ગાંડાલાલ, આવી જક્કસ છોકરીને ના કેમ પાડી? નુકસાન તો એના પક્ષે જ હતું. કારણ તો કહે? ભાઈબંધ મને કહે સાંઈ, બધુંય બરાબર હતું, પણ આ છોકરીએ કોઈને આજ સુધી પ્રેમ જ નથી કર્યો એટલે મેં કેન્સલ કરી! મને ઓતરાસ આવી ગયો કે યાર, જનરલી લોકો પ્રેમ કરેલીને રિજેક્ટ કરે તેં કાં ઊંધું વિચાર્યું? મિત્ર મને કહે યાર, જે પચ્ચીસ વરહમાં કોઈની ન થઈ ઈ આપણી શું થવાની? આ લે લે!

તોફાની બારકસ જેવા મુરતિયાઓ પણ જેવી એની સગાઈની વાત શરૂ થાય એટલે 'ભાઈ'લોગમાંથી 'ગાય' જેવા થઈ જાય છે. માવા અને ફાકી ખાઈ ખાઈને કટાઈ ગયેલા દાંત ડેન્ટિસ્ટ પાસે જઈને સાફ કરી આવે છે, જેથી પોતે તદ્દન નિર્વ્યસની છે એવી છાપ સામેવાળાને લાગે.

અમારા કુંવારા મિત્ર ચકાનો ચેક પણ હજી વટાવવાનો બાકી છે. મસ્તીના પૂરના વિશાળ હૃદયના વાચકોને વિનંતી કે યોગ્ય બાયોડેટા મોકલજો તો ચકો ડાળે વળગી જાય. ચકાએ અત્યાર સુધીમાં બેતાલીસ કન્યાઓ જોઈ છે. હમણાં મને કહેતો હતો કે સાંઈ, આપણે ગોંડલમાં જ જે પહેલી કન્યા જોવા ગ્યા'તા ઈ જ મને હવે યોગ્ય લાગે છે, કાંઈક કલાકારી વાપરીને પાછી વાત હલાવોને! મેં કહ્યું ચકા, ઈ કન્યા સામેની સોસાયટીમાં જ રહે છે અને હમણાં એના ઘરે દીકરો આવ્યો. એનાં છોકરાં તો હવે તને મામા કહીને બોલાવશે ભઈલા 'જબ ચીડિયન ખેતી ચુગ ડારે પછી પછતાયે ક્યા હોવત હૈ!'

કુંવારાં તમામ યુવક-યુવતીઓને મોટાભાઈ તરીકે મારી મફત સલાહ છે કે સગાઈનું ટાણું થાય તો સમયસર ગોઠવાઈ જાવું. પસંદગીનાં ધોરણો બહુ ઊંચાં ન રાખવાં. સામે આપણી યોગ્યતા પણ ચકાસતા રહેવું, કારણ કે પછી ઘણી વાર લક્ઝરી બસની અપેક્ષામાં સાદી બસ પણ ઊપડી જાય છે! પછી માત્ર શટલિયાં જ વધે છે સમજી ગયાને!

ચકાની સગાઈ બાકી છે એટલે સોસાયટીના કોઈ પણ સારા કે માઠા પ્રસંગે સેવાભાવી ચકો અવશ્ય હાજર જ હોય. ચકો ઓળખતો ન હોય એવા ઘરે પણ ખરેખરે જઈ આવે છે અને જાણતો ન હોય એવા લગ્નપ્રસંગે વધાવો લખાવ્યા વગર જમી આવે

છે. ચકો આનું કારણ એટલું જ જણાવે છે કે માર્કેટમાં પોતે કુંવારી કન્યાઓની નજરમાં રહેવો જોઈએ બસ! સોસાયટીમાં કોઈની પણ સાળી રોકાવા આવે એટલે ચકાની હેરસ્ટાઇલ અને કપડાંની સ્ટાઇલ બદલી જાય છે. “ભાભી, મહેમાનને લઈને ગામમાં ક્યાંય જાવું હોય તો કહેજો, રિક્ષા લઈને આવી જાઉં?” આવું ઈ સામેથી કહી આવે છે. અમારો કુંવારો ચકો સમાજસેવા સતત કર્યા કરે છે, કારણ એને શ્રદ્ધા છે કે સમાજસેવા કરીશ તો જ કોક દી’ કોઈ એક સ્ત્રીની સેવા મને પ્રાપ્ત થાશે અથવા તો ઘરવાળીની સેવા કરવાનો મોકો મળશે! સગાઈ ટાણે રોમાન્ટિક લાગતી પત્ની પછી રોમ રોમ ઍન્ટિક લાગતી હોય છે. અટાણે ઝટ સગાઈ નથી થાતી તો સગાઈનો લેખ ઝટ એક જ ઝાટકે થોડો પૂરો થાય?

હાઉકલી

યે પૈડ યે પત્તે યે શાખે ભી પરેશાન હો જાયે,
અગર પરીંદે ભી હિંદુ ઔર મુસલમાન હો જાયે.

વારા ચડે કુંવારાના

કુંવારા હોવાનો વૈભવ એક અલગ મિજાજની વાત છે. કુંવારાને દર કલાકે ઘરેથી ફોન નથી વાગતા કે તમે ઘરે ક્યારે આવશો? કુંવારાને ઇચ્છા પડે ઈ શર્ટ પહેરી શકે છે, પછી ભલે એનું એકાદ બટન ન હોય! કુંવારા હોટલમાં પોતાનું ગમતું ભોજન જ ખાઈ શકે છે, જમતી વખતે તમને ડાયાબિટીસ છે એવું કોઈ કહેતું નથી. કુંવારા બાઇક પર પોતાને મન પડે એટલી સ્પીડે ગાડી ભગાવી શકે છે ખભા ઉપર આંગળાઓ દબાવીને કોઈ એની બ્રેક નથી મારતું. કુંવારા ઉપર કોઈ જમતી વખતે કચકચ નથી કરતું. કુંવારાઓને સ્કૂલની ફીની કે એડમિશનની ચિંતા કરવાની નથી હોતી. કુંવારાઓને સાળાની નોકરીની ભલામણમાંથી મુક્તિ મળે છે. કુંવારાઓને સાસરા પક્ષના લોકોને પરાણે સાચવવા નથી પડતા. કુંવારાઓને રૂમમાં જ્યાં ત્યાં નાંખી દીધેલાં મોજાં માટે કોઈ ખિજાતું નથી. કુંવારાઓ બિન્ધાસ્ત રાજાની જેમ જિંદગી જીવે છે અને કૂતરાની જેમ મરે છે. જ્યારે પરણેલાઓ કૂતરાની જેમ જિંદગી જીવે છે અને રાજાની જેમ મરે છે. કુંવારા શબ્દમાંથી 'રા'ને દૂર કરો તો કુંવા જ રહે છે અને 'કું' દૂર કરો તો વારા જ રહે છે. કુંવારાને અલ્લડ મસ્તીના કુંવા જરૂર નહાવા મળે છે, પણ વાતે વાતે વારા પણ ચડે છે.

આજીવન કુંવારા રહેનારા પુરુષો કાંઈ સુખી જ હોય છે, એ વાત સાવ સાચી નથી. અમુક મુરતિયા તો નિર્ણયશક્તિના અભાવે વાંઢા રહી ગયા છે તો અમુક યાદશક્તિના અભાવે પરણી ગયા છે. પોતાના જીવનના કે અધ્યાત્મના નિયત લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કેટલાંક સ્ત્રીપુરુષોને જગતમાં કોઈની પણ લાગણી કે હૂંફની મોહતાજીની જરૂર નથી લાગતી. જે માનસિક રીતે કન્ફર્મ છે એને કુંવારાપણું મોજથી મુબારક. બાકી અંગૂર ખટ્ટે હૈ એમ ગણીને મનમાં સ્ત્રીનો વસવસો લઈને પરાણે બ્રહ્મચારીનો ડોળ કરનારા રહી ગયેલા વાંઢાઓ ઘણાય ભગવા ધારણ તો કરી લ્યે છે, પણ ઈ પછી મંદિરમાં બેઠાં બેઠાં કોકની પત્નીઓને મિસકોલ કર્યા કરે છે. 'બાવાના બેય બગડ્યા' આ કહેવત કદાચ આવા લંપટ લબાડના નબળા જીવનચરિત્ર(?) પરથી જ આવી હશે.

બાકી તો પત્ની શું ચીજ છે એની વાંઢાને શું ખબર હોય? પોઇન્ટ જસ્ટ નોટેડ, પત્ની હરગિજ કોઈ એક ચીજ નથી જ. ખાખરાની ખિસકોલી આંબલીના સ્વાદ શું જાણે? પત્નીના ગેરફાયદાઓનું લાંબું લિસ્ટ કદાચ કુંવારાઓ પાસે હશે, પરંતુ પત્ની હોવાના ફાયદાનું એનાથી પણ મોટું લિસ્ટ મારી પાસે છે. જી હા, પળેપળ તમારી ચિંતા કરતી પત્ની, તમારા વાળમાં મીઠો હાથ ફેરવી વગર ઍલાર્મ તમને વહેલી સવારે વહાલથી જગાડતી પત્ની, એક તાજગીભર્યા સ્મિત સાથે રોજ સવારે આદુંવાળી ચા પાઈને તમારા દિવસને ઉઘાડ આપતી પત્ની, તમારું ગરમ નહાવાનું પાણી, તમારાં ઇસ્ત્રી ટાઇટ કપડાં, તમારા બૂટ, તમારો બ્રેકફાસ્ટ-લંચ ને ડીનર માટે રૉબોટની જેમ ચાર હાથે અવિરત કામ કરતી પત્ની, તમારા એક નાનકડા સ્મિતથી જેનો આખો દિવસનો થાક ઊતરી જાય છે એ પત્ની, સોસાયટીનું કોઈ પારકું બૈરું તમારી સામે વધુ સ્માઇલ આપે તો જાણે સરકારી

જમીન પર દબાણ થતું હોય એમ શબ્દોનું બુલડોઝર લઈને બાઘવા જતી પત્ની, માત્ર ને માત્ર પતિને ખાતર ઘરની ચાર દીવાલોમાં પતી જનારી પત્ની, તમારા લીધે દૂધમાં સાકરની જેમ ઓગળીને પરિવારને મીઠાશ આપતી પત્ની.

પત્ની એક શ્વાસ છે, વિશ્વાસ છે, અહેસાસ છે, એક ખાસ છે. પત્ની માટે એટલે જ તો કહેવાયું છે કે, 'કાર્યેષુ મંત્રી, શયનેષુ રંભા. ભોજનેષુ માતા' સ્ત્રી એક ખુશબૂની જેમ જગતના બાગને મઘમઘતો રાખે છે. ઉપરનાં ત્રણ સૂત્રો અમુક સ્ત્રીઓમાં આઘાંપાછાં થઈ ગયાં છે. આ પણ સનાતન સત્ય છે. સ્ત્રીને સમજવા અને પામવા માટે એને ભરપેટે દિલફાડીને પ્રેમ કરવો પડે, એની આરપાર ઊતરવું પડે. માત્ર લેખ વાંચવાથી સ્ત્રી ન સમજાય ભઈલાઓ.

હાઉકલી

જગતનો કોઈ પુરુષ બે વસ્તુ નથી ઉપાડી શકતો;
એક દીકરીની ડોલી અને બીજી દીકરાની અર્થી.

કલાકાર-કડિયા અને કેરી

રેલવે બજેટની કાગારોળ ચારેબાજુથી સંભળાઈ રહી છે. એક જમાનામાં જે લોકો બજેટ રજૂ કરતા હતા એ બધાંને વિરોધમાં સૂત્રોચ્ચાર કરતાં જોઈને મને ઘણું આશ્ચર્ય થયું. ‘અચ્છે દિન’ની જે એક્સપ્રેસ સીધી ભારતના પ્લૅટફૉર્મ પર આવવાની હતી એ વાયા જર્મની, બ્રિટન, બ્રાઝિલ, યુ.એસ. થઈને ઈ.સ. ૨૦૧૯ની ચૂંટણી પહેલાં જરૂર આવી પહોંચશે એવી શ્રદ્ધા સાથે મુસાફરો પ્લૅટફૉર્મ પર સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં ‘પોરહાવાળા’ની જેમ સ્ટૅન્ડ બાય થઈ ગયા છે.

ખેતીપ્રધાન દેશમાં વરસાદ ખેંચાઈ જાય એટલે લોકોનાં મગજ ખેંચાઈ જાય, મોંઘવારી ખેંચાઈ જાય, લગ્ન ખેંચાય, જમીન-મકાનના સોદા ખેંચાય, ટૂંકમાં આખેઆખો માણહ ખેંચાઈ જાય. તેથી જ લોકસાહિત્યના દુહાઓમાં લખાયું હશે કે:

જેઠ કોરો જાય, એનો ખંડમાંય ખટકો નહીં,
પણ અષાઢનો એક એક દી, અમને વરવો લાગે વેરડા.

મારો જનમ બહુ નાનપણમાં થયેલો. અમરનગર નામના ટચૂકડા ગામમાં અમે બધા ભાઈબંધો વરસાદ ખેંચાય ત્યારે સાથે મળીને ગાતા કે:

આવ રે વરસાદ ઢેબરિયો પરસાદ,
ઊની ઊની રોટલી ને કારેલાંનું શાક.

સમય જતાં હવે શબ્દો બદલાયા છે. રોટલા અને કારેલાં ખાઈ ખાઈને ઈશ્વર પણ કદાચ કંટાળ્યા હશે. એટલે એને પણ જસ્ટ ફોર ચેઇન્જ હવેની પેઢી ગાય છે કે:

આવ રે વરસાદ મન્ચુરિયનના પરસાદ,
પિઝાના રોટલા ને પંજાબી શાક.

મારું માનવું છે કે આપણો ઈશ્વર આપણી ભાષા બરાબર સમજતો હતો. ‘આવ રે વરસાદ’ આપણે ગાતા અને વરસાદ ખાબકતો હતો અને હવે આપણી જ સિત્તેર ટકા પેઢી હાઇફાઇ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલોમાં ભણી રહી છે. જે ગાય છે કે, ‘રેઇન, રેઇન ગો અવે!’ હવે આમાં વરસાદ આવે ક્યાંથી? પહેલાં તો ખેડુ વાવણી કરીને ઘરે પહોંચે ત્યાં આભ ગોરંભાતું, કારણ કે ત્યારે ખેડૂને પોતાની મહેનત ઉપર અને ઈશ્વર ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી અને હવે તો દૂર ચાર ખેતર આઘે મેઘો મંડાણો હોય તોય ખેડુ હાથનું નેજવું કરીને અફસોસ કરતો નજરે ચડે કે, ‘ઈ ન્યાં વરહે આંયા નો આવે!’ ખેડુનો ભરોસો તૂટતો જાય છે એટલે પણ વરસાદ માઝા મૂકતો જાય છે.

હવે રહી વાત અમારી તો ‘કલાકાર-કડિયા અને કેરી’ વરસાદ એનો વેરી વરસાદની મોસમમાં કેરી પાણીના ભાવે વેચાય છે. ચણતરનાં ક્યાંય કામ ન હોવાથી ચોમાસામાં કડિયા પણ ઘરના પ્રસંગો પતાવે છે, તો મહિનામાં પચીસ-પચીસ નાઇટ ભજન-સંતવાણી

કે ડાયરા કરનારા કલાકારો સાવ નવરાધૂપ ઘરે છોકરાં રમાડતા નજરે પડે છે.

અમુક કલાકારો ચોમાસાની મોસમમાં જિમ જોઇન કરે છે અને આખી નાત ઉપર નિશાચર હોવાનું આળ દૂર કરવા પ્રયત્ન કરે છે, તો અમુક કલાકારો પોતાને આખા વરહમાં સન્માનમાં મળેલી શાલ રેંકડીમાં નાખી વેચતા નજરે ચડે છે, તો અમુક ડાયરેક્ટ દુકાનવાળાને અડધા ભાવે વેચી દ્યે છે.

ટૂંકમાં, માર્કેટમાં જેટલી સન્માનનીય શાલ પ્રાપ્ત છે એ તમામ કલાકારો અને દુકાનદારોની વર્ષાઋતુની આદાનપ્રદાનના પરિપાક રૂપે જ છે. હવે આપને સમજાયું પ્રિય વાચકો-શ્રોતાઓ કે કોઈ પણ કલાકાર પોતાની સાલથી થતાં સન્માન વખતે મંદ મંદ હસે છે શા માટે? કારણ કે એ શાલ એ કલાકારે જ દુકાનદારને આપી હોય છે. દુનિયા ગોળ છે અને ગોળમાં જ દુનિયા છે. એક ગામમાં તો ડાયરામાં એક સરપંચ શાલ હાથમાં રાખી ઊભા રહ્યા. મેં કહ્યું, ઓઢાડી દ્યો. સરપંચ કહે પહેલાં સૂઈ તો જાઓ! આ લે લે.

વરસાદની મોસમમાં કેટલાક અમારા કલાકારો જમીન-મકાનના સોદા તરફ વળી જાય છે. ફૂટબૉલમાં ‘ચરણભંગ’ થવાની પ્રબળ શક્યતા હોવાથી ક્રિકેટના રવાડે ચડે છે. મંજીરાવાળા ફિલ્ડિંગ ભરે છે. બેંજાવાળા બૉલિંગ કરે છે. તબલાવાળા વિકેટ કીપિંગ કરે છે અને મુખ્ય ગાયક બબ્બે કલાક બૅટિંગમાં દાવ લ્યે છે અને એ પણ કપડાં ધોવાના ધોકાથી. સીઝનનું બૅટ મંદીની સીઝનમાં કોને પોસાય ભાઈ!

હાઉકલી

ઓણ વરસાદમાં બે વસ્તુ રહી સાવ કોરી કટ,
એક તો આખેઆખા તમે અને બીજો અમારો વટ્ટ.

- રમેશ પારેખ

સગાઈ તજ્જ્ઞ

વરસાદના આગમન સાથે માર્કેટમાં રોકાઈને દબાઈને સુકાઈ ગયેલી સગાઈની વાટાઘાટો પાછી ચાલુ થઈ ગઈ છે. સગાઈ એ આઝાદીના અંતિમ તબક્કાની લડાઈ છે, પણ આ લડાઈની વિશેષતા એ છે કે તે ઉમેદવારોના ખંભા પર બંદૂક કે તોપ મૂકીને લડવામાં આવે છે.

દરેક કુટુંબમાં એકાદ 'સગાઈ વિશેષજ્ઞ' કે 'સગાઈ તજ્જ્ઞ' કાકા કે કાકી હોય છે. જે માર્કેટમાં ગમે એની સાથે ફિટ કરી દેવામાં માહેર હોય છે. વળી પાછું પોતાનું ચોકઠું સલામત રાખે છે. બંને પક્ષની ઓળખાણ કરાવી દીધા પછી આ તજ્જ્ઞ હળવેકથી પોદરામાં સાંઠીકડું મૂકી દ્યે છે કે જો ભાઈ, મેં તો ઠેકાણું બતાવી દીધું, હવે તમારી રીતે તમે ઇન્કવાયરી કરી લેજો. આ તો શું, આંગળી ચીંધ્યાનું પુન છે. આપણે શું કોઈની ચડતી દેગડીમાં પાણો કદી ન મારીએ!

આવા મસ્ત વાક્યપ્રયોગ સાથે આખા કેસમાં ઠેકાણું બતાવી વરરાજાને ઠેકાણે પાડીને પોતે નીકળી જાય છે. પચ્ચીસ-ત્રીસ વર્ષ પછી આ વરરાજા આ સગાઈ કરાવનાર કાકા કે કાકીને જ મનોમન ભાંડતા નજરે ચડે છે કે હે કાકા, તે દી' તમે જો મારી દેગડીમાં પાણો મારી દીધો હોત તો મારે આખી જિંદગી આ પાણા જેવી બાયડી સાથે કાઢવી તો નો પડત! કાકા, તમે પાણો માર્યો હોત તો એટલિસ્ટ ખબર તો પડી જાત કે આ દેગડી જ પાણાની છે. હવે તો સલ્વાણી માતા ગરબે રમે!

સૂક્ષ્મદર્શકયંત્ર લઈને માર્કેટમાં નીકળી પડેલાં લગ્નવાંછુક યુવતીઓ-યુવાનો અને એનાં માતા-પિતાઓએ એક મહાન ચિંતક ફોસ્ટર વુડનું વાક્ય યાદ રાખવા જેવું છે કે 'લગ્નની સફળતા એ યોગ્ય પાત્ર શોધવામાં નહીં, પરંતુ પાત્રને યોગ્ય બનવામાં છે.' દીકરી જે મા-બાપ કરિયાવરમાં સમજદારી અને સંસ્કાર આપે છે ઈ દીકરી એના પતિના આઠ હજારના પગારમાં પણ ઘર ચલાવી લ્યે છે. બાકી કરોડોના કરિયાવર લઈને મોટે ઉપાડે ગામ ગજાવીને સાસરે ગયેલી વહુઓ ત્રીસ લાખના પતિના પગારમાં પણ ત્રીજા મહિને કોરા ચેકની જેમ બાપાના ઘરે રિટર્ન થાય છે.

સગાઈને સફળ બનાવવાની બે-ચાર અદ્ભુત ટિપ્સ તમને મારે સાવ પાણીના ભાવે આપવી છે. સગાઈ માટે કન્યા જોવાનો જે સમય કન્યા પક્ષ તમને આપે એના એક કલાક વહેલા અને કહ્યા વગર ખાબકો, જેથી સાવ ઓરિજિનલ અવસ્થામાં ઘર અને ઘરના સભ્યો ઝડપાઈ જશે. કન્યાને મેકપનો સમય ન મળતાં એની આંખ નીચેનાં કુંડાળાં સ્પષ્ટ જોવા મળશે. કન્યાના બાપા લુંગી પહેરીને ઓસરીની કોરે કાણા-વાળી ગંજીમાં બીડીની ફૂંકું મારતાં ઝડપાઈ જશે. કન્યાનો ભાઈ મોંમાં એકસો પાંત્રીસ તમાકુનો માવો નાખીને ભયંકર કંટાળા સાથે આવનારા મેમાનો માટે પેંડા ચવાણું લેવા જતો પકડાશે. 'જે ચવાણુ અમારી દીકરીએ જ બનાવ્યું છે.' આવું સનાતન જુઠાણું ત્યાં સત્યમાં પરિણમશે.

આળસુના પીર જેવી કન્યાની મા રાંડેલના પેટનું ગંધાતું ગાઉન પહેરીને આખા ઘર

ઉપર રાડારાડ કરતી જોવા મળશે. હવે કલાક વહેલા તમે ઘરે પહોંચશો એટલે ફળિયામાં G.E.B. નાં ખોટાં મીટર પકડવા વિજિલન્સવાળા મિલિટરી સાથે ત્રાટક્યા હોય એવી ભાગાભાગી મચી જાશે. તરત જ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાશે. આ પ્રયોગ લેખકનો સ્વ.અનુભવ નથી. આ પ્રયોગ જેને કરવો હોય તેને પોતાના જોખમે અને ખર્ચે કરવાનો રહેશે. પછી શું શું થઈ શકે એ વિશે લેખક કોઈ બાંહેધરી આપતા નથી.

મૂળભૂત રીતે તો સગાઈ એટલે તમે જે ન હો એ બધું જ બતાવીને સામેવાળાને આપણું પાંત્ર બટંકાવી દેવાનો સાત્ત્વિક વાર્તાલાપ. મારી સગાઈ નહોતી થઈ ત્યારે મારી સોસાયટીના એક ડોશીમા મને ખૂબ પજવતાં. જેવી કોઈની કંકોતરી આવે એટલે મારા કાનમાં કહી જાય કે હવે તારો વારો સાંઈ! છ મહિના મેં સહન કર્યું. પછી કંટાળીને એક દી’ બદલો લીધો. શેરીમાં જેવી એક સ્મશાનયાત્રા નીકળી ઈ ભેગું ડોશીમાને મેં પણ કાનમાં કીધું કે માજી હવે તમારો વારો!

હાઉકલી

આ ‘આવાસ યોજના’માંથી કેમ
વારે ઘડીયે વાસ આવે છે ભઈલા?

સગાઈના નૂસખા

અતુલના કહેવા મુજબ ખરખરામાં જેમ નેગેટિવ માણસનો પૉઝિટિવ ખરખરો કરાય છે, એવું જ સગાઈમાં પણ થાય છે. અમારા મુરતિયાને કોઈ પણ જાતનું વ્યસન નથી એવું સાબિત કરવા માટે આખું કુટુંબ કન્યાપક્ષ સામે ખૂબ મહેનત કરે છે, પણ મુરતિયાના મોઢામાંથી આવતી એકસો પાંત્રીસના માવાની દુર્ગંધ અને એના સડેલ દાંત સરકારનાં કૌભાંડોની જેમ છુપાવી શકાતા નથી. તો વળી કન્યાપક્ષ પણ ધરાહાર એવું સાબિત કરવા મથે છે કે અમારી દીકરી તો ખૂબ સોજી-કહ્યાગરી અને ઘરરખ્ખું છે. જ્યારે વાસ્તવમાં ઈ દીકરી સોજા ચડાવી દ્યે એવી માથાભારે હોય છે. ઘરમાં કોઈના બાપનું માનતી નથી હોતી અને દસ જણાની દાળ તો દૂર પણ 'ચા' બનાવતા પણ એને આવડતું હોતું નથી.

ત્રીસ મિનિટમાં જ બંદૂક બંને પક્ષે ખાલી છે એમ બંને પક્ષે ખબર પડી જાય છે. પચાસ ટકાથી વધારે સગાઈ આમ જ થઈ જાય છે કે આપણને આપણા જેવું મળી ગયું! (ટૂંકમાં, બેય એકબીજાને બટકી ગયા!) સગાઈને સફળ બનાવવી હોય તો સામેવાળાને તમારા ઘર સુધી પહોંચવા જ ન દ્યો, કારણ કે તમારા ઘરની દીવાલો તમારી કંકાસની ચાડી ખાતી હોય છે. વળી, ફવડ બાયુની ગોબરાણ સામેવાળા તરત જ પકડી લેતા હોય છે. વળી અમુક લોકો તમારા સોફા અને પ્લાસ્ટર ઉપરથી બૅન્ક બૅલેન્સનો ક્યાસ કાઢવામાં માહેર હોય છે. દીકરીના મોફાડ જેટલા જ શેટી પલંગના ઓછાડનું માહાત્મય હોય છે. તમારી ડગુમગુ થાતી ટિપાઈ, તમે કંજૂસની કાકડી છો એ વાત ચરિતાર્થ કરી દ્યે છે. જો આવું બધું દૂધનું દૂધ અને પાણીનું પાણી ન કરવું હોય તો પારકે ઘેરે નંદ ભયો જય કનૈયા લાલ કી કરી નાખવું.

મારા ગોંડલમાં તો એક રેડીમેઇડ કાપડની એવી દુકાન છે, જેમાં દર છ મહિને માત્ર બોર્ડ બદલે. અંદરનું બધું એમ ને એમ રહે. મને અચરજ થયું એટલે એક દિ' હું ઈ ઘરાકી વગરની દુકાનમાં ચડ્યો ઈ ભેગું એક ફાંદાળા કાકાએ મને કહ્યું કે સાંઈરામ આવો, તમારેય કુટુંબમાં કોઈની સગાઈ કરવાની છે? મેં પૂછ્યું કેમ? આ કાપડની દુકાન છે કે મૅરેજ-બ્યુરોની? કાકા ક્યે બેયની! મેં કહ્યું કાકા, ગોળ ગોળ ન ઘુમાવો સીધુંસટ્ટ કહો.

કાકાએ ફાકી ચોળીને જવાબ આપ્યો કે આ મારી જ દુકાન છે. હું લગ્નવાંચ્છુક યુવકો માટે ભાડે આપું છું. ગોંડલની આજુબાજુના ગામડાનો કોઈ કામધંધા વગરનો જુવાન અહીં પોતાનું મનગમતું નામ રાખે અને છ મહિના બેસે એટલે આજુબાજુના ગામડામાંથી એની સગાઈ થઈ જાય છે. જેવી સગાઈ થાય કે છોકરો દુકાનનો કબજો મને આપી પાછો ગામડે પોતાના મૂળ ધંધે વળગી જાય. તૈયાર દુકાનમાં થડે બેસી માલિક બનવાનું પંદર હજાર રૂપિયા ભાડું અને સગાઈ થઈ જાય એટલે પચાસ હજાર રોકડા મૂળ માલિકને આપવાના! વળી, છ મહિનામાં સગાઈ નો થાય તો ટોટલ રૂપિયા પાછા! આ આખી કથા સાંભળી મારો તો શ્વાસ અધ્ધરતાલ થઈ ગયો. દરેક શહેરમાં આમને આમ

સગાઈ સાતરા કરાવવાવાળી સ્પેશ્યલ દુકાનો કે શોરૂમ હોય છે. આ તો અમે જેવું હોય એવું મોઢામોઢ સંભળાવીએ અને તમે નથી બોલતા, બસ એટલો જ ફરક છે હોં!

સગાઈ સફળ કરવી જ હોય તો દીકરો-દીકરી જેવાં જુવાન થાય એટલે આખી શેરી સાથે સંબંધો સુધારી લેવા. પાણી માટે હાંડે હાંડે આવ્યા હો તોપણ એને ઘરે બોલાવી ચા-પાણી પીવડાવી દેવાં, કારણ કે અમુક ઍક્સપર્ટ તજ્જ્ઞો પ્રથમ મુલાકાત પછી તમારી સામેવાળાની નેમપ્લેટ વાંચીને પોતાના સોર્સ લગાવી સીધું “આ ફ્લાણાભાઈનું કુટુંબ કેવું છે?” એવું પૂછતા હોય છે. આમ, શેરીના રિપોર્ટની કિંમત C.I.D. ના કે નાણાવટી પંચના રિપોર્ટ જેટલી જ હોય છે.

છોકરીએ માંડ માંડ બારમું ત્રીજા ટ્રાયે પાસ કર્યું હોય તોપણ ટિપાઈ ઉપર રેપિડેક્સ ઇંગ્લિશ અને વિવેકાનંદજીનાં પુસ્તકો મૂકી રાખવાં, જેથી સામેવાળાને એમ લાગે કે કુટુંબમાં પ્રાચીન, અર્વાચીન સંસ્કૃતિનો સુમેળ સધાયો છે!

કન્યાપક્ષવાળાઓને વિનંતી કે શક્ય હોય તો સામેવાળાને ગરમાગરમ પૌવાબટાકા કે પેટીસ કે ભજિયાંનો નાસ્તો કરાવવો. કારણ પામોલિન તેલનું હવાઈ ગયેલું ચવાણું ક્યારેક આવી વાત ચાવી નાખે છે. ફાઇનલ ટીપ ‘સગાઈ થાય કે ન થાય અમારા ઘરેથી જમ્યા વગર નહીં જવાય’ આવો હૃદયપૂર્વક આગ્રહ કરનાર વર કે કન્યાપક્ષવાળાને સામેવાળા એના જ કુટુંબમાંથી બીજો મુરતિયો એક મહિનામાં જ જોવા મોક્લે છે. આમ, તમારી પાંચ જણાની પ્રેમપૂર્વકની મહેમાનગતિ વાઇરલ બની જાય તો વૈકલ્પિક યોગથી પણ તમારાં છોરા-છોરી વાંઢાં ન રહે! બાકી પચાસ ટકા કન્યાઓ એના બાપાના સડી ગયેલા મગજ અને સ્વભાવને લીધે કુંવારી છે. તો પચાસ ટકા છોકરાઓ એની બાના બાધોડકા સ્વભાવને લીધે!

હાઉકલી

તું રૂઠે તો મહોરમ, તું હસે તો ઈદ સાજણ,
તું બીજે તો ભાહરવો ને તું રીઝે તો શ્રાવણ.

જુગારની ગાર

શ્રાવણ મહિનાને અમુક લોકોએ ભકિતના મહિનામાંથી ગાવા-ખાવા અને રમવાનો મહિનો બનાવી દીધો છે. જુગાર શબ્દમાં જ 'ગાર' છે છતાંય બધાં એમાં શું કામ ગોટે ચડેલા છે ઈ મને તો સમજાતું નથી. બાજંદા ખેલાડીઓ રમવામાં વ્યસ્ત છે અને જાણભેદુ પોલીસકર્મીઓ એ શોધવામાં વ્યસ્ત છે. શ્રાવણ મહિનો આવતાં પોલીસકર્મીઓ માટે 'અચ્છે દિન' આવી જાય છે, કારણ કે છાપો મારવાના પણ રૂપિયા મળે છે ન મારવાના પણ!

એક જગ્યાએ જુગારિયાવ ઉપર પોલીસે રેડ પાડી. (વાચકોને જાણવા જેવું. પોલીસ જ્યારે રેડ પાડે છે ત્યારે સામેવાળાની રાડ બોલી જતી હોય છે, પરંતુ કિન્તુ આ 'રેડ' જ શા માટે પડે છે? બ્લૂ કેમ નહીં? કારણ કે હવે તો પાણી પણ બ્લૂ છે. રેફરન્સ ટુ યો યો હની સિંગ... વિચારજો!) પોલીસની રેડમાં ડખ્ખો ઈ થયો કે એક પી.એસ.આઈ.ના સસરા જ ભૂલથી જુગાર રમતા પકડાયા. હવે પી.એસ.આઈ. બરાબરના ફસાયા. સસરાને પગે ન લાગે તો ઘરવાળી આઠમ બગાડે એ ચિંતાએ ડંડો પછાડી પી.એસ.આઈ. ગંજીપો બાંટતા સસરાને પગે લાગ્યા ને બોલ્યા કે, પપ્પા તમે? સસરાએ આશીર્વાદ આપી પટમાંથી (જુગારની ચાલુ બાજીમાંથી) પાંચસો રૂપિયા જમાઈને આપ્યા. આવી રીતે પોલીસની રેડ-ચેલો થઈ ગઈ.

મારા રસીક બગથરિયા નામના મિત્રએ મને સરસ વાત કહી કે જુગારીઓ જ્યારે પકડાય ત્યારે બધે જ પબ્લિસિટીમાં 'જુગારધામ' કાં તો 'અનીતિધામ' પકડાયું આવું છપાય છે! અરે યાર, ધામ શબ્દ આપણી શ્રદ્ધા સાથે જોડાયેલો છે, એટલીસ્ટ એની ઉપર તો જુગાર ન રમીએ. કાં તો ધામમાં જુગાર રમવાનું બંધ કરો યા તો જુગારને ધામ કહેવાનું બંધ કરો! રસીકના મત મુજબ જિંદગી એક જુગાર છે આવું વાક્ય તદ્દન ખોટું છે. કારણ જુગાર પત્તાં ઉપર રમાય છે અને જિંદગી 'પોતાના' પર રમાય છે, દેશના યુવાનોને જુગારી બનાવી દેવાનું એક જબરદસ્ત ષડ્યંત્ર આ મોબાઇલની તીન પત્તી છે. તીન પત્તી એ દેશના યુવાનોની ત્રણ વસ્તુ ચોક્કસ બરબાદ કરીને જ જંપશે, પરિવાર-કરિયર અને ધંધો.

નવમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીથી માંડી નેવું વરહના ડોહલા તીન પત્તીમાં ગરકાવ હોય છે. એક જુવાનને મેં પૂછ્યું કે તું શું કરે છે? ઈ જુવાન કહે બસ, સવારમાં જાગી બ્રેકફાસ્ટ લઈને પછી તીન પત્તી રમું. મેં પૂછ્યું પછી? ઈ કહે પછી શું, બપોરે જમીને પાછો તીન પત્તી રમું. મેં પૂછ્યું પછી? ઈ કહે સાંજે જમીને વળી તીન પત્તી રમું. મારા મગજનો પિસ્ટન ચોંટી ગયો. મેં કહ્યું યાર, તું આખો દી' તીન પત્તી રમવામાં થાકી નથી જાતો? ઈ જુવાન કહે હા, સાહેબ થાકી જાઉં એટલે વળી પાછો તીન પત્તી રમું છું! આ લે લે...!

હું ને મિત્ર દિલદાન બંને ચા પીવા રાજકોટમાં એક હોટલે ઊભા હતા. એટલામાં ત્રણચાર જુવાનિયા વાતું કરતા હતા. એક બોલ્યો કે કાલે જગદીશને પાંત્રીસ લાખ આપી દીધા. દિવ્યેશને અઢાર લાખ આપ્યા પણ કાલે રાતે કોક મારા ખાતામાંથી દોઢ કરોડ

ઉપાડી ગયું. આ સાંભળી મને અને દિલદાનને ધ્રાસકો પડ્યો કે અરે રે... આવડા દાતાર માણસના ખાતામાંથી કોણ દોઢ કરોડ ઉપાડી ગયું હશે? એટલામાં ચાવાળાએ કહ્યું એ જુવાન, તું ચાના રૂપિયા આપી દે અને મહિનાનું બિલ બાકી છે! ઈ જુવાન કહે કાકા, કાલે. આજે કડકાઈ છે. સાલ્લુ અમને બેયને આ ગળે ન ઊતર્યું કે આ જુવાન લાખો કરોડોની વાતુ કરે છે ને વળી ચાનું બિલ બાકી કેમ હોય? મેં ચાવાળાને આ રહસ્યમય વાર્તાલાપનો ભેદ પૂછ્યો ત્યારે ચાવાળાએ બૉંબ ફોડ્યો કે સાહેબ, ઈ તીન પત્તીના બૅલેન્સની વાતુ કરતા હતા. કરોડના બૅલેન્સમાં ત્રણ કિલો ટામેટાં પણ ન આવે. આ સાંભળી મને તો મગજમાં તમ્મર ચડી ગઈ. વળી અધૂરામાં પૂરું ચાવાળો કહે સાહેબ, તમારે તીન પત્તીનું બૅલેન્સ જોતું હોય તોય તો સંબંધમાં આપીશ. મારી પાસે પણ કરોડનું બૅલેન્સ છે!

નવા યુગમાં નવી ફેસેલિટીની સાથે નવાં દુ:ખો અને નવાં નવાં દૂષણોને પણ આપણે સહન કરી રહ્યાં છીએ. પહેલાં કોઈ પૂતળાને જોડાંનો હાર પહેરાવી દેતું એટલે શહેરમાં રમખાણ મચી જાતાં. હવે કોઈ ફેસબુક પર ચાર લીટી લખી નાખે છે અને આપણી લાગણીઓ ભડકી ઊઠે છે. આપણે સડી રહ્યાં છીએ કે સુધરી રહ્યાં છીએ મને તો એ જ સમજાતું નથી. ત્યારે તીન પત્તી ઉપરની મારી કવિતા કદાચ ગમશે એ શ્રદ્ધા સાથે:

મૂકો તીન પત્તી ઉપર તવાઈ મારા ભાઈ,
આ ગેઇમ નથી ખાઉધરી ખાઈ મારા ભાઈ.
યુવાનોને જુગારી બનાવવાનું છે કારસ્તાન
જિંદગી સળગે છે એવું આ સાયબર સ્મશાન,
વિચારોને આવી છે વાઈ મારા ભાઈ...
બૅલેન્સ વેચીને આટલા હરખાવ નહીં રૂપિયા કહેવાય આ હરામના,
પરસેવો પાડીને જીવનારી પરજાને જુગારી જલસા શું કામના? શરમને ક્યાં મૂકી નેવે તેં ભાઈ?
કોઈ ફૂલ મોકલાવે, કોઈ ટેટૂ મોક્લાવે, કોઈ રોજ મોક્લાવે ગધેડો,
દ્રૌપદી વેચાણા કરોડો કપાણા હવે મૂકો જુગારનો કેડો,
તને લાગશે કુટુંબની હાય મારા ભાઈ!
કાં ઘર વેચી નાખો, પરિવાર વેચી નાખો, વેચી દિયો આખ્ખીયે નાત,
ઈશ્વરે મહામૂલું જીવન આપ્યું છે, જીવનનો કરાય કાંઈ આપઘાત!
તને હાથ જોડી વિનવે છે 'સાંઈ' મારા ભાઈ!

હાઉકલી

આપણે છૂટાં પડ્યાં એને વરસો વીત્યાં છે,
તોય હજી મને મારા મિત્રો તારા સમ આપે છે
ને ધાર્યું કામ કરાવે છે!

ચકડોળે ચઢ્યો ચકો

મેળાની જે મોજ કાઠિયાવાડ લૂંટે છે એનું વર્ણન શબ્દોમાં અવર્ણનીય છે. મેળામાં મેળે મેળે માણસો આવે ને મેળે મેળે જાય. કોઈને નગરપાલિકા કે પંચાયત કે સંસ્થા પોસ્ટકાર્ડ લખીને આગ્રહ નથી કરતું કે રવજીભાઈ તમે મેળામાં વહેલા આવજો, તમારા વગર ફજર ફાળકે કોણ બેહશે! રમીલાકાકી તમે નહીં આવો તો મોતનો કૂવો કેમ ભરાશે? ચંપાફૂઈ તમારા વગર બે દિ'ના વાસી પાંઉભાજા કોણ ખાશે? કરશનકાકા તમે નહીં આવો તો ડુપ્લિકેટ દૂધના આ આઇસક્રીમ કેમ બૂટશે? આવો કોઈ પત્ર કે sms કોઈના પર આવતો નથી છતાં બધા સહકુટુંબ મિત્રમંડળ સહિત હોંશે હોંશે પહોંચી જાય છે, એ પણ દિ'માં બબ્બે વાર હોં.

હું, ચકો અને અતુલ અમે એક વાર મેળામાં સાથે ગ્યા'તા. ચકાને નામ પ્રમાણે ચકડોળ બહુ ગમે. આમ પણ તમે માર્ક કરજો કુંવારાઓ ફજર ફાળકામાં વધુ બેસશે અને પરણેલાઓને મોતનો કૂવો વધુ ગમશે. ચકડોળમાં બેસવાથી વાંઢાઓને આખા મેળાની હરિયાળી(?)નાં દર્શન થઈ શકે. જેનાથી પોતાના મેળાનો હેતુ સાર્થક થાય. ચકાએ ચકડોળની જીદ કરી, પરંતુ હું અને અતુલ પરણ્યા ત્યારથી ચકડોળની જેમ જ ઘૂમ્યા કરીએ છીએ. અમે સ્પષ્ટ ના પાડી, પણ ચકો તો પરાણે ચકડોળમાં બેઠો. અમે બાવીસ મિનિટ સામે ઊભા રહીને એની પ્રતીક્ષા કરી.

ચકડોળમાંથી ઊતરીને હોંશે હોંશે ચકો અમને કહે ભાઈ ભાઈ જામો પડી ગ્યો. મોજના દરિયા ને મસ્તીનાં પાટિયાંને માથે બે દોરા હોં! સાંઈરામ, મારી ઉપરના ડબ્બામાં (એટલે કે ચકડોળના ખાનામાં) એક કપલ નાનકડા ટબુડિયાને પરાણે લઈને બેઠું'તું ઈ રાડોરાડ થ્યું એમાં થોડીક મજા બગડી. વળી છોકરાની પાણીની બૉટલમાંથી પાણી લિક થાતું'તું! ત્યાં અતુલ કહે ચકલા, ઈ પાણી ખારું હતું? ચકો હા, અતુલ તને કેવી રીતે ખબર પડી?

અમે બંને હસ્યા. અતુલ કહે સારું થયું તું વેલો ઊતરી ગયો નહીંતર હજી તો ઘન પદાર્થ પણ ઊડતો ઊડતો આવત. ઘનચક્કર મિત્ર ચક્કાને કશું સમજાયું નહીં, પણ અમે એને મોઢું ધોવડાવી સારી ફ્લેવરનો આઇસક્રીમ ખવડાવી દીધો.

પછી અમે ત્રણેય મોતનો કૂવો જોવા ગયા. આ મોતનો કૂવો પતિ-પત્ની માટે પરફેક્ટ બેસતું મેચિંગ છે. પત્ની જાણે ભાંગેલ-તૂટેલ લાકડાની વર્તુળ ખપાઇટ છે અને પતિદેવ સાઇલન્સર વગરનું મોટરબાઇક છે. બંનેએ એકબીજાની ધરી ઉપર જોડાયેલા રહેવાનું છે અને કિલોમીટરની યાત્રા કરવાની છે છતાં જવાનું ક્યાંય નથી. વળી, આખા સમાજને મનોરંજન આપવાનું તો ખરું જ અને લાલચ નામની કોઈ દસની નોટ બતાવે તો સરપ્રાઇઝમાં એને જીવતા જોખમે પોતાના ખિસ્સામાં નાખવાનું કૌવત પણ જબરું હોં!

એક ઉંમર હોય છે મેળામાં બેસવાની, પછી એક ઉંમર આવે છે ગમતાં પાત્રો માટે મેળો જોવાની. પછી એક ઉંમર આવે છે પ્રિય પાત્રોની કે મિત્રોની સાથે મેળો માણવાની.

પછી એક ઉંમર આવે છે બાળકો માટે મેળો કરવાની, પછી એક ઉંમર આવે છે પરાણે મેળામાં જાવાની અને પછી છેલ્લી ઉંમર આવે છે લાઇવ મેળો, ડિસ કનેક્શનમાં ઘરે ટી.વી.માં જોઈ લેવાની!

આ ન ખવાય, આ ન પીવાય એવા આપણે વધારે પડતા હેલ્થ કોન્સિયસ થાતા જઈએ છીએ ત્યારે એવા ચાબલા અને સુગાળવા કહેવાતા વી.આઈ. પી. લોકો માટે મેળો અને મેળાના લોકો ચેલેન્જ છે કે ગમે તે ખવાય અને ગમે તે પીવાય! મેળો લોકજીવનને ધબકતું રાખે છે.

મેળામાં એકસાથે ઘણું બધું સાથે સંભળાતું હોય છે, જેમ કે પાંઉભાજી, પેટીસ, આઇસક્રીમ બોલો ભાઈ, લાલ ટી-શર્ટવાળો જયેશ નામનો બાબો ખોવાયો છે. ચકડોળના વીસ રૂપિયા, પ્લાસ્ટિકના રમકડાં, કટલરી બોલો ભાઈ, મગનભાઈની કૂલ્ફી, રંજનબહેનનું ખીચું, મોતનો કૂવો, દસ દસ રૂપિયામાં ખારી શિંગ, દાળિયા, ચનાચોર, અલ્લાહ કે નામ પે કુછ દે દે બાબા! ફરી પાંઉભાજી પેટીસથી રિપીટ! આ ઘટમાળ કે ઘોંઘાટ છે છતાં વહાલો લાગે છે, કારણ મેળામાં કોઈ મુશ્કેલી કરવા નહીં મુશ્કેલીને ભૂલવા આવે છે માટે!

હાઉકલી

કાનુડાએ કરી છે ફરિયાદ,
'ગોકુળમાં' ફોન એકે'ય લાગતો નથી
અને રાધાની આવી છે યાદ.

કવરેજ હોય ત્યારે કાયમાં હોય રાધા

અને લેન્ડલાઇન પારકાં ઉપાડે,
કેટલાં રિચાર્જ એને મથુરાથી મોકલ્યા
તોય રાધા મારી રિંગ ના ઉપાડે,
SMS **થી દેતી નથી દાદ.**

સંબંધો સાવ ભલે પૂરા થઈ ગયા છે,

પણ મિસ કોલનો વહેવાર તો રાખ,
જૂના મોબાઇલિયા છોડ બધાં રાધાગોરી
સ્માર્ટફોન વાપરવાનું રાખ.

વોટ્સએપ પર કરને એક સાદ

રાધાનું કવરેજ તો ગોકુળથી દ્વારકામાં
કાન્હાને પલ પલ સતાવે.

જિંદગીની સાવ છેલ્લી સાંજે કાનુડા

પર રાધાનો બ્લેન્ક મૅસેજ આવે,
પૂરી થઈ ગઈ સઘળી ફરિયાદ.

ગોકુળમાં ફોન એકેય લાગતો નથી

અને રાધાની આવી છે યાદ.

કૉમેડીના કીમિયાગર – કિરીટ વ્યાસ

ગુજરાતના એક વડીલ હાસ્યકલાકાર કિરીટ વ્યાસનું શરીર શાંત થયું ત્યારે પેલો શેર યાદ આવ્યો કે:

'કૌન કહેતા હે કલાકાર મર જાતા હૈ,
વો તો કબ્રમેં ભી તાલીયો કે ઇંતજાર મેં પાયા જાતા હૈ'

જીવનના છેલ્લા શ્વાસ સુધી કિરીટભાઈએ અનેક દિગ્ગજો સાથે હાસ્યની જુગલબંધી કરી અને ગુજરાતીઓને ભરપેટ હસાવ્યા. એમના રોનકી સ્વભાવ અને શૈલીનાં થોડાં હળવાંફૂલ સંસ્મરણો વાગોળું છું. ઓર્કેસ્ટ્રાના સિંગર તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર કિરીટભાઈ ખૂબ સુરીલા અવાજમાં ફિલ્મી ગીતો એમના છેલ્લા પ્રોગ્રામ સુધી ગાઈ શકતા. એક વાર મેં એમને પૂછેલું કે કિરીટભાઈ, તમે આ ઉંમરે કિશોર'દાની 'હુડલી' કેવી રીતે ગાઈ શકો? કિરીટભાઈ કહે, "બાબલા, તારી કાકીની સાચવણ બહુ સારી એટલે અવાજ પણ ટકી ગયો ને હું પણ! આ એમનું સહજ સેન્સ ઑફ હ્યુમર હતું.

એમનો સુપરહિટ જોક એમના જ શબ્દોમાં યાદ કરાવું તો મારી ઘરવાળી મને કહે કે તમે મુંબઈ જાવ છો તો જો જો હોં કોઈ છેતરી ન જાય. મેં કહ્યું કે શરૂઆત તારી બાએ કરી પછી કોઈને મોકો મળ્યો નથી. લગન પહેલાં બધા જ પુરુષો 'બોબી' જેવા હોય છે, પરંતુ લગન પછી 'ધોબી' જેવા થઈ જાય છે.

કિરીટભાઈ એની મ્યુઝિકલ અદામાં કાયમ એક જોકસ કહેતાં કે નવું કપલ પગમાં ચંપલ પહેરીને બગીચામાં ફરવા ગયું. બંને જણાંએ એકબીજાને ગીતો ગોવાની ઑફર કરી. અકલમઠ્ઠા પતિદેવે પત્ની સામે ગીત લલકાર્યું કે, 'તૂં કિતની અચ્છી હૈં, તૂં કિતની ભોલી હૈ! ઓ મા! ઓ મા!' વળી હરખુડી ઘરવાળીએ સામું ગીત ઉપાડ્યું કે, 'ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના! દેખો યે વાંઢા નિભાના!'

કિરીટ વ્યાસ સંગીત સાથે હાસ્ય પીરસનારા ગુજરાતના બીજા મૂર્ધન્ય હાસ્યકાર ગણાય. આની શરૂઆત રાજકોટના જ જગદીશ પંડ્યાએ કરી જેંની આજે કદાચ લોકોને નહીં ખબર હોય. જગદીશ પંડ્યાએ પેરોડી સોંગ્સની ફેફસાંફાડ સ્ક્રીપ્ટ સાથે ૧૯૬૫થી ૧૯૮૦ના દાયકામાં યુરોપ-અમેરિકાના પ્રવાસો ખેડીને ગુજરાતીઓની હાસ્યભૂખને ઉઘાડી અને વન મેન શો કર્યા હતા. અમિતાભ બચ્ચનના ગીત, 'દે દે પ્યાર દે પ્યાર દે', પરંતુ જગદીશ પંડયાનું એક પેરોડી સોંગ્સ મને હજી યાદ છે.

'દે દે દાળ દે, દાળ દે, દાળ દે રે. દે દે દાળ દે,
દાળમાં ન હોય મીઠું, ન હોય કોકમ, તોય દે દે દાળ દે, દે દે દાળ દે.'

હાસ્યમાં આ પેરોડીની પરંપરાનું કિરીટ વ્યાસે સુપેરે જતન કર્યું અને મારાં અનેક પેરોડી સોંગના પ્રેરણાસ્રોત બન્યા, 'અખંડ સૌભાગ્યવતી'ના ગંભીર ગીતને પણ કિરીટભાઈ

સાવ હળવું કરી નાંખતા કે, 'તને સાચવે તારો પતિ, અખંડ સૌભાગ્યવતી' કિરીટભાઈનો સુપરહિટ જોક્સ હતો, 'સંગમ' ફિલ્મનું 'તેરે મનકી ગંગા ઔર મેરે મનકી જંમના' આ ગીત જો આફ્રિકાના જંગલના માણસો ગાય તો કેવી રીતે ગાય એ કિરીટભાઈ પાસેથી સાંભળવું એ લહાવો હતો કે,

'ઝીંગા લાલા હો, ઝીંગા હે હે! તેરે રે મનકી ગંગા રે બાબા, મેરે રે મનકી જમના ઝીંગા, હો, સંગમ હોગા કિ નહીં ઝીંગા લાલા હો.'

તો વળી આ જ ગીત સવિતાબહેન-રંજનબહેન કે ચંપાબહેન જેવી વર્તુળાકાર ગુજરાતણો ગાય તો લાજ કાઢીને હીંચ તાલમાં તાલી દઈને કેવી રીતે ગાય:

'અમારા રે મનની ગંગા રે લોલ ને તમારા ભાઈના મનની જમના કે સંગમ હોગા કે નહીં રે લોલ'

વળી આટલું ગાતાં ગાતાં કિરીટભાઈ કમરે હાથ દઈને અસલ ગુજરાતણની લચકથી ઠૂમકું મારીને પ્રેક્ષકોની તાલીઓને રીતસર લૂંટતા મેં નજરોનજર જોયા છે. એમના મખમલી કંઠે 'ઝુમઝુમ ઝૂમરૂં' કે ચાહુંગા મૈં તુજે કે સો સાલ. પહેલે કે પછી 'ઘૂંઘરું કી તરહા' આ ગીતો સાંભળવાં એ જલસો હતો. હું કિરીટ વ્યાસને વહાલથી 'કાકા' કહેતો માત્ર એટલે નહીં કે ઈ મારા પિતાશ્રીના મિત્ર હતા, પરંતુ એમનું કલરફૂલ ડ્રેસિંગ હાસ્યજગતમાં રાજેશખન્ના ઉર્ફે 'કાકા' જેવું હતું. કિરીટ વ્યાસ એક સદેખા અને હસમુખા કલાકાર જે એમના ફેવરિટ જોક્સમાં કાયમ કહેતાં કે 'હસબંડ શબ્દ અંગ્રેજી નથી ગુજરાતી છે. પત્ની કહે, હસ અને બંધ એટલે હસબંડ...!'

એક ભાઈએ મને પ્રોગ્રામના ઇન્ટરવલમાં જોરથી ધબ્બો માર્યો ને કે' કિરીટ વ્યાસનો બાબો કે નહીં? મેં કહ્યું ના યાર, કિરીટ વ્યાસ જ છું! તો ઈ ભાઈ કહે લે, હજી આ કરશ?

ગુજરાતી કોમેડી જગતે 'કાકા' ગુમાવ્યા છે, પરંતુ યાદ રાખજો કલાકાર કદી મરતો નથી. તમાકુની તાળી મારીને લોકોની તાળીઓ જીતવાવાળા કિરીટ વ્યાસના જોક્સ જ્યારે જ્યારે કોઈ પણ કલાકાર સ્ટેજ પરથી રજૂ કરશે ત્યારે ત્યારે કિરીટ કાકા જીવતાં થાશે!

આમેય અત્તરિયો તમારી પાંહેથી પસાર થઈ જાય ને તોય એની સુગંધ છોડતો જાય છે.

હાઉકલી

તમારી બહેનોને કરો છો એટલો
જ પ્રેમ બીજાની બહેનોને કરો!

લુંગીનો કલર

હસતાં હસતાં આપણું 'મસ્તીનાં પૂર' આજે દોઢસો અઠવાડિયાનું થઈ ગયું. ચિયર્સ ટુ ઓલ રિડર્સ. આ જલસાની પાર્ટી મારે આપવી જ પડે એટલે લેટ્સ સેલિબ્રેટ. ઇલેવન સ્ટાર હોટલમાં સાઉદી અરેબિયામાં ડાન્સ વિથ ડી.જે.ની પાર્ટી ફિક્સ કરી છે. મારા તરફથી બધાનું રહેવા જમવાનું ફ્રી, પણ જાવાનું છે 'મલેશિયાની ઍરલાઇન્સ'માં! ક્યારે પાછા આવવાનું ઈ નક્કી નથી! ઇન્ટરનેશનલ ઍરપૉર્ટ અમદાવાદ પર આવતા બુધવારે હું રાહ જોઈશ. પાસપોર્ટ સાથે આ વખતનું 'મસ્તીનાં પૂર'નું કટિંગ લાવજો એટલે ટિકિટ કન્ફર્મ! શું કયો છો દોસ્તો! ગપ્પાં મારી મારીને ગાંધીનગરનાં શું મારવાં? ધાપ જ મારવી તો પછી ફોરેન સુધી ન પહોંચીએ? હેઠે સૂવું અને સંકડાશ શું ભોગવવી?

ગોંડલની એક સત્ય ઘટના આજે તમારી સમક્ષ વર્ણવવી છે. હું મારા એક ડૉક્ટર મિત્રને ત્યાં બેઠો હતો. એમાં એક દર્દી આવ્યો. બતકની પાંખ જેવો લેંઘો-બુશકોટ પહેરેલાં હતાં. ડૉક્ટરસાહેબ પાસે બેસીને એને ગોઠણ સુધીનો લેંઘો ઊંચો કર્યો. ડામર રોડના થર જેવા કાળા ભમર મોવાળાની નીચેનો આખો દર્દીનો પગ લીલો થઈ ગયો હતો. દર્દી કહે, સાહેબ કાંઈ સમજાતું નથી. આ પગ લીલો પડવા માંડ્યો છે. ડૉક્ટરે આડાઅવળા સરકારી ઘણા સવાલો પૂછ્યા. કાલે શું ખાધું'તું? કુટુંબમાં કોઈને આવું થયું છે? દર્દી કહે, ના સાહેબ, આખા કુટુંબની આંખ્યું લાલ થાય છે, પણ પગ તો મારો જ લીલો થાય છે.

મને પણ જાણવામાં રસ પડ્યો એટલે હુંય ડૉક્ટરની ચેમ્બરમાં જ ચીપકેલો રહ્યો. વીસ મિનિટ સુધી ડૉક્ટરસાહેબે પગનું બારીકાઈથી નિરીક્ષણ કર્યા બાદ કહ્યું કે ભાઈ, તમને ગેંગ્રીન થઈ ગયું છે. આ પગ ગોઠણ સુધી આજે જ કપાવી નાખો નહીંતર આખો પગ કાપવો પડશે. દર્દીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મને પણ પરસેવો વળી ગયો સાલા કેવા જમાનામાં જીવી રહ્યા છીએ? આપણી સાથે રોગ પણ અપડેટ થવા લાગ્યા છે.

દર્દીને પણ સમજાઈ ગયું કે 'ગેંગ્રીન' નામ છે એટલે પગ ગ્રીન થતા જ હશે અને કપાતા જ હશે. એણ ભારે હૈયે ડૉક્ટરને પણ કાપવાની પરમિશન આપી અને આ ડૉક્ટરની આખી નાતને જ 'કાપતા' આવડે છે એવું તો હજી રાજકારણીઓ શીખ્યા પણ નથી.

તમને સાદી શરદી થઈ હોય તોય ડૉક્ટર તમારાં બ્લડ અને યુરિન ટેસ્ટ કરાવવા માટેનું ફરફરિયું આપશે ને વળી 'ફલાણી લૅબોરેટરી'માં જ આ ટેસ્ટ કરાવજો એવો આગ્રહ રાખે છે. ક્યારેક સર્વે કરજો કે ઈ લૅબોરેટરી કાં તો ડૉક્ટરસાહેબના બટકી ગયેલા સાળાની હશે અથવા તો એમાં એક પેશન્ટ પર ડૉક્ટરસાહેબને અમુક ફદિયાં મળતાં હશે. આઈ બાત સમજમેં?

તો વળી દવા લખ્યા પછી પણ આ 'ઢીંકણા' મેડિકલ સ્ટોરમાંથી જ દવા લેજો એવો આગ્રહ ઘણાં ડૉક્ટર રાખે છે. એનું પોટિલિક્સ (સૉરી પોલિટિક્સ) પણ તમને

સમજાઈ જ ગયું હશે?

મેડિકલની લાઇનમાં કેવું દલદલ ચાલે છે ઈ ચેક કરવું હોય તો એક ટ્રાય કરજો. માત્ર શરદી-ઉધરસની દવા લેવા જુદા જુદા દસ ડૉક્ટરોને મળજો. બધાનાં પ્રિસ્ક્રિપ્શન ચેક કરજો અને સરખાવજો. દસમાંથી આઠની દવા જુદી જુદી કંપનીની લખેલી નીકળશે, કારણ તો ક્યે કીટાણુ. આપણે ઘણી વાર દવાખાને જઈએ છીએ ત્યારે આપણી સાથે ઘણી વાર બાજુમાં જ ટાઈ પહેરેલા ઈસ્ત્રીટાઇટ શર્ટમાં એક જ સાઇઝનો ભૂરો કે કાળો થેલો લઈને એક ભાઈ કલાકથી બેઠા હોય છે. જેને જગત 'M.R. ' (મેડિકલ રિપ્રેઝન્ટેટિવ) કહે છે. હું એને 'માથાફરેલ રખડુઓ' કહું છું. જેને સૌની છેલ્લે માત્ર પાંચ મિનિટ માટે જ ડૉક્ટર પોતાની ચેમ્બરમાં બોલાવે છે. જે ટાઈવાળા ભાઈ પોતાની નવી કંપનીની જૂની દવા સાથે ડૉક્ટરને થતો ફાયદો ડૉક્ટરને સમજાવી જાય છે, જેના લીધે એ દિવસથી ડૉક્ટરનાં તમામ પ્રિસ્ક્રિપ્શનમાં એ દવાનો 'ઉપાડ' થવા લાગે છે અને જેનો નફો ડૉક્ટરશ્રીના ખાતામાં રોકડો જમા થવા લાગે છે. ખેર, આપણી વાત હતી લીલા પગ ત્યાંથી ફરી ઉપાડું છું. ડૉક્ટરે ધડ દઈને દર્દીનો જીવતો લીલો પગ કાપી નાખ્યો. ત્રણ દિ'માં દર્દીને ઘરભેગો કરી દેવામાં આવ્યો. એક અઠવાડિયા પછી દર્દી પાછો એ જ સ્ટ્રેચર પર આવ્યો. જોગાનુજોગ હું પણ ડૉક્ટરની જ ચેમ્બરમાં હતો. દર્દીએ રોતાં રોતાં ડૉક્ટરને કહ્યું કે સાહેબ, એક પગ તમે કાપ્યો પણ હવે બીજો પગ પણ લીલો થાય છે. મારું હૃદય બે ધબકારા ચૂકી ગયું. ડૉક્ટરે ફરી બીજો પગ તપાસ્યો. ફરી વીસ મિનિટ પછી કહ્યું કે સૉરી ભઈલા, આ ગેંગ્રીન નથી, પરંતુ તમે જે લીલા કલરની લુંગી પહેરો છો એનો કલર જાય છે. આ લે લે!

તમારો પગ મારા લીધે નહીં તમારી લુંગીને લીધે કપાણો છે. સૉરી. આ જવાબ સાંભળીને મને તો સમાધિ લેવાનું મન થયું કે એક લીલી લુંગી એક માણસનો પગ ભરખી ગઈ! હાય હાય! મેં એક કવિ તરીકે લુંગીનો જ ઊધડો લીધો કે શરમ નથી આવતી સાલ્લી નપાવટ લુંગી, તારા માલિકનો પગ ભરખી ગઈ?

ત્યારે લુંગીએ મોઢામોઢ મને પોતાનું આત્મકથન સંભળાવ્યું! તમારે સાંભળવું છે? આવતા અંકે... (ક્રમશ:)

હાઉકલી

વ્રતના વાર રહેવા કરતાં, વહેવારમાં રહેતા શીખવું.

- કવિ મણિભાઈ કપુરિયા, (સરપદડ)

એક લુંગીની આત્મકથા

એક લુંગી મને કહી રહી છે કે સાંઈરામ, હું એક કોટનની કલરફૂલ લુંગી છું. જન્મથી જ હું મારું નામ પાડનાર ફઈબાને શોધી રહી છું કે આજીવન પુરુષો માટે જ સર્જાણી હોવા છતાં સાવ સ્રીલિંગ જેવું 'લુંગી' નામ શા માટે પાડ્યું હશે?

મારો જન્મ મૂળભૂત રીતે પંજાબમાં થયો હોવાનું મનાય છે, કારણ કે ત્યાંના ભાંગડા નૃત્યમાં મને બહુમૂલ્ય સ્થાન અપાયું છે. જેના પરથી હું સમગ્ર ભારતમાં ઊતરીને વિસ્તરી છું. સ્કૂલ-કૉલેજોના વાર્ષિકોત્સવોમાં 'ભાંગડા'ની ફીલ આપવા માટે અનેક વિદ્યાર્થીઓ મને પહેરે છે. આવી રીતે હું વિદ્યાર્થીકાળ દરમ્યાન જૂવાનિયાવ'ના જીવનમાં એન્ટ્રી લઉં છું.

મારો કાયમી વસવાટ બૉય્ઝ હૉસ્ટેલો અને હીરાના કારખાનાંઓ છે. અમુક લુંગીપ્રેમીઓએ અઢાર અઢાર કલાક મને ધારણ કરીને મારું મહાત્મય વધાર્યું છે. મનમોહક રંગો ધરાવતી હોવા છતાં મને કોઈ ઈસ્ત્રી કરીને પહેરતું નથી એનો મને રંજ છે. મોટાભાગે મારી ઉપર ગંજી જ પહેરવામાં આવે છે અને એ પણ કાણાવાળું જ...!

પહેલીવાર મને પહેરનારાઓ આત્મવિશ્વાસની ઓછપને ખચકાવીને ગાંઠ બાંધીને જ પહેરે છે જેના લીધે ઘણીવાર કમર પર ચાંઠા પણ હું પાડી દઉં છું. સમય જતાં સહજ અને સરળ હોવાથી મારા લુંગીભક્તો મને માત્ર ઘડી પાડીને વળ ચળાવી દ્યે છે. હું મારા માલિકને સદૈવ સુખ દેવા માટે જ જન્મેલી છું. હું મારા ઉપભોકતાની કઈડથી ક્યારેય માલિકની મહેચ્છા વગર સરકતી નથી. ઇતિહાસમાં ઈસવીસન પૂર્વે એવા ઘણા કિસ્સાઓ પ્રસિદ્ધ છે કે ક્યારેક મારા ધારકની પાછળ શેરીના ખહુરિયા શ્વાનની આખી નાત આદુ ખાઈને પડી હોય તોય હું ગોઠણની નીચેથી ફાટી ગઈ છું પણ કમરથી ઊતરી નથી. વળી મારા ફાટેલા અડધા અંગો પણ તમારા ઘરના કચરા પોતા અને ગાડી સાફ કરવાના ગાભા બન્યા છે. મારી આ સ્વામીભક્તિ અને વફાદારીને લીધે જ મને મારા ભકતોએ આજીવન પોતાના શયનખંડમાં સ્થાન આપ્યું છે.

મોટાભાગે હું બાથરૂમની ખીંટી પર ટીંગાયેલી અને ચોળાયેલી હાલતમાં જ જોવા મળું છું. મારી સ્વામીભક્તિનો વધુ એક નમૂનો કે સિગારેટ કે બીડી પીનારા મારા 'લુંગી ફેન્સ'ના કેટલાય સળગતા તીખારા મેં મૂંગા મોઢે રહ્યા છે. મારા અંગમાં ઘણીવાર તો વાંસળી જેટલાં કાણાં પડી જાય છે તોય કોઈ કાનુડો મારી કિંમત કરતો નથી. તો વળી પાન, ફાકી અને ગુટકાના એટલા ડાઘ મેં સહન કર્યા છે કે ન પૂછો વાત.

ઘણીવાર તો મારા માલિકને હાથરૂમાલની ફ્રી સર્વિસ બોનસમાં આપું છું. જો કે દિનપ્રતિદિન મારી આટલી ઉદારતાને લીધે જ મારું આયુષ્ય ઘટતું જાય છે. આ બરમુંડો (ચડો) અને નાઇટડ્રેસ મારા જાની દુશ્મનો છે. (આ વાક્ય 'જાની' અટકવાળાઓએ સિરિયસલી ન લેવું.) થોડી પારદર્શક છું એ મારો વાંક નથી વિશેષતા છે. યાદ રાખજો મારી જેટલી હળવાશ-મોકળાશ અને હવા ઉજાસ તમને અમેરિકાના બરમુંડા કે યુરોપના

નાઈટડ્રેસમાં પણ નહીં મળે.

મારો એક નાનો ભાઈ દક્ષિણમાં ‘સફેદ લુંગી’ નામે જન્મેલો છે. પરંતુ અમે કુંભના મેળામાં છૂટા પડ્યા પછી આજ સુધી મળ્યા નથી. મેં ઉત્તરનાં રાજ્યો સર કર્યાં અને નાના ભાઈએ દક્ષિણમાં ખૂબ આદરપૂર્વક સ્થાન જમાવ્યું. દેવગૌડા-ચિંદમ્બરમ્ કે કરુણાનિધી જેવી કેટલીય વ્યક્તિઓને મેં માત્ર ‘લુંગીધારી’ હોવાને લીધે સત્તાના સર્વોચ્ચ સ્થાને બેસાડ્યા છે.

બોલીવુડ સાથે મારે ઘણો તાલમેલ છે. કુંવારા બાપ અને પડોશનમાં મહેમુદની લુંગી યાદ છે? અગ્નિપથમાં મિથુન ઉર્ફે ક્રિશ્નન અય્યર યમ્મ ય... નારીયલ પાનીવાલા...ની લુંગીને તમે કેમ ભૂલી શકો? તો ઇંદ્ર(ધ ટાઈગર)માં ચિરંજીવની લુંગી તો દેશપ્રેમીમાં અમિતાભ બચ્ચનનું લુંગી સાથે ગીત હજી લોકો વાગોળે છે.

તાજેતરમાં જ શાહરુખખાને ચૈન્નૈ એક્સપ્રેસ ફિલ્મમાં ‘લુંગી ડાન્સ’ બનાવી મારું રાષ્ટ્રગીત જેવું સન્માન કર્યું છે – જેના પરિપાક રૂપે મેં એ ફિલ્મને ત્રણસો કરોડનો વકરો કરાવ્યો છે. વળી કેટલીય ફિલ્મોમાં મુખ્ય વિલનના સાગરિતો ઝાઝા ભાગે લુંગી પહેરીને કે દારૂ પીતા દેખાડવામાં આવે છે. તો ટ્રક ડ્રાઇવરોની આખી નાતે તો મને પહેરવેશ જેવો દરજ્જો આપ્યો છે.

હાઉકલી

દુર્જનોની સક્રિયતા જેટલી જ
સજ્જનોની નિષ્ક્રિયતા જવાબદાર છે.

mastinapur@gmail.com
પર આવેલા સાંઈરામના સાચુકલા વાચકોના પ્રતિભાવો

મીરાં અનાજવાલા, સુરત

સાંઈરામભાઈ,

હું 'મસ્તીનાપુર' નિયમિતપણે વાંચું છું, હળવું વાંચન આવું જ હોય એમ દરેક કૉસમ વાંચીને લાગે; સાથે જ એમાં કંઈક જીવનદર્શન કરાવતી સારી વાત પણ છુપાયેલી હોય. આજે હાઇ-ટેક યુગમાં આપણી લોકસંસ્કૃતિની વિલાતી જતી સારી બાબતોને સુંદર રીતે રજૂ કરીને આપની કૉલમ મનોરંજન પૂરું પાડે છે. આપશ્રીને અમદાવાદમાં બુકફેરના ડાયરામાં પણ સાંભળેલા એટલે સાંભળવાની મજા વધારે જ આવે, પણ આપનાં લખાણો પણ એટલાં જ સારાં હોય છે.

આમ જ લખતા રહો ને લોકોને મનોરંજનની સાથે બોધપાઠ આપતા રહો એવી શુભેચ્છા.

વિપુલ આર. સોંદરવા, ઍડ્વોકેટ

પ્રિય સાંઈરામજી

હું તમારી સંદેશની બુધવારની પૂર્તિની કૉલમ 'મસ્તીનાં પુર' નિયમિત વાંચું છું. તમે ઘણું જ સારું અને રમૂજવૃત્તિવાળું લખો છો, જે ખરેખર 'સ્ટ્રેશ ફ્રી' કરી આપે છે. તમારી કૉલમ વાંચવા માટે બુધવારની રીતસર રાહ જોવી પડે છે. આ ફક્ત કરવા પૂરતા વખાણ નથી, સત્ય છે. તમારી છેલ્લી તા. ૬ ઑગસ્ટની બુધવારની કૉલમ ઘણી જ સારી છે. તમારો અમારે અહીં રાજકોટનો 'ઇનોવેટીવ પેઇન્ટ્રસ'વાળાઓએ કરેલ સ્ટેજ પ્રોગ્રામમાં હું હાજર હતો. તેમાં તમે શું પેલું 'મારું મન મોર બની થનગનાટ કરે' ગીત ગાયું હતું, આહાહા... મેં હજી મારા ફોનમાં તેની જ રિંગટોન રાખી છે. તે પ્રોગામમાં ભારે મોજ આવી ગઈ હતી હો. તમારી ઇ માતાજીની સ્તુતિ ઇ પણ 100% મન અને દિલ બંને જીતી જાય એવી હતી. તમે આવું જ સારું અને લોકોને હસાવનારું લખતા રહો તેવી મારી શુભેચ્છા.

< dsanghani**11111**@gmail.com >

Tame je ardhsaptahik ma sagai mate lakhel che te sav khotu che ok

---

Jayesh Shah < jbabylon**1**@aol.com >

Nice article about gharvari bajuvari.

---

urzaelectricals@yahoo.co.in
Dear Sairamji

Maja avi gai kahevatonu to kahevu pade ho bhai. waiting for next eagerly

---

Vishal Detroja < detrojavishal**007**@gmail.com >

Hello sir... Just read your masti na pur...Ruku, hidu, bhimu, dhatu...:):) hahaha awesome!! By the way tamne su kahe **6??** Sai**??** K ramu**??** Hahaha

---

vce Gauchar-na-Mu

< gauchar-na-mu.vce.kapadvanj.kheda@egram.co.in >

mastina pur mo santo ane sunny leone vishe lekhe gamyo

GAMIT AMRUT < gamitamrut**25**@gmail.com >

ha...ame desh na sara bhavishy mate sara umedvar ne vote karishu...

N.C.MAKWANA ZANZMER < ncmakwanazanzmer@yahoo.com >

Bhajiya and chand mast hatu ho...

Gatu Chaudhari < vaichaku@gmail.com >

આ બોર્ડની પરીક્ષાવાળા તમારા લેખમાં તો મઝા આવી ગઈ. આવતા લેખમાં કોઈ તમારી નવી મોબાઇલની નવી સ્કીમ આવી હોય તો જણાવજો.

N.C.MAKWANA ZANZMER

Ekrar Dhile Hone Se Hath pile keise ho jate hai?

Bharat S. Thakor < bsthakor**25**@gmail.com >

Hello

Nath, swami, dhni Pati, Var & Sevak Amathi aapde ekey ma aavta nhti, Kem ke Boss aapda lagan kya thaya se. Aato tame mail karva tu etle kari Nakhyo Aa le le

---

Kanti Savaliya < klalsavaliya@gmail.com >

sai, I am 90% Nath. What is your categary? - Kantilal teacher.

Mali Vikram < malivikram**1990**@gmail.com >

Good morning sir, tame je sandesh news paper mo “mastina pur” arthsaptahik mo lekha aave 6, te khuj saras hoy 6, hu last 14 month thi cont. Reading kru 6u, thanks.

Avnil Thakar < avnilthakarsmarty@gmail.com >

tamaro aaj no lekh bahu gamyo pan tame gujrati pati devo bhuli gaya chalo huj gujrati pati devo nu vivren kari lau aam to gujrati pati patidevo na 5 bhag 6e

1. uttar gujrati patidev
2. daxin gujrati patidev
3. saurashtr na pati dev
4. amdava di pati
5. ka6i pati dev

ahiya daxin tatha ka6i pati devo ni jankari na hovati baki na 3 j karel 6e luttar gujrati pati dev aam to teo pan patni thi darta hoy 6e pan na darva no abhinay kare 6e patni pan samju hoy 6e tatha te pan jaher ma nahi pan khangi ma tem ne methi pak khavdave 6e aa pati devo bahar pan setting kare 6e ane potana mate musibat vohre 6e3saurashtrian pati devo pati devo complet indian pati devo na jem hoy 6e. bilkul chup chap. mama saurashtra ma rahya ane tyaj paranya hova thi mane khabar 4amdavadi pati sauthi honshiyar aa pati dev bahar jo setting karva nu vichare to tem ni patnio kacheri ane 6elle smashan na setting kari aape aa patidev europian jevaj hoy 6e khali girl friend ni jagiyae secretary thi kam che lave 6e 6ene mara ma pan hasy writter banvana gun u r my favorite comedy writter.

Dhimant Mehta < urzaelectricals@yahoo.co.in >

Namaskar sairam ji

patidevona prakar vanchine khubaj anand thayo chhe. lakhata raho, dhanyavad.

Bhavesh Patel < pateI22bhavesh@gmail.com >

Sairambhai tame patigayela patidevo na badle pati gayela shikshko na taital valo lekh komarshiyal shikshk and. Haunted shikshk.

Dr. Jalpa Chavda < dr.jalpac@gmail.com >

Hello sir, tame j aje masti na pur ma je lekh iakhyo che a khub j saras che. Hu niyamit rite tamara lekh vanchu chu. mane khub game che. tame j gujrati ucchar lakhochi a pane bau game che. Jemke gamthi bhashe tame lakho cho a.

---

urzaelectricais@yahoo.co.in

adhar card, sholey ane velentinena sagmte abhinandan. dear sairam ji

kavioni kalmethi janme chhe rasvanti rachanao aparmpar avi tamari kalamne varnagi velena... tai...ne... pyarrrrrrrrrrrr.........

Ho raj tame lakhata rejo manaraj

ho raj tamne ghani khamma kavi raj

Devani Pratik < pratikdevani3@gmail.com >

i like u column i read every wed.

Gatu Chaudhari < vaichaku@gmail.com >

Sai ram ne mara pranam

Mane pelu scean no-2 samjatu nathi aa Hamna to K.B.C. ma aapna viru j chance apavi sake tem 6e.to su 2030 na K.B.C. ma su thakur aavi jase. Bhai bhai

Dhruv Kiri < dhruvkiri34@gmail.com >

sir, I am an engineering student, i read your article in sandesh news paper about sholey...

it was totally incredible... There is word “sanday” in it. What does it mean?

Dipak_Solanki < dipak_soianki43@yahoo.com >

GOOD MORNING SIR

I AM A HARDCORE FAN OF YOU AND I WANT TO SEE A TV SHOW OF YOU LIKE “MASTI PUR WITH SAIRAM”

Jalay Patel < jalaypatel@rocketmail.com >

Namaskar Sai,

Aasha rakhu chu k moj haso ane aju-baju wala ne pan moj karavta haso. (:D Tamne ghana samay thi ‘mastinapur’ ma vanchto avyo chu. Dar vakhate tame koi gambhir mudda ne halvi ramuj ane dhardar kataksh sathe razu karo cho e tamaro andaaz bau game Che.:)

Aje aa e-mail karvanu karan e k aa vakhte tamari vaat haiya ma ghar kari gai. Welding ni season ma tame reception nu evu te menu pirsyu ke dharavatu j nathi.:P

“Parantu dikra ni vahu e ‘PUTRAVADHU’ ye baat kuch hazam nahi hui” walo muddo tame vishay ma barabbbar pakdyo.

WAH SAIRAM WAH! Kabiledad rajuaat! Hu jo nawab parivar nu safarjan hot to tamne dahegam taluka na choryaasi gamda bhet ma api det. (:P Antar ma valopat karti vat ne jane tame vaani api didhi.:) Gamyu... khub gamyu! Bijo je ghorbapa no muddo upadyo e pan sarahniy che.

Bas amaj lakhta raho evi antar thi duaa. Shubh ratri.

Saumil Akhani < jigsaumil@yahoo.com >

Tamara lekh vachavani khare-khar maja ave 6e karanke darek lekh ma tame vastvikata nu observation tamari bhasha ma dhardar ane ramuji rite raju karo 6o. Tena mate mane aapana mate ghanu maan 6e, to lakhata rahejo & hasavata rahejo bas... Mara hraday purvak namaskar.

< gaurang**1808**@gmail.com >

Ur todays mastinapur or babagiri is fine, i like it, i will wait for next wednesday.